કિં. ₹૨૦/-
પાના નં.૧

એપ્રિલ-મે
૨૦૧૯

સળંગ અંકઃ ૮૧
વર્ષ : ૧૪

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કઠ્ઠ

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID



## ગુલાબી પ્રભાત...
## અષાઢનાં એંધાણ

અક્ષય તૃતીયા...૬ | માતાના મઢ- જ્ઞાતિવાડીનું નવ નિર્માણ...૧૧ | કેન્સર જાગૃતિ કેમ્પ- અમદાવાદ...૧૨ | સમય- માત્ર મારા માટે જ...૩૭

Bhartbhai Soni | Bhaumik Soni | Nishant Soni

The original ™ Since 1973

# Shree Ambica Touch

Gold Testing Lab. | Bullion | Refiners

## Now we are NABL Accredited Lab. (Indian Gov. Approved)

**Special Services Available**

Manual Gold Testing Lab. | Computerized Gold Testing Lab.
Fire Assay Gold Testing Lab. | Gold Bullion (Online Gold Rate)
Gold Melting & Refining Services | Gold Bar Making Service

આપનાં સોનાની સામે ૯૯.૯૦% ની શુધ્ધતા વાળા ગોલ્ડબાર દરેક સાઈઝમાં ઉપલબ્ધ રહેશે.




"Gold Bars with Security Code"

"Bhaumik Jewellers"

First Ever in Gujarat - Online Gold Booking / Live Rate from Website & Mobile App

www.shreeambicabullion.com

Available on the App Store | App Store

We Provide "POWDER FREE" 99.90% Purity Reg. Gold Bars

C. G. Road (079) 26461281 | Satellite (079) 26751281 | Vaadaj (079) 27642281 | Manekchowk (079) 22153581

**Corporate Office:** GF-01, Gold Souk Complex, B/h. Sapphire Tower, Nr. Iscon Arcade, C.G. Road, Ahmedabad-6, Gujarat. **Phone:** 26461281, 30001281 | **Help Line No.: 94287 39422**

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૪ ● અંક : ૨

એપ્રિલ / મે - ૨૦૧૯

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**ડિઝાઈન / મુદ્રણ આયોજન**

જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬

**જ્ઞાતિ પ્રમુખ**

ગીરીશભાઈ સોની ૯૮૨૪૦ ૬૩૯૭૦

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

- **અમદાવાદ**
  નીલેશ રમેશભાઈ પોમલ ૯૪૨૮૧ ૧૬૧૪૧
- **ભુજ**
  મનોજભાઈ બારમેડા ૮૩૨૦૮ ૫૧૩૪૭
- **અંજાર**
  અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
- **નખત્રાણા**
  પ્રફુલભાઈ કંસારા (ઉદય સ્ટેશનરી)૯૮૭૯૧ ૨૨૨૬૫
- **માધાપર**
  હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪
- **સાબરકાંઠા**
  દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫
- **આદિપુર**
  સુનીલ સોલંકી ૯૯૨૫૪ ૭૬૮૯૧
- **ગાંધીધામ**
  કિશોર સોલંકી ૯૮૨૫૫ ૩૩૩૭૧
- **માંડવી**
  વિનોદભાઈ હેડાઉ ૯૮૯૮૮ ૩૧૫૨૦

**માનદ્ સંયોજક (ભુજ)**

સુરેશ બીજલાણી ૯૮૭૯૦ ૪૩૫૫૧

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

| | | |
|---|---|---|
| છુટક કિંમત | રૂા. | ૨૦/- |
| ત્રિ-વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| આજીવન (૧૫ વર્ષ) | રૂા. | ૧૫૦૦/- |



**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**


## તંત્રી સ્થાનેથી

*સામાજીક વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. સમયની સાથે પરિવર્તનોને સ્વીકારી પ્રગતિ કરતો સમાજ વિકાસ તરફ ગતિ કરતો રહે છે. સમાજનો વિકાસ પણ બહુઆયામી હોય છે. સમાજની સ્થાવર મિલ્કતો, સુવિધાપૂર્ણ ભવનનું નિર્માણ પણ વિકાસનો મહત્ત્વપૂર્ણ આયામ છે. આપણા સમાજે આ દિશામાં પણ મહત્ત્વની પ્રગતિ કરેલ છે. ગત વર્ષોમાં અંજાર મહાજનવાડીનું નવનિર્માણ તેનું ઉદાહરણ છે. હાલમાં સમાજના મહામંડળ દ્વારા માતાના મઢની સમાજવાડીના નવ નિર્માણનું ભગીરથ કાર્યનો પ્રારંભ કરવામાં આવેલ છે. સ્થાવર અસ્ક્યામતોનું નિર્માણ એ ભાવિ પેઢીને આપવામાં આવતો વારસો છે. આ સ્થળો કલા, સાંસ્કૃતિક, પ્રવાસ, સ્નેહ મિલન સહિતની વિવિધ પ્રવૃત્તિઓના કેન્દ્રબિંદુ બની રહે છે. મહા મંડળના પ્રથમ પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ સોનીના સ્વપ્ન સમાન આ કાર્યને સાકાર સ્વરૂપ આપવા વર્તમાન પ્રમુખ શ્રી ભરતભાઈ સોનીના નેજા હેઠળ થઈ રહેલ ભગીરથ કાર્યની સફળતા માટે જ્ઞાતિસેતુ પરિવાર તરફથી હાર્દિક શુભકામના.*

*સામાજીક વિકાસનું બીજું મહત્ત્વનું આયામ છે સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ. સમાજનો યુવા વર્ગ રોજગાર, વ્યવસાયીક કારકિર્દી ઉપરાંત શિક્ષણ, કલા, સાહિત્ય, રમતગમત સહિત તમામ ક્ષેત્રોમાં પ્રગતિ કરી શકે તે માટે તેમને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવાથી સર્વાંગી વિકાસ સાધી શકાય. આનંદની વાત એ છે કે વસ્તીની દૃષ્ટિએ નાના હોવા છતાં આપણા સમાજે હંમેશાં આ માટે હકારાત્મક અભિગમ અપનાવેલ છે. તેથી જ આજે સમાજના યુવા વર્ગ વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરી સમાજનું ગૌરવ વધારી રહ્યા છે. આપણા સમાજની એક ચૌદ વરસની દીકરી કુ. ચાહના બુધ્ધભટ્ટી આજે ટેનિસની રમતમાં ભારત દેશનું પ્રતિનિધિત્વ કરે છે.*

*સામાજીક વિકાસ હંમેશાં સર્વ સમાવેશી હોવો જોઈએ. સમાજના તમામ વર્ગો વિકાસના સહભાગી થાય તે જરૂરી છે. જ્ઞાતિસેતુના ગત અંક 'મહિલા વિશેષાંક' દ્વારા સમાજની મહિલાઓના સશક્તિકરણનો પરિચય સમગ્ર સમાજને થયો. આ વિશેષાંક માટે મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ 'જ્ઞાતિસેતુ'ને પ્રોત્સાહક પ્રતિભાવો આપેલ છે. જેનાથી સંતોષની લાગણી અનુભવાય છે.*

*વિશેષમાં આપણા ભુજ સમાજના નેતૃત્વની જવાબદારી યુવા શક્તિએ સંભાળી છે તે બદલ જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ સોની, યુવા મંડળના પ્રમુખ શ્રી ભાવેશભાઈ બગ્ગા તથા મહિલા મંડળના પ્રમુખ સુધાબેન બુધ્ધભટ્ટીને જ્ઞાતિસેતુ પરિવાર તરફથી હાર્દિક શુભ કામના.*

*'જ્ઞાતિ સેતુ' સમાજની વિકાસગાથાને છેલ્લા દોઢ દાયકાથી સતત પ્રકાશિત કરી સમાજની પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવાના ઉમદા કાર્યમાં સહભાગી બની રહેલ. જેનું 'સેતુ' પરિવારને ગૌરવ છે. અસ્તુ.*

**અતુલ સોની    મનુભાઇ કોટડિયા    હંસરાજ કંસારા**

# હિંદુઇઝમ – (૯)

પ્રેષક : તુલસીદાસ કંસારા

*ફેબ્રુઆરી - માર્ચ ૨૦૧૯ના અંકમાં આપણે હિંદુ ધર્મ વિશેના ૧૦ સવાલોના જવાબો રૂપે હિંદુ ધર્મને તેનું નામ કેવી રીતે મળ્યું, તેના સ્થાપક કોણ હતા, તેના કેટલા પુરાણો છે, તેની માન્યતાઓનું હાર્દ શું છે, તેના પવિત્ર ગ્રંથો કયા કયા છે, તે એકેશ્વરમાં માને છે કે અનેક, શું ભગવાન માનવ સ્વરૂપે આ પૃથ્વી પર અવતરે છે, જીવ, ઈશ્વર, માયા અને ભગવાન બાબતમાં સમયાંતરે થઈ ગયેલ અનેક વિચારકોની વિવિધ વિભાવનાઓ, તત્ત્વજ્ઞાન વિ. બાબતોની સમજ મેળવી. હવે, આગળ આ હપ્તામાં આપણે અન્ય પ્રશ્નો લઈશું.*

*સવાલ-૧૧ : જીવનનો અંતિમ ધ્યેય શું છે?*

*જવાબ* : જીવનનું કારણ અને લક્ષ્ય છે ભગવાનનો સાક્ષાત્કાર કરવો અથવા મોક્ષ મેળવવો. મોક્ષ એટલે આત્માની માયાના બંધનમાંથી મુક્તિ અને જન્મ મરણના ફેરામાંથી છુટકારો. વધારામાં 'ભક્તિ વેદાંત સંપ્રદાય' માને છે કે આ જગતમાં અથવા તો પ્રભુના સાનિધ્યમાં પ્રાપ્ત થતા પરમ આનંદના અનુભવનો સમાવેશ પણ મોક્ષમાં થાય છે. પરંતુ, 'કેવળ અદ્વૈત વેદાંત'ના અનુયાયીઓ માને છે કે આત્માનું પરમાત્મા સાથેનું મિલન એ જ મોક્ષ છે. જ્યારે ખરેખર આત્મા પોતે જ પરમાત્મા છે તેવું બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે છે.

*સવાલ-૧૨ : જીવનના ચાર પુરૂષાર્થો કયા છે?*

*જવાબ* : વ્યક્તિ માટે ચાર પુરૂષાર્થોમાં ધર્મ (સચ્ચાઇ, પવિત્ર કે ધાર્મિક કાર્ય), અર્થ (સાચા માર્ગે મેળવેલ સંપત્તિ), કર્મ (ધાર્મિક મર્યાદામાં રહીને પોતાની જાતીય તેમજ દુન્યવી ઇચ્છાઓ કે આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવી) અને મોક્ષ (દુન્યવી ઇચ્છાઓ તેમજ જન્મ મરણના ફેરામાંથી મુક્તિ)નો સમાવેશ થાય છે. મુક્ત આત્માને પરમાત્માના દિવ્ય આનંદની અનુભૂતિ થાય છે.

*સવાલ-૧૩ : કર્મ એટલે શું?*

*જવાબ* : કર્મ એટલે કાર્ય અથવા પ્રક્રિયા. કોઈ પણ માનસિક વિચાર, ભાવુક લાગણી કે શારીરિક ક્રિયાને કર્મ કહેવાય. કર્મ બંને છે. તે વ્યક્તિગત કાર્ય છે તેમજ બધા જ કાર્યો, જે આ જન્મમાં કરેલ હોય કે અગાઉના જન્મોમાં,તેનો સરવાળો છે. વધારામાં કર્મ એ કાર્ય અને પરિણામોનો વૈશ્વિક કાયદો છે. જોકે, ભગવાન દરેક કર્મોનો અંતિમ કર્તા છે, પરંતુ તેમણે માનવોને ઇચ્છા મુક્તિ આપેલ છે. માનવ સિવાયના અન્ય જીવો નૈતિક નિર્ણયો લઇ શકતા નથી. તેથી માત્ર તેમની જરૂરિયાત મુજબ વર્તે છે.

માનવીના સારા કામો તેને પાત્રતા કે લાયકાત અને સુખ આપે છે અને ખરાબ કામો પાપ અને દુઃખમાં પરિણમે છે. જે તે આજન્મ કે આવતા જન્મોમાં અનુભવે છે. દરેક આત્મા તેણે પૂર્વ જન્મોમાં કરેલા કર્મો પ્રમાણે અલગ અલગ જીવાત્મા તરીકે જન્મે છે. આવી રીતે પુનઃજન્મનો જીવાત્માનો સિદ્ધાંત અને કર્મનો સિદ્ધાંત એકબીજા સાથે સંકળાયેલ છે.

કર્મનો સિદ્ધાંત એટલે કાર્ય અને પરિણામનો સિદ્ધાંત સ્વયં સંચાલિત રીતે કામ નથી કરતો પરંતુ પરમાત્મા તેના પર દેખરેખ રાખે છે, તેના પર કાબૂ રાખે છે અને દરેકના કર્મોના પરિણામોના નિયંતા તેઓ જ છે.

*સવાલ-૧૪ : મૃત્યુ પછી જીવન અને પુનઃજન્મની હિંદુ વિભાવના શું છે?*

*જવાબ* : દેખીતી રીતે જ માનવોમાં જે રંગ, રૂપ, વર્ણ, દેખાવ, બુદ્ધિ, સામાજિક પરિસ્થિતિ અને નૈતિકતા તેમજ આધ્યાત્મિક વલણનો તફાવત નજરે ચઢે છે તે માટે કર્મનો સિદ્ધાંત જવાબદાર છે. આપણા ભૂતકાળના કર્મો આપણી વર્તમાનની પરિસ્થિતિ માટે કારણભૂત છે અને આપણા અત્યારના કર્મો આપણું ભવિષ્ય બનાવે છે.

એવા ઘણા દાખલાઓ જોવા મળે છે જેમાં લોકો તેમના અગાઉના જન્મોની વિગતો જાણતા હોય. નાની ઉંમરમાં દેખાતી અસાધારણ કુશળતા કે બુદ્ધિ, જેવી કે કોઈપણ જાતની પદ્ધતિસરની તાલીમ સિવાય, સંગીતના રાગો ગાવા, આખું પુસ્તક યાદ રાખવું, ગણિતના અઘરા કોયડાઓ ઉકેલવા, વગેરે. માત્ર ગયા જન્મોના વારસાને કારણે જ હોઈ શકે. દરેક વ્યક્તિ પોતાના કાર્યો માટે જવાબદાર છે અને પોતાના કર્મોના ફળ ચાખવા માટે તેને ફરી ફરીને જન્મો લેવા પડે છે.

પુનઃજન્મ આત્માની ઉત્તરોત્તર પ્રગતિ માટે જરૂરી છે. સંપૂર્ણતા અથવા તો સ્વયં સાક્ષાત્કાર કદાચ એક જ જન્મમાં મેળવી ન શકાય.

*સવાલ-૧૫ : હિંદુઓ શા માટે પવિત્ર છબીઓની અથવા તો મૂર્તિઓની પૂજા કરે છે?*

*જવાબ* : મોટાભાગની હિંદુ પરંપરાઓ અથવા સંપ્રદાયોમાં મૂર્તિપૂજા પરમાત્માને પૂજવાની સ્વીકૃત પદ્ધતિ છે. સદીઓથી શાસ્ત્રોમાં વર્ણવ્યા પ્રમાણે મૂર્તિપૂજા, પૂજા અર્ચના માટે ધ્યાન કેન્દ્રિત કરવામાં તેમજ પરમાત્માના સદ્‌ગુણોને યાદ કરવામાં મદદ કરે છે. જ્યારે મૂર્તિને વૈદિક મંત્રો દ્વારા પવિત્ર બનાવવાની વિધિ કરવામાં આવે છે ત્યારે એવું માનવામાં આવે છે કે હવે તેમાં ભગવાનનો વાસ થઈ ગયેલ છે. તે ઈશ્વર સ્વરૂપ થઈ ગયેલ છે. ત્યારબાદ તેની પૂજાને સીધી જ પોતાના માનેલ ભગવાનની પૂજા માનવામાં આવે છે.

ત્યારબાદ ભગવાનની મૂર્તિને કારણે ભક્તને પ્રેરણા મળે છે અને તે પ્રેમ, શ્રદ્ધા, માનવતા, આત્મનિરીક્ષણ, પશ્ચાતાપ, ભગવાનના ઐશ્વર્ય અને તેમના પ્રત્યે ઋણ સ્વીકાર ભાવ અનુભવે છે. પવિત્ર મૂર્તિના દર્શન કરીને તેમજ તેમની સામે ધ્યાન ધરીને ભક્ત દિવ્યતા અને શાંતિનો ભાવ પણ અનુભવે છે. પોતાની સામે જ દેખાતી મૂર્તિને સાક્ષાત ઈશ્વર સ્વરૂપ માનીને ભક્ત તેની પ્રાર્થના કરે છે તેમજ પોતાના સત્કર્મોના વિકાસ માટે બાધા - આખડી રાખે છે, માનતા માને છે.

*સવાલ-૧૬ : ઉત્પત્તિની હિંદુ વિભાવના શું છે?*

*જવાબ* : સમયની વર્તુળાકાર કલ્પના સાથે હિંદુધર્મ એવો વિચાર રજૂ કરે છે કે વાસ્તવિક દુનિયા એક જ વખતમાં ઉદ્‌ભવેલ નથી પરંતુ તે ઉદ્‌ભવ અને વિનાશની સતત ચાલતી પ્રક્રિયા છે. વધારામાં આપણી દુનિયા એ અગણિત આવી દુનિયાઓમાંની એક છે. પરમાત્મા વિવિધ સમયે તેને ઉત્પન્ન કરતા રહે છે અને તેનો વિનાશ કરતા રહે છે. ઉત્પત્તિની પ્રક્રિયા સતત બારીકાઈથી લઈને જથ્થાબંધ રીતે ચાલતી રહે છે અને વિનાશની ક્રિયા તેનાથી વિપરીત રીતે જથ્થાબંધથી છૂટક રીતે ચાલતી રહે છે.

*સવાલ-૧૭ : હિંદુઓ અન્ય ધર્મોને કેવી રીતે જુએ છે?*

*જવાબ* : હિંદુધર્મ પોતે જ વિવિધ સંપ્રદાયોની ભાતીગળ માન્યતાઓ અને પદ્ધતિઓનો બનેલો છે. જેમાં લોકો પોતપોતાના દેવોને ભજે છે, છતાં તેઓમાં એક પ્રકારની સંવાદિતતા અને એકતા છે. વિવિધ સંપ્રદાયો વચ્ચેની ચર્ચાઓ મોટેભાગે મૌખિક રહેલ છે અને ક્યારેક જ તે હિંસક ઝઘડામાં પરિણમેલ છે. આવું જ વલણ તેમના અન્ય ધર્મો સાથેના વ્યવહારોમાં લાગુ પડે છે.

હિંદુસ્તાનના સમગ્ર ઇતિહાસમાં પારસીઓ (ઝરથોસ્ટ્રીયનો), યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને મુસ્લિમો અહીં આવીને વસેલ છે અને તેમને તેમની શ્રદ્ધા મુજબ તેમના ધર્મની પ્રાર્થના તેમજ ધાર્મિક વિધિઓ કરવા માટેની સ્વતંત્રતા સાથે આદર પણ મળેલ છે. હિંદુધર્મ આંતર-ધર્મની સંવાદિતતામાં માને છે અને તેમના સામાન્ય સિદ્ધાંતો આધારિત દરેક ધાર્મિક માન્યતાઓની ઉજવણી દ્વારા તેમનો આદર કરે છે.

■ ***End Piece :***

*"I read Hinduism and realized that it is for the religion of all the world and all mankind. Hindutva will spread throughout Europe and in Europe, big thinkers of Hinduism will emerge. One day it will come that Hindus will be the real stimulus of the world."*

*(Source : https://www.altnews.in)*

*હિંદુ ધર્મને વાંચીને હું સમજ્યો અને જાણ્યું કે તે આખી દુનિયામાં સારીયે માનવતાનો ધર્મ છે. હિંદુત્વ આખા યુરોપ ખંડમાં ફેલાશે અને યુરોપમાંથી હિંદુત્વના મોટા વિચારકો સામે આવશે. એક દિવસ એવો આવશે કે હિંદુ જ દુનિયાની વાસ્તવિક ઉત્તેજના હશે.*

*(બર્ટ્રેન્ડ રસેલ - ૧૮૭૨-૧૯૭૦)*

# અક્ષય તૃતીયા (અખાત્રીજ)

સંકલન : મનુભાઇ કોટડિયા

**● સ્વયંસિદ્ધ મુહૂર્તવાળો શુભ મંગળ દિવસ :**

હિંદુ કેલેન્ડર ચાંદ્ર વર્ષીય કેલેન્ડર છે. (ખ્રિસ્તી કેલેન્ડર સૌર વર્ષીય કેલેન્ડર છે. એમાં સમયની ગણતરી સૂર્યની ગતિ પ્રમાણે થાય છે. જ્યારે હિંદુ કેલેન્ડર ચાંદ્ર વર્ષીય કેલેન્ડર છે. એમાં સમયની ગણતરી ચંદ્રની ગતિ પ્રમાણે થાય છે. સૌર વર્ષીય કેલેન્ડરમાં મહિનાઓના દિવસોની સંખ્યા ક્યારેક ૨૮ની, ક્યારેક ૨૯ની, ક્યારેક ૩૦ની તો ક્યારેક ૩૧ની આવતી હોય છે. એની જેમ આપણા ચાંદ્ર વર્ષીય કેલેન્ડરમાં પણ ક્યારેક તિથિઓનો ક્ષય (લોપ) થતો હોય છે તો ક્યારેક એ બેવડાતી હોય છે.) એ કેલેન્ડર પ્રમાણે વૈશાખ માસના શુક્લ (સુદ, અમલ) પક્ષની ત્રીજ એટલે 'અક્ષય તૃતીયા'નો અતિ શુભ દિવસ. સંસ્કૃત શબ્દ 'અક્ષય'નો ગુજરાતી ભાષામાં અપભ્રંશ થયો 'અખય' અને એનો પણ પાછો અપભ્રંશ થયો 'અખ્ય, અખા.' 'તૃતીયા'નો ગુજરાતી શબ્દ તો 'ત્રીજ' છે. આમ 'અક્ષય તૃતીયા'ને આપણે ગુજરાતીઓ 'અખા ત્રીજ'ના હુલામણા નામથી બોલાવતા થઈ ગયા. બાકી 'અખા' એ કોઈ વ્યક્તિવિશેષ કે પ્રસંગવિશેષ શબ્દ નથી, પણ ગુણવાચક શબ્દ છે. જેનો ક્યારેય ક્ષય (લોપ) ન થાય એવી ત્રીજ એટલે 'અખા ત્રીજ.' એકમાત્ર 'અક્ષય તૃતીયા'ની તિથિનો જ નામ પ્રમાણે ગુણ છે. એનો ક્યારેય ક્ષય થતો નથી કે એ ક્યારેય બેવડાતી નથી! 'અક્ષય તૃતીય'નો દિવસ પોતે જ પોતાનામાં એક સ્વયંસિદ્ધ મુહૂર્ત છે. એ દિવસ માટે શુભ મુહૂર્ત, શુભ ચોઘડિયું જોવાની કોઈ આવશ્યક્તા નથી હોતી. વર્ષમાં કેટલાક જ (સાડા ત્રણ) દિવસ એવા આવે છે જેમાં શુભ કાર્ય કરવાનો સમય જોવા માટે ચોઘડિયા જોવાની જરૂર રહેતી નથી. આવા વણજોયા મુહૂર્તના દિવસમાં અખા ત્રીજનો સમાવેશ થાય છે. આ દિવસે થતાં કામનો ક્યારેય ક્ષય થતો નથી. સામાન્ય રીતે અખાત્રીજે ખૂબ જ લગ્ન પ્રસંગ યોજવામાં આવતા હોય છે.

**● અપિંડક શ્રાદ્ધ માટેનો અતિ શ્રેષ્ઠ દિવસ :**

શાસ્ત્રવિદોની દૃષ્ટિએ અખા ત્રીજનું ખૂબ જ મહત્ત્વ છે. આ દિવસે અક્ષત્ એટલે કે તૂટ્યા વગરના આખા ચોખાથી ભગવાનનું પૂજન કરવામાં આવે છે. પૂજન ઉપરાંત જપ, હોમ, દાન અને પિતૃતર્પણનું આજના દિને વિશેષ મહત્ત્વ છે. આ દિવસે અપિંડક શ્રાદ્ધ કરવું જોઈએ. એ ન બની શકે તો તલ અર્પણ કરવું જોઈએ.

**● તલ અને જલ અર્પણનો તાત્ત્વિક - સાત્ત્વિક દિવસ :**

ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું છે કે આજના દિને કરવામાં આવેલું દાન અને હવનનો ક્ષય થતો નથી. દેવતા અને પિતૃને ઉદ્દેશીને આજના દિવસે જે કંઈ કર્મ કરવામાં આવે છે એ બધા જ અક્ષય એટલે કે અવિનાશી થાય છે. આજના દિવસે દેવતા અને પૂર્વજોને તલ અને જલ અર્પણ કરવા જોઈએ. તલ સાત્ત્વિકતાનું અને જલ શુદ્ધ ભાવનું પ્રતીક છે. તલ તર્પણ કરવાનો અર્થ છે દેવતાઓને તલના રૂપમાં કૃતજ્ઞતા અને શરણાગતિનો ભાવ અર્પણ કરવો. પ્રભુ પાસે તો બધું જ છે. તેથી તેમને આપણે શું અર્પણ કરી શકવાના હતા? પ્રભુ જ મારા દ્વારા બધું કરાવી રહ્યો છે એવો સાક્ષીભાવ રાખી દીનતાપૂર્વક તલનું તર્પણ કરવાથી આપણા અહંભાવનો નાશ થાય છે.

અક્ષય તૃતીયાના દિવસે બ્રહ્મા અને વિષ્ણુની મિશ્રિત લહેરો ઉચ્ચ દેવતાઓના લોકમાંથી અર્થાત્ સગુણલોકમાંથી પૃથ્વી પર આવે છે અને તેને કારણે પૃથ્વીની સાત્વિકતામાં વૃધ્ધિ થાય છે. તે સાત્વિકતાને ગ્રહણ કરવા માટે ભૂલોકના અનેક જીવ આ દિવસે પૃથ્વીની નજીક આવે છે. ભૂલોકના મોટાભાગના જીવ એ માનવોના પૂર્વજો હોય છે. પૂર્વજો પૃથ્વીની નજીક આવવાથી અખા ત્રીજને દિવસે માનવીને કષ્ટ થવાની સંભાવના રહે છે. માનવ પર પૂર્વજોનું ઋણ પણ મોટા પ્રમાણમાં રહેલું છે. માનવે તે ચૂકવવા માટે પ્રયત્નો કરવા જોઈએ. એટલા માટે અખા ત્રીજ પર પૂર્વજોને તલ અર્પણ કરવાની આવશ્યક્તા હોય છે.

તલમાં સાત્ત્વિકતા ગ્રહણ કરવાની અને રજ-તમ નષ્ટ કરવાની ક્ષમતા વધારે હોય છે. જ્યારે વ્યક્તિ ભક્તિભાવથી હવનમાં તલ અર્પણ કરે છે ત્યારે તરભાણામાં સૂક્ષ્મમાંથી પધારેલા પૂર્વજોના સૂક્ષ્મ દેહની સાત્વિકતા વધે છે અને આગળના લોકમાં જવા માટે આવશ્યક ઉર્જા તેમને પ્રાપ્ત થાય છે. જેના કારણે હવન કરનાર વ્યક્તિના પિતૃદોષ ઓછા થાય છે. પ્રામાણિકતાથી, મનથી તેમજ ભાવપૂર્ણ રીતે આજના દિવસે તલ તર્પણ કરવાથી દેવતા અને પૂર્વજ પ્રસન્ન થાય છે અને આશીર્વાદ આપે છે.

**● હળદર-કંકુની વિધિનો એટલે કે ગૌરી વિસર્જનનો દિવસ :**

સ્ત્રીઓ માટે અખા ત્રીજનો દિવસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે. ચૈત્ર મહિનામાં સ્થાપના કરેલા ચૈત્રગૌરીનું અખા ત્રીજને દિવસે વિસર્જન કરવાનું હોય છે. આ નિમિત્તે તેઓ ભેગા મળીને હળદર - કંકુના વિધિની પ્રથા ઉજવે છે. આ દિવસે ભગવાનને પલાળેલી ચણાની દાળ (મીઠું - મરી ભભરાવેલી) અને મીઠાઈનો ભોગ ધરાવવામાં આવે છે.

**● સત્પાત્રને દાન કરવાનો સોનેરી દિવસ :**

દાન કરવા માટે અક્ષય તૃતીયાને શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

આજના દિવસે તડકા સામે રક્ષણ કરે તેવી વસ્તુઓ જેવી કે છત્રી, ટોપી, ચંપલ વગેરે પણ દાનમાં અપાય છે. આ દિવસે આપેલા દાનનો કદી પણ ક્ષય થતો નથી. જ્યારે પુણ્યકર્મનું પ્રમાણ વધી જાય છે ત્યારે તે વ્યક્તિ દ્વારા પાછલા જીવન અથવા જન્મમાં થયેલા પાપકર્મ ક્ષીણ થાય છે અને તેના પુણ્યનો સંચય વધે છે. પુણ્યથી વ્યક્તિએ ઈશ્વરપ્રાપ્તિ કરવાની હોય છે. તેથી વ્યક્તિએ સત્પાત્રને આજના દિવસે અવશ્ય દાન કરવું જોઈએ. સત્પાત્રને દાન કરવાથી આધ્યાત્મિક ઉન્નતિ થાય છે અને વ્યક્તિ સ્વર્ગલોકથી પણ આગળના ઉચ્ચ લોકમાં જવાને સમર્થ બને છે.

- **મોંઘી વસ્તુઓની ખરીદી માટેનો માનીતો દિવસ :**

આપણા આખા દેશમાં અખા ત્રીજે લોકો પાગલ બનીને સોનું ખરીદવા દોટ મૂકતા હોય છે. પણ અખાત્રીજે સોનું ખરીદવા પાછળનું કોઈ ધાર્મિક તથ્ય નથી કે એનો ક્યાંય ઉલ્લેખ પણ નથી. સોનુ વેચનારા કોઇ ને કોઈ બહાનું / ગતકડું શોધી કાઢે છે. એવી પણ માન્યતા ઊભી કરવામાં આવે છે કે અખા ત્રીજે ખરીદેલું સોનું બેવડાય છે. એટલે કે એક વર્ષમાં બમણું થઈ શકે છે! ખેર, જે હોય તે, પણ આજના આધુનિક સમયમાં આપણા આવા અસામાન્ય શુભ દિવસના આગમનની જાણ તો આપણને મોટે ભાગે સોનાના દાગીના બનાવનારી કંપનીઓ કે એ દાગીનાનું વેચાણ કરતા શો રૂમો / દુકાનોની લલચામણી જાહેરાતો પ્રગટ થવા લાગે ત્યારે જ થતી હોય છે!! ખરેખર તો આપણે આવી કંપનીઓ અને શો રૂમ / દુકાનોનો આભાર માનવો જોઈએ કે જેઓ આપણને ઉત્સવની યાદ તો અપાવે છે! ભૂમિપૂજન, ઉદ્‌ઘાટન, વાહનની ખરીદી વગેરે આ દિવસે કરવામાં આવે છે.

- **આવા મહામૂલા 'અક્ષય તૃતીયા'ના દિવસે શું શું થયું છે એ જાણવું છે?**

★ ક્ષય રહિત બગવાન શ્રી વિષ્ણુ અક્ષય તૃતીયાએ અવતરિત થયા હતા. એટલે આજના દિવસનું નામ 'અક્ષય તૃતીયા' પડ્યું.

★ બ્રહ્માજીના પુત્ર અક્ષયકુમારનું અવતરણ પણ આજના દિવસે થયું હતું. એટલે'ય આજના દિવસનું નામ 'અક્ષય તૃતીયા' પડ્યું.

★ ચાર યુગોમાંથી બે યુગો – સતયુગ અને ત્રેતાયુગનો પ્રારંભ 'અક્ષય તૃતીયા' ના દિવસે થયો હતો.

★ ચાર યુગોમાંથી એક દ્વાપર યુગનું સમાપન 'અક્ષય તૃતીયા' ના દિવસે થયું હતું.

★ અખા ત્રીજ એટલે મહાલક્ષ્મી - સરસ્વતીના પૂજનનો શુભ દિવસ.

★ અન્નની દેવી અન્નપૂર્ણા માતાનો જન્મ 'અક્ષય તૃતીયા' ના દિવસે થયો હતો. એમના પાત્રમાં ક્યારેય અન્ન ખૂટતું નહીં એટલે પણ એમની જન્મતિથિ 'અક્ષય તૃતીયા' તરીકે ઓળખાઈ.

★ પતિત પાવની ગંગાજીનું સત્ય લોકમાંથી પૃથ્વી લોક (ધરતી) પર અવતરણ પણ 'અક્ષય તૃતીયા' ના દિવસે થયું હતું.

★ દેવોના દરબારમાં જેને ખજાનાનું રક્ષણ સોંપાયું હતું, તે રાવણના ઓરમાન (સાવકા) ભાઈ, કુબેર બંડારીને લક્ષ્મીજી પાસેથી કદી ખૂટે (ક્ષય થાય) નહીં એવા ધનના ખજાનાની પ્રાપ્તિ 'અક્ષય તૃતીયા' ના દિવસે થઈ હતી. એટલે પણ એ તિથિ 'અક્ષય તૃતીયા' તરીકે ઓળખાઈ.

★ ભગવાનના 'હયગ્રીવ' તેમજ 'નર-નારાયણ' અવતારો 'અક્ષય તૃતીયા' ના દિવસે પ્રગટ થયા હતા.

★ શ્રીવિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર સમા ભગવાન શ્રી પરશુરામજીનું પ્રાગટ્ય પણ 'અક્ષય તૃતીયા' ના દિવસે થયું હતું. તેઓ ક્ષય રહિત એટલે કે અજર અમર છે. એટલે પણ એમની પ્રાગટ્ય વિધિ 'અક્ષય તૃતીયા' તરીકે ઓળખાઈ.

★ દુષ્ટોથી સભર એવી કૌરવ સભામાં થયેલા રજઃસ્વલા મહારાણી દ્રૌપદીજીના ચીરહરણ પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણે અક્ષય તૃતીયાના દિવસે અંતરિક્ષમાંથી અક્ષય (ખૂટે નહીં એટલા) ચીર પૂરીને પોતાની પ્રિય સખીની લજ્જાની રક્ષા કરી હતી. એટલે પણ એ તિથિ 'અક્ષય તૃતીયા' તરીકે ઓળખાઈ.

★ મહાભારતના યુદ્ધની સમાપ્તિ 'અક્ષય તૃતીયા' ના દિવસે થઈ હતી.

★ શ્રીકૃષ્ણ અને એમના બાળ સખા સુદામાનું મિલન અનેક વર્ષો પછી દ્વારિકાના મહેલમાં અક્ષય તૃતીયાના દિવસે થયું હતું. અને એના પરિણામ સ્વરૂપે ભગવાને એક મુઠ્ઠી પૌંઆ આરોગીને સુદામાનું દીર્ઘ દારિદ્રય પણ આજના દિવસે જ ટાળ્યું હતું. ખૂટે નહીં એટલો વૈભવ દાનમાં આપ્યો હતો. એટલે પણ એ તિથિ 'અક્ષય તૃતીયા' તરીકે ઓળખાઈ.

★ સુપ્રસિદ્ધ 'ચાર ધામ' મંદિરના દ્વાર સ્થળોમાંના એક શ્રી બદ્રિનારાયણજી મંદિરના દ્વાર પણ 'અક્ષય તૃતીયા' ના દિવસે ખોલવામાં આવે છે.

★ વ્રજના વૃંદાવનમાં શ્રી બાંકે બિહારીજી પ્રભુના ચરણોના દર્શન આખા વર્ષમાં માત્ર 'અક્ષય તૃતીયા' ના જ દિવસે

થાય છે. અન્યથા આખા વર્ષ દરમિયાન ચરણોને વસ્ત્રથી ઢાંકી રાખવામાં આવે છે.

★ વ્રજ સ્થિત ગિરિરાજ શ્રીગોવર્ધન પર્વત પર શ્રી ગોવર્ધન નાથજીના નવા મોટા મંદિરનો શિલાન્યાસ વિધિ શ્રી મહાપ્રભુજીના હસ્તે વિ.સં. ૧૫૫૬ના વર્ષની અખા ત્રીજે થયો અને પૂરણમલ ક્ષત્રી તથા હિરામણી મિસ્ત્રી દ્વારા એ જ દિવસે મંદિરનો પાયો ખોદાયો હતો.

★ વ્રજ સ્થિત ગિરિરાજ શ્રી ગોવર્ધન પર્વત પર પૂરણમલ ક્ષત્રી દ્વારા ૨૦ વર્ષે ચણાઇ રહેલા નવા મોટા મંદિરમાં પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુ શ્રીગોવર્ધનનાથજીને શ્રી વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજીએ વિ.સં. ૧૫૭૬ના વર્ષના 'અક્ષય તૃતીયા'ના દિવસે જ બહુ ધામધૂમપૂર્વક પાટ બિરાજમાન કર્યા હતા. એ મંદિરમાં શ્રીજીબાવા દીર્ઘકાળ પર્યંત એટલે કે વિ.સં. ૧૭૨૫ના આસો સુદ-૧૫ના દિવસ સુધી (૧૪૯ વર્ષ ૫ માસ સુધી) બિરાજ્યા અને પછી મેવાડ તરફ પ્રયાણ આદર્યું હતું.

★ શ્રીમદ્ વલ્લભનંદનો શ્રીગોપીનાથજી પ્રભુચરણ દ્વારા પ્રસ્થાપિત અને શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુચરણ દ્વારા વિસ્તારિત શ્રીનાથજીના રાગ-ભોગ-શૃંગારની અંતર્ગત શ્રીપ્રભુને ગ્રીષ્મ ઋતુમાં શીતોપચારનો પ્રારંભ 'અક્ષય તૃતીયા' ના જ દિવસથી કરવામાં આવે છે.

★ ચંદનયાત્રા અને જલકુંભદાન 'અક્ષય તૃતીયા' ના દિવસના સવિશેષ મનોરથો છે.

★ જગન્નાથપુરી અને અમદાવાદમાં દર વર્ષે ભગવાન જગદીશજીની જે પ્રસિદ્ધ રથયાત્રા યોજાય છે એ રથના નિર્માણ કાર્યનો પણ 'અક્ષય તૃતીયા' ના જ દિવસે પ્રારંભ થતો હોય છે.

★ ૯૧ વર્ષ અગાઉ (એટલે કે ઈ.સ. ૧૯૨૮થી) વડોદરાના શ્રીમંત રાજવી શ્રી સયાજીરાવ ગાયકવાડે બરોડા સ્ટેટમાં શરૂ કરેલ ગણેશોત્સવની પરંપરા મુજબ આજના સમયમાં પણ ગાયકવાડ પરિવારના અંગત ગણપતિ બનાવવાની શરૂઆત દર વર્ષે અખાત્રીજે થાય છે. વડોદરાના વૈભવી રાજમહેલમાં (લક્ષ્મીવિલાસ પેલેસમાં) અખા ત્રીજના દિવસે ખેરના લાકડામાંથી બનેલા ગણપતિના પાટલાની શાસ્ત્રોક્ત વિધિથી પૂજા કરવામાં આવે છે. બાદમાં આ જ દિવસે આ પાટલો મૂર્તિકારના ઘેર આવે છે અને ત્યાં પણ ગણપતિ બનાવવાની માટી પાટલા પર મૂકીને પૂજા કરાય છે. વિધિ કર્યા બાદ અક્ષય તૃતીયાના જ દિવસે ગણેશોત્સવ માટે ગાયકનાડ પરિવારના ગણપતિ બનાવવાની શરૂઆત થાય છે.

જેમ મેઘ (વર્ષા)ની આખી ઋતુ (જૂનથી સપ્ટેમ્બર) આલ્હાદક અને કલ્યાણકારી હોય છે એમ અક્ષય તૃતીયાનો આખો દિવસ શુભ અને મંગળકારી હોય છે. આવી મતવાલી મસ્તીખોર ઋતુમાં કે આવા અલભ્ય અમૂલ્ય દિવસે જન્મેલી વ્યક્તિ સામાન્ય રીતે અસામાન્ય અને બડભાગી હોય છે. ભગવત્ - કૃપાપાત્ર હોય છે. તેથી આવી વ્યક્તિનો જો કોઈ પણ રૂપે આપણા જીવનમાં અનાયાસે જ પ્રવેશ થાય, સંપર્ક થાય કે સાથ મળે તો એને આપણા નસીબની બલિહારી જ સમજી લેવી! આવી વ્યક્તિને અધિક જતન કરીને જાળવવી જોઈએ. ખૂબ ખૂબ નિઃસ્વાર્થ પ્રેમ આપવો જોઈએ. અનેક રીતે પ્રસન્ન કરવી જોઈએ.

***સાભાર સ્વીકાર : "સત્સંગ" માસિક***

## ભીંજે મારું તનમનીયું

*અહો પહેલા વરસાદને*
*જાઉં વારી વારી રે*
*ભીંજે મારું તનમનીયું (૨)*

*આંગણીયે ઊભો પહેલો વરસાદ*
*ઓસરીએ કીધો રે મલકાટ*
*જાણે નાવલિયો ઊભો બારણીયે*
*ભીંજે મારું તનમનીયું (૨)*

*ઊભી રહી હું તો આંગણીયે*
*ને સોળે શણગાર મારા ભીંજે*
*મહીં નાચે રે ઉરનો મોરલીયો*
*ને ભીંજે મારું તનમનીયું (૨)*

*ઓલો મોરલો રીઝાવે જાણે ઢેલને*
*ભીંજે ધરતીને નભ કરે ગેલ રે*
*જાણે મોરપીંછ સ્પર્શે રે દેહને*
*ને ભીંજે મારું તનમનીયું (૨)*

*અંજલિએ સમાય નહીં જોને વરસાદ*
*ઝરણાં દોડે, દોડે નદીયું ને નાળ*
*આજ હરખેલું ગામ આખું ન્હાય રે*
*જાણે માથાબોળ નાહ્યું ઝાડ રે*
*ભીંજે મારું તનમનીયું (૨)*

**પુષ્પાબેન વૈદ્ય 'અમી'**

***સૌજન્ય : "કાવ્યસંગ્રહ ત્રિદલ"***

अनमोल ज्वेलर्स एवं रत्न केन्द्र

कौशिक के. कट्टा
जितेश (राजु) के. कट्टा

सभी राशियों के रत्नों व उपरत्न के
थोक एवं चिल्हर विक्रेता



सदर दाक्षिण रोड,
संगीत विद्यालय के सामने,
बुढ़ापारा, रायपुर-492001 छ.ग.
दूरभाष : 0771 223 5657
मो. : 94790 35657, 9827176512
Email : anmolkk9@gmail.com • www.anmolratna.net

INBORN
EXPLORE HIDDEN ABILITIES

**Dermatoglyphic Multiple Intelligence Test**

Discover inborn talent and abilities
Find Personality type and Quotient (IQ, EQ,AQ,CQ,SQ)
Find out Learning style, Type and more,
Helping in selection of Subject, Department and Career
Stress Management Tequniques
Many more aspect of Brain Development

**Seema Pomal**
Sr. Counsellor
Mbl.: +91 98244 53233

19, The Grand Monarch,
Nr. Seema Hall, 100ft Road,
Satellite - Ahmedabad
pomalseema@gmail.com

Deals in
Gold | Silver
Diamond Jewellery



Gopal Soni (M.A. Music)
Ph.: 276 39 69
Cell: 098222 26257

*New Darpan Jewellers*

Prabha Niwas, Subhash Putla,
Old Bhandara Road, Nagpur-440008
Email:gopalpsoni@gmail.com



916

હર્ષદભાઈ ૯૮૨૫૦ ૫૬૪૭૦
પંચમ ૯૯૨૫૬ ૩૯૬૭૦
હરકિશન ૯૪૨૭૨ ૭૨૮૮૦

શિલ્પ જ્વેલર્સ

સોના ચાંદી તથા ઝવેરાતના વેપારી
ગ્રહોની વીંટીના સ્પેશ્યાલિસ્ટ

૪૩, જ્યુબિલી કોલોની, વિજયનગર રોડ, ભુજ - કચ્છ. ૩૭૦ ૦૦૧
વર્કશોપ: ૭, ઝવેરી કોમ્પલેક્ષ, વાણિયાવાડ, ભુજ, કચ્છ. ૩૭૦ ૦૦૧

Vishal Pomal
B. Com., LL.B
9666664564

Manish Pomal
M.B.A. Gemologist
9701234526

Ashok Kumar & Sons
**JEWELLERS**

# 3-3-157/158, Subhas Road, Secunderabad-3
Off: 040-27812756, Email: aksjewel@gmail.com



Hitesh S. Pomal : 98791 22298
Nandish S. Pomal : 99242 19117

**M/s. Soni Ramniklal Nanalal**
*Retailer of Gold and Silver Ornaments*

Foram S. Pomal : 94280 33100
Showroom : 02836 246108

**M/s. Mahalaxmi Jewellers**
*Wholesale of Gold Ornaments*

Lalbahadur Shashtri Road, Anjar-Kutch-370110
Email: foramsoni2@gmail.com


**ભક્તિ નવ પ્રકારની છે:**
**શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન**

**ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર**
**હર્ષ, રિયા અને યશ ઠક્કર**

ઘર : ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૨૨૮૬ ૭૯૩૨


Arunbhai Soni
982424 14895
Riteshbhai Soni
90338 42533

02836 245572

BABUBHAI JEWELLERS
MANFARAWALA



*Manufacturers & Dealers of Gold & Silver Ornaments*

Lohar Chowk, 12 Mtr Road, Ganga Bazar, Anjar (Kutch)

નવિનભાઈ સોની મો. ૯૪૨૭૪ ૩૪૫૪૭
સોની દિપ નવિનભાઈ મો. ૯૬૬૨૯ ૫૭૫૭૩

916

## મે. સોની પરસોત્તમ રતનશી

સોના ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર

ગંગા બજાર, અંજાર (કચ્છ) - ૩૭૦ ૧૧૦
ફોન : ૦૨૮૩૬-૨૪૨૫૧૨

---

## PrabhuKrupa Jewellers

BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments

Symbol of Trust & Beauty

Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998

5, Srimadshikhar Complex, M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

---

Pinack. S. Halaie
99225 79995

Vipul. S. Halaie
94221 02427

## Macken Jeweller's
## Macken Gift
## Vipul Wooden Art.
(Govt. Contractor)

Abhyankar Road sitabuldi Nagpur

---

GULAB FILTERED GROUNDNUT OIL

Gujarat's Best Groundnut Oil




PANKAJ INDUSTRIES, KALUPUR, AHMEDABAD. TEL.: (079) 2213 1151, 9925125251

---

M : 09998694694
Email : gp_hirise@yahoo.co.in

*Er. Ghanshyam Soni*
B. E. Civil

Let's Live Better...

## HI-RISE CONSULTANT

- Architectural Designer
- Structure Designer
- Consulting Civil Engineer
- Approved Valuer

Office : f/4, AJANTA COMPLEX, B/H S.T. STATION, MODASA-383315 DIST SABARKANTHA (GUJ)

---

Kiranbhai Soni 94269 21470
Deven Soni 98253 74977

## Soni Kiran Kanjibhai

Manufacturer & Dealers of Gold & Silver Ornaments



916

Shivaji Road, Modh Faliya, Nr. Dr. Sorathiya,
Anjar - Kutch. Ph.: (R) 241070, 653628

---



## કંસારા નવનીતલાલ જગજીવનદાસ

સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

---

Cell: 98254 14935

Pravinchandra Choksi

## P Himatlal

Lagdi, Coins, Notes & 92.5 Silver Items

366/1 Ketarpal's Pole, Manek Chawk, Ahmedabad-1
Tel.: 079 2211 0540 | Email: p_himatlal5@yahoo.com

## અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

**શાંતિલાલ સોની**

# માતાના મઢમાં રૂપિયા સવા કરોડના ખર્ચે વાડીનું નવનિર્માણ કરાશે



શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા સમગ્ર દેશમાં વસતા સમાજના જ્ઞાતિજનો કચ્છની કુળદેવી આઈ શ્રી આશાપુરા માતાના જ્યાં બેસણા છે તેવા પવિત્ર તીર્થધામ માતાના મઢ મુકામે દર્શનાર્થે આવે ત્યારે તેમની સગવડ સચવાય એ આશય સાથે જ્ઞાતિની વર્તમાન સમાજવાડીનું અંદાજે રૂપિયા સવા કરોડના ખર્ચે નવીનીકરણ કરવાના કાર્ય માટે ચક્રો ગતિમાન થયા છે.

મહામંડળ દ્વારા હાથ ધરાનારા આ સમાજલક્ષી કાર્ય માટે સમગ્ર ભારતમાં વિવિધ સ્થળે વસતા કચ્છી મારૂ કંસારા સોની સમાજને ઘરે ઘરે નિમંત્રણ પાઠવવાનો તખ્તો ગોઠવાઈ ગયો છે. ભુજ, અંજાર, નખત્રાણા, પશ્ચિમ કચ્છ, ભચાઉ, માંડવી, અમદાવાદ, રાયપુર, મુંબઈ, સાબરકાંઠા, બનાસકાંઠા, ગાંધીનગર, સૌરાષ્ટ્ર વગેરે વિસ્તારોમાંથી સુંદર પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

મહામંડળના પ્રમુખ શ્રી ભરતભાઈ બી. બગ્ગાના જણાવ્યા અનુસાર આગામી ૩૦મી જૂનના રોજ નવનિર્મિત વાડીમાં ખાતમુહૂર્ત કરવામાં આવશે. અંજાર નિવાસી સ્વ. સોની પુરુષોત્તમ ધારશીભાઈ બીજલાનીના અથાક પ્રયત્નોથી બનાવાયેલી વાડીને આધુનિક સ્વરૂપ આપવા તેમની પાંચ પુત્રીઓ પુષ્પાબેન રસિકલાલ પોમલ, હંસાબેન ફૂલચંદભાઈ પોમલ, ડાહીબેન ભગતલાલભાઈ બારમેડા, કમળાબેન ચંદુભાઈ સોલંકી, શાંતાબેન અમૃતલાલ બારમેડા તથા મંગળાબેન મુકુંદલાલ ગુજરાતીના કરકમળોથી વાડીનું ખાતમુહૂર્ત કરાશે.

માતાના મઢની આ વાડી બે માળની બનાવાશે. જેમાં પ્રથમ તથા બીજા માળે એક એક હોલ, ચાર ચાર રૂમો, ઓફિસ ખંડ, રસોડું તથા ટોઈલેટ તેમજ ગ્રાઉન્ડ ફ્લોરમાં વ્યવસાયિક શોપનું નિર્માણ કરાશે. સમગ્ર દેશમાંથી વાડીના નિર્માણ માટે ભંડોળ એકત્રિત કરાશે. મહામંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો સહિત આ કામ માટે જહેમત લઈ રહ્યા છે. તો બીજી તરફ દાનની ગંગા વહાવવા માટે પૂછપરછનો દોર શરૂ થયો છે.

*ફૂંક મારીને દીવાને ઓલવી શકાય, અગરબત્તીને નહીં.*
*જે સુગંધ ફેલાવે છે તેને કોઈ ઓલવી શકતું નથી.*

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની મહિલા મંડળ - અમદાવાદ

અલ્પાબેન જયમીનભાઈ બારમેડા

### કેન્સર જાગૃતિ તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

હેલ્થ અવેરનેસ અને બ્લડ ડોનેશન સાથે વિદ્યાર્થીઓ તેમજ યુવાઓ માટે કાઉન્સેલિંગનો એક અનોખો કાર્યક્રમ સરકીટ હાઉસ - શાહીબાગ ખાતે તા. ૧૯-૫-૨૦૧૯ના રોજ સાંજે શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ - અમદાવાદ તથા યુવક મંડળ દ્વારા સંયુક્ત રીતે યોજવામાં આવ્યો હતો.





આ કાર્યક્રમમાં હેલ્થ અવેરનેસ બાબતમાં કેન્સર પ્રત્યે જાગૃતિ લાવવાના ઉદ્દેશ સાથે ગુજરાત કેન્સર સોસાયટી - વાસણા ખાતે છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત ડૉ. દર્શનાબેન ભુટાલાને આમંત્રિત કરવામાં આવેલ. જેમણે ખાસ કરીને ૩૦ વરસ ઉપરની બહેનોને સ્વ-નિરીક્ષણ દ્વારા તેમજ મેમોગ્રાફીથી કેન્સરની તપાસ કેવી રીતે થાય તેની માહિતી આપી હતી અને કેન્સર માટે ન્યુ ઇન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની પાસેથી સીંગલ પ્રીમિયમથી મળતા વીમાની સમજ પણ આપેલ હતી.

ડૉ. શ્રધ્ધાબેન બારમેડા (રાવલ) (M.D. Gynaecologist) હાલમાં તેઓ અમદાવાદમાં ડૉ. બાવીશીમાં પ્રેક્ટીસ કરે છે, તેઓએ મહિલાઓને થતા પ્રોબ્લેમ્સ વિશે માહિતગાર કર્યા તથા પ્રિકૉશન વિશેની માહિતી આપેલ અને જ્ઞાતિની મહિલાઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ખુલાસાપૂર્વક જવાબો આપીને તેના સોલ્યુશન પણ આપેલ.

ભુજથી આવીને અમદાવાદમાં કાઉન્સિલર તરીકે પ્રેક્ટીસ કરતા સીમાબેન પોમલે બાળકોના કેરિયર સંલગ્ન પ્રશ્નોના નિરાકરણ માટે DMIT વિશે માહિતી આપેલ. જેમાં આંગળાઓની છાપ પરથી દરેક વ્યક્તિના વ્યક્તિત્વના ખાસ પાસાઓનો અભ્યાસ કરી તેની વર્તણુંકના વલણ વિશે વાતચીત કરી માર્ગદર્શન આપેલ. આ વિજ્ઞાનને અંગ્રેજીમાં ડર્મેટોગ્લાયફિક્સ (Dermatoglyphics) કહેવામાં આવે છે. જ્ઞાતિના ભાઈ-બહેનોને પચાસ ટકા કન્સેશન આપી સેવા આપવા પ્રતિબદ્ધતા દર્શાવેલ.

કેન્સર હોસ્પિટલના સિવિલ હોસ્પિટલ કેમ્પસ - અસારવા, અમદાવાદમાં કાર્યરત શ્રીમતી વૈશાખી દીપેન સોની (સોલંકી) અને શ્રી દીપેન નરેન્દ્રભાઈ સોની (સોલંકી) – જેઓ ત્યાં મેડિકલ સ્કલ્પચર આર્ટીસ્ટ તરીકે સેવા આપે છે, તેમણે પોતાના કામ વિશે તેમજ કોઈપણ જ્ઞાતિ ભાઈ-બહેનને ક્યારેય પણ જરૂર પડે ત્યારે તેમને ત્યાં જરૂરી માર્ગદર્શન અને સેવા આપવા માટે તત્પરતા દર્શાવેલ.

જ્ઞાતિ મંડળ દ્વારા મેડિકલ એઈડ વિશે હાઉસ મેગેઝીનમાં ‘સેતુ’માં સતત લખાતું હોવાથી તે વિશે જાણતા એક દર્દીની સાથે કચ્છમાંથી આવેલ ભાઈએ શ્રી જયમીનભાઈની સી.જી. રોડ પર આવેલ દુકાને, એકાદ અઠવાડિયા પહેલા સંપર્ક કરેલ કારણકે તેમને હોસ્પિટલમાં દાખલ કરેલ. સાધારણ પરિસ્થિતિના દર્દીને બ્લડ આપવાની જરૂરિયાત ઊભી થયેલ, જેની વ્યવસ્થા તેમણે કરી આપેલ. આ બાબત ધ્યાનમાં રાખીને ઉપર્યુક્ત કાર્યક્રમ સાથે બ્લડ ડોનેશનનો કાર્યક્રમ પણ સાથે જ રાખવામાં આવેલ. જેમાં જ્ઞાતિના ભાઈ-બહેનોએ સારી એવી સંખ્યામાં બ્લડ ડોનેટ કરેલ.

આ પ્રોગ્રામના દાતા શ્રી તુલસીદાસભાઈ કંસારાનું સ્વાગત, પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડીને જ્ઞાતિ પ્રમુખ શ્રી ગીરીશભાઈ બારમેડા દ્વારા કરવામાં આવ્યું.

મનુભાઈ કોટડિયા, જયમીનભાઈ, યોગેશભાઈ, નીલેશભાઈ, અનીસભાઈ – દરેકના સાથ સહકારથી મહિલા મંડળ આ સેમિનાર સુપેરે પાર પાડી શક્યું. મહિલા મંડળના પ્રમુખ દ્વારા સર્વેનો આભાર માનવામાં આવેલ.

આ ત્રણેય કાર્યક્રમોનું સંચાલન મહિલા મંડળ, યુવક મંડળ અને કારોબારી સભ્યો દ્વારા કરવામાં આવેલ. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અલ્પાબેન જયમીનભાઈ બારમેડા અને દિતી ગીરીશભાઈ બારમેડાએ સફળતાપૂર્વક સંચાલન કરેલ અને અંતમાં આભારવિધિ શ્રીમતી શોભનાબેન ગીરીશભાઈ સોનીએ કરેલ. આ કાર્યક્રમમાં મહિલા મંડળની ત્રીસેક બહેનો તેમજ તેટલી જ સંખ્યામાં યુવાઓ અને જ્ઞાતિ મંડળના પ્રમુખ શ્રી ગીરીશભાઈ સોની તેમજ અન્ય હોદ્દેદારોએ ભાગ લીધેલ. સાંય ભોજન બાદ આશરે ચાર કલાકના આ કાર્યક્રમ પછી સર્વે છૂટા પડેલ.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

**મહેશભાઈ કંસારા - માનદ્ મંત્રી**


## નૂતન કારોબારીની રચના


શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજની સામાન્ય સભા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિનાં આરાધ્ય શ્રી કાલિકા માતાજીના મંદિર મધ્યે ગત તા. ૨૦-૦૪-૨૦૧૯ના રોજ મળેલ. ટ્રસ્ટનાં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૨ના ત્રિ-વર્ષીય કાર્યકાળ માટે ભુજ ટ્રસ્ટ તથા સમગ્ર મારૂ કંસારા સોની જ્ઞાતિ માટે આદરપાત્ર સન્માનનીય શ્રી ખેતશી ખેંગાર પરિવારના અને શ્રી પ્રભુદાસભાઈનાં પુત્ર શ્રી હિતેશભાઈની પ્રમુખપદે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ.


શ્રી હિતેશભાઈના પ્રમુખપદે કારોબારી રચવામાં આવેલ છે. જે અંતર્ગત બે ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી, સહ ખજાનચી ઉપરાંત પચ્ચીસ કારોબારી સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. તદુપરાંત જ્ઞાતિ ટ્રસ્ટનાં નેજા હેઠળની વિવિધ ૬ જેટલી પેટા સમિતિના હોદ્દેદારોની પણ નિમણુંક કરવામાં આવેલ છે. જે મુજબ ઉપપ્રમુખ પદે યુવક મંડળના પ્રમુખપદે રહી જ્ઞાતિમાં પ્રદાન આપનારા શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળા અને શ્રી અખિલ કચ્છ કેળવણી ફંડમાં ટ્રસ્ટી તરીકે કાર્યરત સક્રિય જ્ઞાતિ કાર્યકર શ્રી ધર્મેન્દ્રભાઈ ઓધવજીભાઈ બારમેડા, મંત્રીપદે સમગ્ર જ્ઞાતિમાં ૧૦૮નું બિરૂદ પામનારા અને મેડિકલ ક્ષેત્રે પ્રદાન આપનારા શ્રી મહેશભાઈ મોહનભાઈ ગુજરાતી (કંસારા), સહમંત્રી પદે જ્ઞાતિમાં ભુજ ઉપરાંત સમગ્ર જ્ઞાતિમાં શૈક્ષણિક ક્ષેત્રે વર્ષોથી કાર્યરત એવા શ્રી ચેતનભાઈ ઇશ્વરલાલ બારમેડા, ખજાનચી પદે અગાઉ પણ ખજાનચી તરીકે જ્ઞાતિના નાણાંકીય વહેવારને સુપેરે સંભાળનારા શ્રી હિતેશભાઈ ધીરજલાલ પોમલ અને સહ ખજાનચી પદે યુવક મંડળમાં સક્રિય ભૂમિકા નિભાવનારા શ્રી સંજીવભાઈ અરવિંદભાઈ બુધ્ધભટ્ટીની નિમણુંક કરવામાં આવેલ છે. તદુપરાંત મેડિકલ સમિતિનાં પ્રમુખપદે શ્રી મુકેશભાઈ લખમશીભાઈ બારમેડા, ડેવલપમેન્ટ એન્ડ મેઈન્ટેનન્સ કમિટીના પ્રમુખપદે શ્રી અશોકભાઈ જેન્તીલાલ બુધ્ધભટ્ટી, વાસણ અને વાડી સમિતિના પ્રમુખપદે શ્રી રાજેન્દ્રભાઈ વિશનજીભાઈ બુધ્ધભટ્ટી, કાયદાકીય સમિતિના પ્રમુખપદે શ્રી અરવિંદભાઈ કાંતિલાલ બારમેડાની નિમણુંક કરવામાં આવેલ છે. જ્ઞાતિના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે ગઠિત સમાધાન સમિતિનું સુકાન ખુદ પ્રમુખશ્રી હિતેશભાઈએ જ સ્વીકારેલ છે. તો શૈક્ષણિક અને સાંસ્કૃતિક સમિતિના વહીવટની જવાબદારી સહમંત્રી શ્રી ચેતનભાઈએ સ્વીકારેલ છે. જ્ઞાતિના વિકાસ કામોનો વર્ષોથી પાયો નાખનારા જ્ઞાતિ મોવડીઓને જ્ઞાતિનાં તમામ કાર્યોમાં કાયમી આમંત્રિત કરવામાં આવેલ છે. જેમાં શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી, શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી અને શ્રી પ્રદીપભાઈ જીવરામભાઈ બીજલાણીનો સમાવેશ કરવામાં આવેલ છે. તો જ્ઞાતિ ટ્રસ્ટના નેજા હેઠળ કાર્યરત મહિલા મંડળ અને યુવક મંડળના પ્રમુખ અને મંત્રીને પણ કાયમી આમંત્રિત સભ્યપદ આપવામાં આવેલ છે. શૈક્ષણિક કાયમી ફંડ સમિતિ અને મેડિકલ કાયમી ફંડ સમિતિના પ્રમુખ અને મંત્રીને કાયમી આમંત્રિત સભ્યપદ આપવામાં આવેલ છે.


અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમગ્ર કચ્છ અને ભારતના વિવિધ રાજ્યોમાંથી ભુજ મધ્યે સૌથી વધારે રહેણાંક ધરાવે છે. સોના-ચાંદી અને વાસણનાં પરંપરાગત વ્યવસાયની સાથોસાથ સમય મુજબ શૈક્ષણિક યોગ્યતા કેળવી સરકારી, અર્ધ સરકારી અને સ્વૈચ્છિક કંપનીઓમાં નોકરી અને અન્ય ક્ષેત્રોમાં સ્વતંત્ર વ્યવસાય તરફ પણ આગળ વધી રહેલ આ જ્ઞાતિ નવ-નિયુક્ત યુવા પ્રમુખ પાસે અનેકવિધ વિકાસલક્ષી કાર્યોની અપેક્ષા સેવી રહી છે ત્યારે માજીપ્રમુખ શ્રી જગદીશભાઇ ચૌહાણ અને તેમની સમગ્ર ટીમે નવ નિયુક્ત પ્રમુખને શુભેચ્છા પાઠવી આવકાર આપ્યો હતો.


સોના-ચાંદીના વ્યવસાયમાં સમગ્ર કચ્છમાં અગ્રગણ્ય નામના ધરાવતી પેઢીના સુપેરે સંચાલન કરતા અને બુલિયન મર્ચન્ટ એસોસિએશનમાં સક્રિય સભ્યપદની સાથે શ્રી ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટનાં માધ્યમે સામાજીક, શૈક્ષણિક અને આરોગ્યલક્ષી કાર્યો કરતાં શ્રી હિતેશભાઈએ સર્વે ઉપસ્થિત જ્ઞાતિજનોને યુવક મંડળ, મહિલા મંડળ, સત્સંગ મંડળ અને વિવિધ પેટા સમિતિ અને જ્ઞાતિ શ્રેષ્ઠીઓના સાથ-સહકાર સાથે જ્ઞાતિનાં તમામ પરંપરાગત કાર્યો ઉપરાંત શૈક્ષણિક, વ્યવસાયલક્ષી, આરોગ્યલક્ષી કાર્યોના ફલકને વિસ્તૃત કરવા ખાત્રી આપી હતી અને તે અંગે સર્વે જ્ઞાતિજનોનાં સૂચનો સાથે તન-મન-ધનથી સહકાર મળશે જ તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતી – પ્રમુખ



અનિલભાઈ કેશવલાલ છત્રાળા – ઉપપ્રમુખ


ધર્મેન્દ્રભાઈ એ. બારમેડા – ઉપપ્રમુખ


મહેશભાઈ મોહનલાલ ગુજરાતી - મંત્રી


ચેતનભાઈ ઇશ્વરલાલ બારમેડા - સહમંત્રી


હિતેશભાઈ ધીરજલાલ પોમલ - ખજાનચી



સંજીવભાઈ અરવિંદભાઈ બુધ્ધભટ્ટી - સહ ખજાનચી

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

## કારોબારી સભ્યોની યાદી

| | | |
|---|---|---|
| શ્રી હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતી | ભુજ | પ્રમુખ |
| શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળા | ભુજ | ઉપપ્રમુખ |
| શ્રી ધર્મેન્દ્રભાઈ એ. બારમેડા | ભુજ | ઉપપ્રમુખ |
| શ્રી મહેશભાઈ મોહનલાલ ગુજરાતી | ભુજ | મંત્રી |
| શ્રી ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા | ભુજ | સહમંત્રી |
| શ્રી હિતેશભાઈ ધીરજલાલ પોમલ | માધાપર | ખજાનચી |
| શ્રી સંજીવભાઈ અરવિંદભાઈ બુધ્ધભટ્ટી | ભુજ | સહ ખજાનચી |
| શ્રી મુકેશભાઈ લખમશી બારમેડા | માધાપર | ચેરમેનશ્રી મેડિકલ સમિતિ કારોબારી સભ્ય |
| શ્રી અશોકભાઈ જયંતિલાલ બુધ્ધભટ્ટી | ભુજ | ચેરમેનશ્રી ડેવલોપર અને મેઈન્ટેનન્સ કમિટિ |
| શ્રી રાજેન્દ્રભાઈ વિશનજી બુધ્ધભટ્ટી | ભુજ | ચેરમેનશ્રી વાસણ અને વાડી વહીવટ સમિતિ |
| શ્રી ચંદ્રકાંત એ. ગુજરાતી | ભુજ | ચેરમેનશ્રી કાયદાકીય સમિતિ |
| શ્રી રાજેશભાઈ શામજીભાઈ બુધ્ધભટ્ટી | ભુજ | ચેરમેનશ્રી ધાર્મિક સમિતિ |
| શ્રી ભરતભાઈ હિંમતલાલ બગ્ગા | ભુજ | કારોબારી સભ્ય |


| | | |
|---|---|---|
| શ્રી મુળજીભાઈ નાનાલાલ કટ્ટા | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી હસમુખભાઈ કેશવલાલ મૈચા | માધાપર | કારોબારી સભ્ય |
| શ્રી બિપીનભાઈ મુળજી પરમાર | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી હર્ષદભાઇ જે. ચનાણી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી સચીનભાઈ એમ. બુધ્ધભટ્ટી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી રાહુલભાઈ ચંદ્રકાંતભાઈ ચનાણી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી કમલેશભાઈ કાંતિલાલ બુધ્ધભટ્ટી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી અરવિંદભાઈ કે. બારમેડા | ચ.કોટડા | કારોબારી સભ્ય |
| શ્રી બકુલભાઈ જેન્તીલાલ ગુજરાતી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી વિનોદભાઈ શાંતિલાલ ગુજરાતી | દહીંસરા | કારોબારી સભ્ય |
| શ્રી મહેશભાઈ હરિલાલ સાકરીયા | બળદિયા | કારોબારી સભ્ય |
| શ્રી મનોજભાઈ એન. બારમેડા | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી જીગરભાઈ મોહનલાલ બુધ્ધભટ્ટી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી પરેશભાઈ સી. ગુજરાતી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી રાજેશભાઈ મગનલાલ બુધ્ધભટ્ટી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી સંજયભાઈ વસંતલાલ બુધ્ધભટ્ટી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી ગિરીશભાઈ એ. સોલંકી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી ચંદ્રકાંતભાઈ સી. ગુજરાતી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી નીલેશભાઈ બી. બુધ્ધભટ્ટી | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી વસંતભાઈ પી. પોમલ | ભુજ | કારોબારી સભ્ય |
| શ્રી ચંદુભાઈ જે. ચનાણી | ભુજ | કાયમી આમંત્રિત |
| શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકી | ભુજ | કાયમી આમંત્રિત |




**હિતેશભાઈ પ્રભુદાસભાઈ ગુજરાતી**
**કન્વીનર**
**સમાધાન સમિતિ**




**ચંદ્રકાંત ચમનલાલ ગુજરાતી**
**કન્વીનર**
**કાયદાકીય સમિતિ**




**અશોક જયંતીલાલ બુધ્ધભટ્ટી**
**કન્વીનર**
**ડેવલપમેન્ટ સમિતિ**



**રાજેશ શામજી બુધ્ધભટ્ટી**
**કન્વીનર**
**ધાર્મિક સમિતિ**



**મુકેશ એલ. બારમેડા**
**કન્વીનર**
**મેડિકલ સમિતિ**



**રાજેશ વિશનજી બુધ્ધભટ્ટી**
**કન્વીનર**
**વાસણ વાડી વહીવટ સમિતિ**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ - ભુજ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ યુવક મંડળની તા. ૨૯-૪-૨૦૧૯ના રોજ સામાન્ય સભા મળેલ હતી. જેમાં વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૨ સુધી સર્વાનુમતે જ્ઞાતિ યુવક મંડળ કારોબારીની રચના કરવામાં આવેલ. જેમાં પ્રમુખપદે શ્રી ભાવેશ હિંમતલાલ બગ્ગા, ઉપ પ્રમુખપદે રાહુલ અમૃતલાલ સોલંકી, સમીર અરવિંદભાઈ છત્રાળા, મંત્રી પદે શ્રી સત્યમભાઈ પ્રાણજીવનભાઈ બારમેડા, સહમંત્રી પદે શ્રી રાજ જયંતીલાલ બારમેડા તથા કુ. આશના ધીરજભાઈ બારમેડા, ખજાનચી પદે શ્રી જયેશ રામદાસ બુધ્ધભટ્ટી અને સહ ખજાનચીપદે શ્રી જીત જયેશ હેડાઉ, પ્રીતેશ કે. પોમલની સર્વ સંમતિથી નિમણુંક કરવામાં આવેલ છે.

તદ્દુપરાંત સહ કારોબારી સભ્યોની પણ નિમણુંક કરવામાં આવેલ. જેમાં કેતન કે. ચનાણી, દીપક ડી. પોમલ, સંદીપ એન. બારમેડા, શ્રી હિતેશ બીજલાણી, મિતેષ આર. બુધ્ધભટ્ટી, સંજય છત્રાળા, સંદીપ કટ્ટા, મનોજ આર. બુધ્ધભટ્ટી, સચીન એમ. બુધ્ધભટ્ટી, વિશાલ એન. ગુજરાતી, સંજીવ એ. બુધ્ધભટ્ટી, વિશાલ વી. બુધ્ધભટ્ટી, રાહુલ એસ. બુધ્ધભટ્ટી, ભાવિક એમ. ગુજરાતી, હીરેન જે. પોમલ, કુ. રીયા ડી. બારમેડા, કુ. ફેન્સી બી. બારમેડા, શ્રીમતી લીનાબેન એસ. કટ્ટા, શ્રીમતી હેતલ વી. ગુજરાતી એમ કુલ ૨૮ સહ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવેલ હતી.

***ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ, મહિલા મંડળ તથા યુવા મંડળના સર્વે હોદ્દેદારો અને કારોબારી સભ્યોને "જ્ઞાતિસેતુ" તરફથી હાર્દિક શુભેચ્છા.***


### યુવક મંડળના હોદ્દેદારો


ભાવેશ એચ. બગ્ગા
પ્રમુખ


રાહુલ એ. સોલંકી
ઉપપ્રમુખ



સમીર એ. છત્રાળા
ઉપપ્રમુખ



સત્યમ પી. બારમેડા
મંત્રી


રાજ જે. બારમેડા
સહમંત્રી


આશના ડી. બારમેડા
સહમંત્રી


જયેશ આર. બુધ્ધભટ્ટી
ખજાનચી


પ્રીતેશ કે. પોમલ
સહ ખજાનચી


જીત જે. હેડાઉ
સહ ખજાનચી

## સત્સંગ મંડળ - ભુજ

### કારોબારી સભ્યોના નામ

| | |
|---|---|
| ભાવનાબેન એ. ચનાણી | નીલાબેન એમ. પોમલ |
| ગીતાબેન જે. પોમલ | મીતા એન. સોલંકી |
| જીજ્ઞાબેન આર. સોલંકી | જીજ્ઞાબેન પી. સોલંકી |
| કવિતાબેન કે. સોલંકી | દયાબેન પી. સોલંકી |
| રીટાબેન ડી. બુધ્ધભટ્ટી | જ્યોતિબેન એન. બુધ્ધભટ્ટી |
| યોગેશ્વરીબેન આર. બુધ્ધભટ્ટી | દીપ્તિબેન પી. ગુજરાતી |
| માલતીબેન એન. ગુજરાતી | જ્યોત્સનાબેન કે. કટ્ટા |
| પ્રભાબેન જે. કટ્ટા | રેખાબેન એ. હેડાઉ |
| ગીતાબેન એસ. હેડાઉ | સુશીલાબેન સી. મૈચા |

૨૦૧૯ની સાલમાં સત્સંગ મંડળમાં સભ્ય સંખ્યા ૩૮૦ બહેનોની છે.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજ મહિલા મંડળ

**નીલાબેન એમ. પોમલ**

## હલ્દી કંકુ કાર્યક્રમ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજની મહિલા મંડળનો હલ્દી કંકુનો કાર્યક્રમ તા. ૧૮-૪-૨૦૧૯ના રોજ લગ્નવાડી મુકામે યોજવામાં આવેલ. પ્રતિવર્ષ ઉજવવામાં આવતા આ કાર્યક્રમમાં વાર્ષિક હિસાબની સાથોસાથ નવા સભ્યોની નોંધણી કરવામાં આવે છે અને જૂના સભ્યોનું ગીફ્ટ દ્વારા બહુમાન કરવામાં આવે છે.





મુખ્યત્વે મહારાષ્ટ્રીયન લોકોના આ તહેવારનું અનુકરણ દરેક સંસ્થાઓમાં કરવામાં આવે છે, જેમાં દરેક સભ્ય બહેનોને હળદર - કંકુના ચાંદલા સાથે તલના લાડુથી મોઢું મીઠું કરાવી ગીફ્ટ આપવામાં આવે છે. પરંતુ આ વર્ષે હલ્દી કંકુની ઉજવણી સાથે મહિલા મંડળના પ્રમુખપદે વરાયેલા સુધા એ. બુધ્ધભટ્ટીને સન્માનવામાં આવ્યા. ત્યારબાદ સહમંત્રી પદે જેમની વરણી થઈ છે એવા નીલાબેન એમ. પોમલ દ્વારા હોદ્દેદારોના તેમજ કારોબારી સભ્યોના નામની રજુઆત કરવામાં આવી. મહિલા મંડળની કાર્ય રચનામાં પરિવર્તન ઇચ્છતા પ્રમુખે પોતાના વિચારો રજૂ કર્યા હતા અને તેના માટે સમાજની દરેક બહેનો સહયોગ આપે તો જ એ પાર પાડી શકાય. તેમના આ વિચારોને ઉપસ્થિત બહેનોએ સહયોગ આપવા જણાવ્યું હતું.

મહિલા મંડળના કારોબારી સભ્યોએ બહેનો માટે વિવિધ ગેમનું આયોજન કરી મનોરંજન પૂરું પાડ્યું હતું. જેમાં ભાવનાબેન ચનાણી તેમજ રીટાબેન બુધ્ધભટ્ટી દ્વારા સ્પોકન ગેમ તેમજ કવિતાબેન બારમેડા દ્વારા હાઉસી ગેમ રમાડવામાં આવી હતી અને વિજેતા બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

***સ્પોકન ગેમ : વિજેતાઓ :*** ● ***પ્રથમ :*** ભક્તિ સંજયભાઈ સોલંકી, ● ***દ્વિતીય :*** જીજ્ઞા હેમલભાઈ બુધ્ધભટ્ટી.

બહોળી સંખ્યામાં હાજર રહેલ બહેનોની વ્યવસ્થા જાળવવા માટે ખુશાલીબેન બુધ્ધભટ્ટી, કીમ છત્રાળા, જયશ્રીબેન છત્રાળા, શીતલબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન બુધ્ધભટ્ટીએ સહયોગ આપ્યો હતો. જ્યારે અરૂણાબેન બુધ્ધભટ્ટી તેમજ ઇંદીરાબેન સોલંકીએ સભ્યોની નોંધણીનું કાર્ય સંભાળ્યું હતું. કાર્યક્રમના અંતે બહેનો અલ્પાહાર અને મુસ્કુરાહટ સાથે છૂટા પડ્યા હતા.

## મહિલા મંડળના હોદ્દેદારો



**સુધાબેન અમૃતલાલ બુધ્ધભટ્ટી – પ્રમુખ**



**જયશ્રીબેન અનિલભાઈ છત્રાળા - ઉપપ્રમુખ**



**લતાબેન ઇન્દુભાઈ સોલંકી - મંત્રી**



**નીલાબેન મોહનભાઈ પોમલ - સહમંત્રી**



**અરૂણાબેન રાજેશભાઈ બુધ્ધભટ્ટી - ખજાનચી**



**ઇંદીરાબેન યોગેશભાઈ સોલંકી - સહ ખજાનચી**

**કારોબારી સભ્યો :**

રોહિણીબેન ભરતભાઈ બુધ્ધભટ્ટી
ખુશાલીબેન સંજયભાઈ બુધ્ધભટ્ટી
રીટાબેન દીપકભાઈ બુધ્ધભટ્ટી
ભાવનાબેન અનિલભાઈ ચનાણી
કીમબેન જયભાઈ છત્રાળા
દયાબેન પરમાનંદભાઈ સોલંકી
રીનાબેન જીગરભાઈ બુધ્ધભટ્ટી
રાજેશ્વરીબેન શીતલભાઈ બુધ્ધભટ્ટી
શીતલબેન અરૂણભાઈ બુધ્ધભટ્ટી
ભાવનાબેન વિજયભાઈ બુધ્ધભટ્ટી
પ્રીતિબેન દિલીપભાઈ બગ્ગા
માલતીબેન નરેશભાઈ ગુજરાતી
જયશ્રીબેન જેન્તીલાલ બુધ્ધભટ્ટી
ભાવિનીબેન ગૌરવભાઈ પરમાર
કવિતાબેન ભૌતિકભાઈ બારમેડા

## સમર કેમ્પ

શિક્ષણની સાથોસાથ અન્ય પ્રવૃત્તિઓ પણ શીખવી જરૂરી છે એવા આશયથી મહિલા મંડળ પ્રતિવર્ષ સમર કેમ્પનું આયોજન કરતી જ હોય છે અને બાળકો પણ ઉલ્લાસભેર તેમાં ભાગ લેતા જ હોય છે. આ વર્ષે પણ તા. ૧૫-૫-૨૦૧૯થી તા. ૧૮-૫-૨૦૧૯ દરમ્યાન કંસારા બજાર સ્થિત સમાજવાડીમાં ૫ વર્ષથી ૧૩ વર્ષના બાળકો માટેના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. પ્રોજેક્ટ ચેરપર્સન શીતલબેન બુધ્ધભટ્ટી અને કીમબેન છત્રાળા, રીનાબેન બુધ્ધભટ્ટી, કવિતાબેન બારમેડાના વિચાર પ્રમાણે પ્રતિવર્ષ થતી પ્રવૃત્તિઓની સાથે થોડું પરિવર્તન સાથે કરાટેના દાવ, જે ધવલભાઈ સોની તેમજ તેમના પત્ની વિશ્વાબેન સોની દ્વારા સુંદર રજુઆત સાથે શીખવવામાં આવ્યા. દૂન સ્કુલમાં જોબ કરતાં ખ્યાતિબેન બુધ્ધભટ્ટી દ્વારા Brain Exercise માટે એટલે કે એબેકસ દ્વારા ખૂબ જ સુંદર રજુઆત કરવામાં આવી. જેમાં બાળકો ખૂબ જલ્દી ગણતરી કરીને જવાબો આપવામાં સફળ રહ્યા હતા. તદ્દુપરાંત ઓસાકાબેન રાઠી તેમજ વૈશાલીબેન દ્વારા ક્વીઝ તેમજ "ઝુમ્બા"નું આયોજન કરવામાં આવ્યું હતું. અંતિમ દિવસે નાસ્તા અને કોલ્ડ ડ્રિંક્સ સાથે ગીફ્ટ આપીને બિરદાવવામાં આવ્યા હતા. જેમાં મહિલા મંડળની કારોબારીનો પણ આર્થિક સહયોગ સાંપડ્યો હતો.

મહિલા મંડળના આમંત્રણને માન આપી જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ ગુજરાતીએ પ્રોજેક્ટને બિરદાવી, આર્થિક સહયોગ પણ આપ્યો હતો. જ્ઞાતિ ઉપપ્રમુખ શ્રી અનીલભાઈ છત્રાળા તેમજ જ્ઞાતિ મંત્રી શ્રી મહેશભાઈ ગુજરાતીએ ઉપસ્થિત રહી કાર્યક્રમની પ્રશંસા કરી હતી. યુવક મંડળના પ્રમુખ શ્રી ભાવેશભાઈ બગ્ગા તેમજ અન્ય હોદ્દેદારોએ પણ ઉપસ્થિત રહી મહિલા મંડળની પ્રવૃત્તિને ધન્યવાદ આપ્યા હતા. નગર અધ્યક્ષા શ્રીમતી લતાબેન આઈ. સોલંકી તથા મહિલા મંડળના પ્રમુખ સુધાબેન બુધ્ધભટ્ટીએ સ્વ સુરક્ષા માટે કરાટે, બ્રેઈન વિકાસની પ્રવૃત્તિઓ માટે પ્રોજેક્ટ ટીમને ધન્યવાદ આપ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન કવિતાબેન બારમેડાએ સંભાળ્યું હતું. જયારે આભારવિધિ જયશ્રીબેન છત્રાળાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે કારોબારી સભ્યોનો સહયોગ મળ્યો હતો.

*– નીલાબેન પોમલ*

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ - ભુજ



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ યુવક મંડળ આયોજીત "પ્રથમ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૯"નું તા. ૧૯-૦૫-૨૦૧૯ના રોજ માધાપર મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળની વાડી ખાતે સાંજે ૭.૩૦ કલાકે ભવ્ય શુભારંભ કરવામાં આવેલ હતો. જેમાં મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રમુખ શ્રી હિતેશભાઈ પી. ગુજરાતી, ભુજ નગરપાલિકાના પ્રમુખશ્રી તથા મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળના મંત્રી શ્રીમતી લતાબેન આઈ. સોલંકી તથા મારૂ કંસારા સોની જ્ઞાતિના મંત્રી શ્રી મહેશભાઈ કંસારા અને મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળના પ્રમુખ શ્રી ભાવેશભાઈ હિંમતલાલ બગ્ગાએ અને માધાપરના જ્ઞાતિ મંડળના પ્રમુખ શ્રી નવીનભાઈ હેડાઉ તથા મહિલા મંડળના ઉપપ્રમુખ જયશ્રીબેન છત્રાળાએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરેલ હતો. ત્યારબાદ પ્રથમ ટોસ ઉછાળી સાંજે ૮.૦૦ કલાકે પ્રથમ મેચની શરૂઆત કરવામાં આવેલ હતી.

આ "પ્રથમ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૯"માં ભુજ, માધાપર અને દયાપર એમ જ્ઞાતિની જુદી જુદી કુલ ૩૯ ટીમોએ ભાગ લીધેલ. તા. ૧૯-૦૫-૨૦૧૯થી તા. ૨૫-૦૫-૨૦૧૯ સુધી દરરોજ રાત્રે ૮.૦૦ કલાકે ક્વોલીફાઈડ થયેલ ટીમો સામે મેચ રમાડવામાં આવેલ હતી. જ્યારે તા. ૨૫-૦૫-૨૦૧૯ના રોજ સેમિ ફાઈનલ મેચ તથા ફાઈનલ મેચો રાખવામાં આવેલ હતી. જેમાં સોની સુપર કિંગ ટીમ રનર્સ-અપ બનેલ હતી, જ્યારે ફાઈનલ ચેમ્પિયન જયમાતાજી ટીમ બનેલ હતી. વિજેતા બનનાર ટીમ અને મેન ઑફ ધી મેચને વિવિધ ટ્રોફીઓ વડે સન્માનિત કરવામાં આવેલ. આ સિવાય બેસ્ટ ચાઈલ્ડ પ્લેયર ધવલ નીતિનભાઈ પરમાર, બેસ્ટ ફિમેલ ચાઈલ્ડ પ્લેયર કુ. અક્ષીતા કે. બારમેડા, બેસ્ટ મેલ પ્લેયર અમિત બારમેડા તથા મેન ઑફ ધ મેચ રાજ પોમલને પણ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવેલ.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ચેરમેન રાહુલ અમૃતલાલ સોલંકી, પ્રોજેક્ટ ચેરમેન સમીર અરવિંદભાઈ છત્રાળા, મંત્રી શ્રી સત્યમ પ્રાણજીવનભાઈ બારમેડા, સહમંત્રી શ્રી રાજ જયંતીલાલ બારમેડા, ખજાનચી શ્રી જયેશ રામદાસ બુધ્ધભટ્ટી અને સહ ખજાનચી શ્રી પ્રીતેશ કે. પોમલ તથા નીલેશ બારમેડા, ભાવિક ગુજરાતી, દીપક પોમલ, વિપુલ પોમલ, વિશાલ બુધ્ધભટ્ટી, આનંદ બુધ્ધભટ્ટી અને યુવક મંડળની સમગ્ર ટીમે સહયોગ આપ્યો હતો.

*– સત્યમ બારમેડા*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

ચેતન આઈ. બારમેડા

## કારકિર્દી માર્ગદર્શન સેમિનાર



વર્તમાન સમયમાં મોટાભાગના વાલીઓ પોતાના સંતાનને કયા ક્ષેત્રમાં કેરિયર બનાવવી તે અંગે યોગ્ય માર્ગદર્શન ન મળતા, મુંઝવણ અનુભવતા હોય છે. આવા સમયે વિદ્યાર્થીઓને યોગ્ય દિશા અને સલાહ મળે તે હેતુથી કારકિર્દી માર્ગદર્શન સેમિનાર ખૂબ ઉપયોગી બની રહે છે.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ દ્વારા જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ ગુજરાતી તથા ભુજ નગરપાલિકાના અધ્યક્ષા શ્રીમતી લતાબેન આઈ. સોલંકીની ઉપસ્થિતિમાં ભુજની મંગલમ હોટલ મધ્યે આવા જ એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ. ઉપસ્થિત મહાનુભાવોનું ઉપપ્રમુખ શ્રી અનિલભાઈ છત્રાળા, ધર્મેન્દ્રભાઈ બારમેડા દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. મંત્રી શ્રી હિતેશભાઈ કંસારાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ. શિક્ષણ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રી ચેતનભાઈ આઈ. બારમેડાએ તમામ વક્તાઓનો પરિચય આપેલ.

આ સેમિનારના મુખ્ય વક્તા અને કચ્છ યુનિ.ના વાઇસ ચાન્સેલર, કચ્છ યુનિ.ના ઇન્ચાર્જ કુલપતિ દર્શનાબેન ધોળકિયાએ વિદ્યાર્થીઓને અને વાલીઓને સંબોધતા, વિદ્યાર્થીઓને આંધળુ અનુકરણ કર્યા વિના પોતાની ઇચ્છાશક્તિ મુજબ આગળ વધી, અર્જુનની જેમ લક્ષ્ય રાખી સખત મહેનત દ્વારા કોઈપણ ક્ષેત્રમાં ઉત્તમ કેરિયર બનાવી શકાય છે તેવું જણાવ્યું હતું. ઉપસ્થિત વાલીઓને પોતાની ઇચ્છાઓ - આશાઓ સંતાનો પર ન લાદતા, તેમના રસ-રૂચિ જાણી, આગળ વધવા માટે ઉપયોગી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

ત્યારબાદ લાલન કૉલેજમાં ૨૭ વર્ષથી પણ વધુ સમયથી અંગ્રેજી વિષયનું શિક્ષણ આપતા પ્રો. કમલેશભાઈ બુધ્ધભટ્ટીએ વર્તમાન સમયમાં વાલી તથા વિદ્યાર્થીઓને વિજ્ઞાન શાખામાં લાગેલા વળગણને ત્યજી, યોગ્યતા મુજબ વિનિયન (આર્ટસ) શાખામાં રહેલી ઉજ્જવળ કેરિયરની અઢળક તકોની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓના ભારણને દૂર કરવા પ્રયાસો કર્યા હતા અને વધુ માર્ગદર્શન માટે જ્યારે પણ જરૂર પડે ત્યારે સમાજના વિદ્યાર્થીઓ માટે સેવા આપવાની તૈયારી બતાવી હતી.

એચ.જે.ડી. કૉલેજના આચાર્ય પ્રો.ડૉ. વિવેકભાઈ ગુજરાતીએ માત્ર સરકારી નોકરીને જ લક્ષ્ય ન બનાવતા પ્રાઈવેટ કંપની તરફ લક્ષ્ય દોરી સારા પેકેજીસ અંગે પણ તૈયારીઓ કરવી જોઈએ એમ જણાવી જોબ પ્લેસમેન્ટ માટેની આંકડાકીય માહિતી આપેલ હતી. ડૉ. પાર્થ સાકરિયાએ મેડિકલમાં રહેલ તકો અંગેની માહિતી આપી. ડેન્ટીસ્ટ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓને તેમના ક્લિનિકમાં નિયમિત આવી નિદર્શન નિહાળવા ઇજન આપેલ.

મહિલા કૉલેજના પ્રો. દિવ્યાબેન વીસાપરમાર તથા સી.એ. મિતેશ બી. સોલંકી દ્વારા કોમર્સનાં વિષયોમાં રહેલી તકો અંગેની માહિતી આપેલ અને બેન્કિંગ ક્ષેત્રમાં પણ આગળ વધવા સૂચન કરેલ. સમાજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે પોતે તૈયારી બતાવેલ. ડૉ. વૈદેહી ચૌહાણ દ્વારા ફિઝિયોથેરાપી અંગેના અભ્યાસ અંગે માહિતી આપેલ અને ફિઝિયોથેરાપીની જોબ અંગે વિદેશમાં ખૂબ તકો છે તેમ જણાવેલ. કુ. આશના બારમેડાએ શૈક્ષણિક કારકિર્દી ઉપરાંત સાંપ્રત સમયમાં કેરિયરની ઉત્તમ તકો ઉપલબ્ધ છે તેવા વિઝ્યુઅલ આર્ટસ અને ફાઈન આર્ટસ અંગે માર્ગદર્શન આપ્યું. નરેન્દ્ર બારમેડાએ ધોરણ-૧૦ પછી આઈ.ટી.આઈ.ના વિષયો અંગે માર્ગદર્શન આપેલ હતું.

જીલ્લા માધ્યમિક શિક્ષણ કચેરીના શ્રી કિશોરભાઈ સોની દ્વારા બાળકોને તેમના અભ્યાસમાં નિયમિતતા અને ધ્યેયલક્ષી અભ્યાસ કરવા જણાવાયું. આ પ્રસંગે સમાજ કલ્યાણ અધિકારી શ્રી બારોટ સાહેબે ઉપસ્થિત રહી સરકારશ્રીની ઉચ્ચ અભ્યાસ માટેની વિવિધ સ્કોલરશિપ, એજ્યુકેશન લોન તથા હાલમાં સરકારશ્રી દ્વારા ઉચ્ચ અભ્યાસક્રમોમાં તથા સરકારી નોકરીઓમાં બિનઅનામત વર્ગના આર્થિક પછાત વિદ્યાર્થીઓને તથા સરકારી નોકરી ઇચ્છતા લોકોને ૧૦% અનામત અંગેનું માર્ગદર્શન આપેલ હતું. જે પણ વાલી કે વિદ્યાર્થીને આ અંગે કાંઈ પણ મુંઝવણ હોય તો કચેરીમાં સંપર્ક કરી, ત્યાંથી પણ યોગ્ય માર્ગદર્શન મેળવવા જણાવેલ.

આ પ્રસંગે જ્ઞાતિ અગ્રણી અમૃતલાલભાઈ સોલંકી, ચંદ્રકાંતભાઈ ચનાણી, ઇન્દુભાઈ સોલંકી, યુવક મંડળના પ્રમુખ શ્રી ભાવેશભાઈ બગ્ગા, મંત્રી શ્રી સત્યમભાઈ બારમેડા, મહિલા મંડળના પ્રમુખ સુધાબેન બુધ્ધભટ્ટી, ઉપપ્રમુખ જયશ્રીબેન છત્રાળા, ઇંદીરાબેન સોલંકી તેમજ વિદ્યાર્થીઓ સાથે તેમના વાલીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાજ દ્વારા આવા કાર્યક્રમ યોજી, વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર આપવાથી વિદ્યાર્થીઓ યોગ્ય દિશામાં આગળ વધી શકશે તેવો સંતોષ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તમામ નિષ્ણાતો પાસેથી બાળકોને વ્યક્તિગત માર્ગદર્શન મળી રહે તે માટે હોટલના પ્રાંગણમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષણ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રી ચેતનભાઈ આઈ. બારમેડાએ અને આભારવિધિ શ્રી સંજીવભાઈ બુધ્ધભટ્ટીએ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જ્ઞાતિ ખજાનચી હિતેશભાઈ પોમલ, ભરતભાઈ બગ્ગા, પ્રદીપભાઈ બીજલાણી, મુળજીભાઈ કટ્ટા, મેડિકલના કન્વીનર મુકેશભાઈ બારમેડા, શિશિરભાઈ હેડાઉ, ડેવલપમેન્ટ અને મેઇન્ટેનન્સના કન્વીનર અશોકભાઈ બુધ્ધભટ્ટી, એસ.કે.એફ.ના ચેરમેન કિશોરભાઈ ચૌહાણ, જયભાઈ છત્રાળા, પરેશભાઈ ગુજરાતી, દીપક વી. બુધ્ધભટ્ટી અને દીપકભાઈ પોમલે જહેમત ઉઠાવેલ હતી.

## કંસારા સેવા સમાજ - કેશોદ

ગત તા. ૩૧-૩-૨૦૧૯ના રોજ સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી ''કંસારા સેવા સમાજ - કેશોદ'' દ્વારા સરકારી યોજના - સહાયનો કેમ્પ ચાર ચોક, કેશોદ ખાતે કંસારા સેવા સમાજની ઓફિસમાં યોજાઈ ગયો હતો. જેમાં આવકનો દાખલો - અમૃતમ્ કાર્ડ - બિન અનામત જાતિના દાખલા, સિનિયર સિટીઝન જેવા અલગ અલગ દાખલા માટે જરૂરી સઘળી કાર્યવાહી પૂર્ણ કરી એક જ કેમ્પમાં માત્ર કેશોદના જ આશરે ૧૦૦થી વધુ જ્ઞાતિજનોને વિવિધ સરકારી યોજના માટે જરૂરી પ્રમાણપત્રો મેળવી આપવામાં સફળ થયા છીએ.



જેમાં ધવલભાઈ પરમાર (મંત્રી શ્રી કંસારા સેવા સમાજ)ના માર્ગદર્શન હેઠળ કનુભાઈ પરમાર, ચેતનભાઈ પરમાર, રૂપેશભાઈ પરમાર, દેવેનભાઈ બુધ્ધ, નરેન્દ્રભાઈ પરમાર, પ્રકાશભાઈ બારમેડા, જયેશભાઈ બારમેડા, ચિંતનભાઈ પરમાર વગેરેની ઉપસ્થિતિમાં થયેલ સંન્નિષ્ઠ પ્રયત્નોમાં સર્વે જ્ઞાતિજનોનો સંપૂર્ણ સાથ સહકાર મળેલ.

અતિથિ વિશેષ ભાજપના સંસદ ઉમેદવાર શ્રી રમેશભાઈ ધડુક અને ગોંડલ મારૂ કંસારા જ્ઞાતિનાં પ્રમુખ શ્રી અશ્વિનભાઈ સોલંકી સમય ફાળવી જ્ઞાતિ કાર્યકર્તાઓને બિરદાવ્યા હતા અને જ્ઞાતિજનો દ્વારા શ્રી રમેશભાઈ ધડુકનું હારતોરા કરી સન્માન કરવામાં આવેલ.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - રાયપુર છત્તીસગઢ

### હોદ્દેદારો : વર્ષ ૨૦૧૮-૨૦૨૦



નીતાબેન નીલેશભાઈ બુધ્ધભટ્ટી – અધ્યક્ષ



ટીનાબેન પ્રફુલભાઈ બારમેડા - ઉપાધ્યક્ષ



ધૃપાલી સંદીપભાઈ બારમેડા - સચિવ



વિદ્યા પરેશભાઈ બારમેડા - સહ સચિવ



વંદના હિતેશભાઈ પોમલ - કોષાધ્યક્ષ



વામીની ચેતનભાઈ બારમેડા - સહ કોષાધ્યક્ષ

**કાર્યકારીણી સભ્યો :**

શ્રીમતી યોગીતા મયુરભાઈ બારમેડા
શ્રીમતી યાશિકા કૃણાલભાઈ બુધ્ધભટ્ટી
શ્રીમતી શોભનાબેન દિનેશભાઈ બારમેડા
શ્રીમતી જ્યોતિ મનોજભાઈ બીજલાણી
શ્રીમતી બ્રિન્દા જતીનભાઈ બુધ્ધભટ્ટી
શ્રીમતી શાંતિબેન સોની
શ્રીમતી જીજ્ઞા હિતેશભાઈ બીજલાણી
શ્રીમતી માનસી સતીષભાઈ બુધ્ધભટ્ટી

## પ્રતિભાવ

'જ્ઞાતિસેતુ'નો 'મહિલા વિશેષાંક' અંક ખૂબ જ ખાસ રહ્યો – સાચવી રાખવા યોગ્ય અંક.

''વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા''ને કવર પેજ પર પ્રસિધ્ધ કરવા બદલ સ્પેશિયલ થેન્ક્સ. આ માટે સત્સંગ મંડળ જાહેરમાં આભાર માને છે. દેવી ભાગવત કથાના ફોટો'સ અને આર્ટીકલ - અહેવાલ પ્રસિધ્ધ કરવા બદલ હું આપનો દિલથી આભાર માનું છું. સમગ્ર અંકને ખૂબ જ ચીવટથી તૈયાર કરવામાં આવ્યો છે. દરેક લેખ ખૂબ સરસ...

*મીતા એન. સોલંકી - ભુજ*

# કંસારા સેવા સમાજ

**ધવલ કંસારા - કેશોદ**

'કંસારા સેવા સમાજ'ની સ્થાપના જાન્યુઆરી-૨૦૧૯માં કેશોદ મુકામે થઈ. ત્યારથી જ તેમાં આપણી કંસારા જ્ઞાતિના નવજાત બાળકથી વયોવૃધ્ધ – દરેકને સંભવ રીતે ઉપયોગી થઈ તથા વિવિધ સરકારી લાભો કે યોજનાઓથી અવગત કરી, લાભાન્વિત કરી, સર્વે પ્રકારે ઉત્કર્ષ કરવાનો છે. જેમાં તન-મન કે ધનથી સહભાગી થવા સમાજ તમારી રાહ જુએ છે. વર્ષોથી આપણો સમાજ સહન કરતો આવ્યો છે. તો હવે સંગઠિત થઈએ. વ્યક્તિથી કુટુંબ, કુટુંબથી સમાજ એ આપણો પાયો છે. આ પાયાને મજબૂત કરી નવનિર્માણ કરવાની સમાજની ઝંખના છે.

નવચેતન લાવવા અને સમાજ ઉત્થાન માટે શ્રેણીબધ્ધ કાર્યો કરવાના દ્રઢ નિર્ધાર સાથે કંસારા સેવા સમાજની રચના થઈ છે. અમારો સંકલ્પ છે કે – અતૂટ સંગઠન બનાવવું, સાથે ગુંથાઈને રહેવું, જરૂરિયાતમંદ - વંચિત લોકોને વિવિધ સેવાઓ પૂરી પાડવી, કેળવણી - રોજગાર - વૈદ્યકીય, સામાજીક વાદ-વિવાદોના સમાધાન, બહારના રાજ્યો સાથે સંબંધોનો વિકાસ, રાજકીય પ્રભુત્વ વગેરે બાબતે જરૂરી આગેકૂચ કરી આપણી કંસારા નામની જ્ઞાતિ છે તેવો અહેસાસ કરાવવો - અસ્તિત્વ ઊભું કરવું. આ કામ કોઈ એકલ-દોકલનું નથી જ. સમૂહ વિકાસના કાર્યો સામૂહિક સહકારથી જ શોભે છે. કાર્યોમાં દરેકનો સાથ-સહકાર એ જ સાચો યશ છે.

દરેક જ્ઞાતિજનને સુવિદિત થાય કે, આપણી જ્ઞાતિને પ્રત્યક્ષ - પરોક્ષ રીતે અગ્રેસર બનાવવા થઈ રહેલ વિરાટ કાર્યમાં આપને સહભાગી બનવા નિમંત્રણ છે. વ્યક્તિગત તથા પારિવારિક "આજીવન સભ્યપદ ફી"ની જોગવાઈ કરી છે. વ્યક્તિગત રૂા. ૧૫૧/- તથા પારિવારીક રૂા. ૨૫૧/- નક્કી કરાયેલ છે તેમજ "પરિવાર"ની વ્યાખ્યા – દંપતિ સાથે સગીર વયના (૧૮ વર્ષ કે તેથી નીચેના) બાળકો સુધી સિમિત કરાયેલ છે.

૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના બાળકો માટે અલગ વ્યક્તિગત ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મમાં આપનો પાસપોર્ટ સાઈઝનો એક ફોટોગ્રાફ ચીપકાવી આપશો. વ્યક્તિગત કે પારિવારીક છે તે જણાવવું. ફોર્મ નંબરની જગ્યા ખાલી રાખવી. પારિવારીક સભ્યએ પતિ-પત્નીની વિગત પૂરા નામ સાથે ભરવી. બાળકોના નામ, જન્મ તારીખ પણ દર્શાવવી જરૂરી છે. દંપતિએ બંનેના ફોટા સાથે વૉટ્સએપ નંબર જરૂર આપવા.

ગૂગલ ઓનલાઈન ફોર્મ ભરવા માટે નીચે આપેલા નંબર પર વૉટ્સએપ મેસેજ કરવો. વધુ કોઈ માહિતી માટે મંત્રીશ્રી ધવલભાઈ કંસારા (મો. ૯૮૨૪૨ ૪૬૭૮૩, ૯૨૬૫૦ ૬૯૬૯૬) અથવા પ્રમુખશ્રી રૂપેશભાઈ પરમાર (મો. ૯૪૨૬૭ ૧૦૦૧૩)નો સંપર્ક કરવો.

---

**વ્યક્તિગત / પારિવારીક ફોર્મ નં. :** ______________

મુખ્ય નામ : ______________ બ્લડ ગ્રુપ : ______________

જન્મ તા. : ______________ જોબ / વ્યવસાય : ______________ વૉટ્સએપ નં. : ______________

પત્નીનું નામ : ______________ બ્લડ ગ્રુપ : ______________

જન્મ તા. : ______________ જોબ / હાઉસ વાઈફ : ______________ વૉટ્સએપ નં. : ______________

સરનામું : ______________

______________

ગામ : ______________ તાલુકો : ______________ જીલ્લો : ______________


| સગીર વયના બાળકો : | સંબંધ | જન્મ તારીખ |
|---|---|---|
| (૧) | | |
| (૨) | | |
| (૩) | | |
| (૪) | | |
| (૫) | | |
| (૬) | | |

***ફોર્મ આપનારની સહી :*** ______________ ***સભ્યની સહી :*** ______________

# ભુજ જ્ઞાતિનું યુવા નેતૃત્વ

સુરેશ બીજલાણી "સુબી"

## જ્ઞાતિ હિતેચ્છુ હિતેશભાઈ...



જેમની આંખોમાં ચમક, ચહેરા પર શાલીનતા અને વાણીમાં મીઠાશ... એટલે મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજના નવનિયુક્ત, નવયુવાન પ્રમુખ શ્રી હિતેશભાઈ પ્રભુદાસભાઈ ગુજરાતી. ૫ ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ એમનો જન્મ. ભુજની સેન્ટ ઝેવિયર્સમાં H.S.C. કર્યું અને કોમર્સ કોલેજમાં B.Com. પાસ કરી પપ્પા સાથે વ્યાપારમાં જોડાયા અને 'સોની પ્રભુદાસ ખેતશી' જ્વેલર્સને વધુ ઊંચાઈના શિખરે લઈ ગયા. ભુજમાં જ છત્રાળા પરિવારની કન્યા સાથે લગ્નજીવન અને એક દીકરાના પિતા બનવાનું સૌભાગ્ય...

આમ તો એમના દાદાજી ખેતશી ખેંગાર ગુજરાતી પરિવાર મૂળે માનકુવાના અને સેવાભાવનું પર્યાય કહી શકાય એવા. સ્વ. ખેતશીબાપાને મારી દૃષ્ટિએ પૂજ્ય સંત જલારામ બાપા સાથે સરખાવી શકાય. જો કે એમના વિશે 'જ્ઞાતિસેતુ'માં વિસ્તૃત લેખ આવી ગયો છે છતાં એટલું જરૂર કહીશ કે ખેતશીબાપાની સાદગી અને સેવાભાવના એમના સુપુત્ર પ્રભુદાસભાઈમાં ઉતરી. સોના ચાંદીના વેપારી એવા પ્રભુદાસભાઈએ જ્ઞાતિ અને ઇતર સમાજ માટે ખૂબ અનુદાન કર્યું છે. મને યાદ છે, જ્યારે એમની કંસારા બજારમાં દુકાન હતી ત્યારે સવારથી કેટલાય ભિક્ષુકો ગરમ ધાબળા કે દવાના રૂપિયા લેવા આવતા.

પ્રભુદાસભાઈ ક્યારેય એમને નિરાશ ન કરતા. સીતારામ પરિવાર સાથે જોડાઈ પૂ. મોરારીબાપુની ભુજમાં પ્રથમ કથાનું આયોજન પણ એમના સહયોગથી થયેલું. ૨૦૦૬માં જ્ઞાતિ મહામંડળની રચના થઈ ત્યારથી ૨૦૧૮ સુધી એમણે પ્રમુખપદ શોભાવ્યું. સોની ખેતશી ખેંગારજી ટ્રસ્ટની સ્થાપના કરી સેવા પ્રવૃત્તિ ચાલુ રાખી અને ભૂકંપમાં નિરાધાર પરિવારોને ટ્રસ્ટના માધ્યમથી સહાય કરી. આજે પણ પ્રભુદાસભાઈ જ્ઞાતિની સમાજવાડી બનાવવાની ઇચ્છા ધરાવે છે, જે કદાચ એમના સુપુત્ર અને પ્રમુખ શ્રી હિતેશભાઈ જ્ઞાતિજનોના સહયોગથી પૂર્ણ કરે. દાદાજી અને પિતાજીના સદ્ગુણો હિતેશભાઈમાં ઉતર્યા છે અને એટલે જ એમની વાતોમાં જ્ઞાતિ પ્રત્યેની એમની લાગણી દેખાઈ.

હિતેશભાઈના પિતાશ્રી, જેઓ મહામંડળમાં પ્રથમ સ્થાપક પ્રમુખ હતા એ મંડળની રચનામાં હિતેશભાઈએ પણ સક્રિય કામગીરી કરી. ઉપરાંત જ્ઞાતિના યુવક યુવતીઓ નવરાત્રિ મહોત્સવમાં અન્ય જગ્યાએ મોંઘા ખર્ચ કરી, એન્ટ્રી પાસ મેળવે એનાથી બહેતર કે આપણી જ જ્ઞાતિ આ ઉત્સવ ઉજવે અને જ્ઞાતિના યુવક યુવતીઓ એમના વડીલોની સાથે ઉમંગભેર ભાગ લે તેવી યુવા મંડળની પહેલને હિતેશભાઈએ તન-મન-ધનથી સમર્થન આપ્યું.

'મારૂં' નહીં 'આપણું'ની ભાવના જ્યારે જ્ઞાતિજનોમાં આવશે ત્યારે જ જ્ઞાતિ સાચા અર્થમાં વિકાસ કરશે એવી વાત કરતા હિતેશભાઈએ કહ્યું કે સમાજમાં ઘણા પ્રશ્નો છે અને ખાસ તો સમાજવાડી બનાવવી અને જ્ઞાતિમાં લગ્નવાંછુક યુવક યુવતીઓનું સ્નેહમિલન કરાવવું. એ માટે સંપથી જ્ઞાતિ વિકાસની વાત થવી જોઈએ. વર્ષોથી જેમણે જ્ઞાતિની સેવા કરી છે એમની જરૂર પડ્યે સલાહ મળી રહે એવી મારી ભાવના છે. ઉપરાંત શિક્ષણની સાથે આપણા વારસાગત વ્યવસાયથી જે આજની પેઢી દૂર થઈ રહી છે એમને ઉત્સાહિત કરવા. જો શિક્ષિત યુવાનો વ્યાપારમાં આવશે તો વધુ સફળ થશે.

'જે રીતે જ્ઞાતિના પ્રસંગો ઉજવીએ છીએ એ જ ઉત્સાહથી અને સહકારથી ઉજવીશું. જ્ઞાતિના કુળદેવી મહાકાલિકા માતાજીના આશિર્વાદથી સમાજના ઉત્કર્ષમાં પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવીશ' એવું કહેતા એમણે ઉમેર્યું કે પૂરી કારોબારી અને જ્ઞાતિજનોનો સાથ સહકાર મળશે.

ભુજ જ્ઞાતિના ઉત્સાહી યુવા પ્રમુખને સેતુ ટીમ તરફથી ઘણી ઘણી શુભેચ્છાઓ....

## ભાવેશ બગ્ગા : નવનિયુક્ત પ્રમુખ, મા.કં.સોની જ્ઞાતિ યુવક મંડળ - ભુજ



ભુજ તાલુકાનું ઢોરી ગામ. જ્યાં આપણી જ્ઞાતિના બગ્ગા પરિવારોનો વસવાટ હતો. (આ લખનારના નાનાનું ગામ પણ ઢોરી છે.) ઢોરી - સુમરાસર - લોડાઇ - ધ્રંગ વિસ્તારમાં સોના-ચાંદીના ઘરેણા આ પરિવારો બનાવતા અને ખાસ કરીને આહીર પરિવારોની પેટર્નના સ્પેશિયાલિસ્ટ.

ધીરે ધીરે આ પરિવારો મુખ્ય મથક ભુજ આવીને વસ્યા. સોના-ચાંદી બજારમાં પ્રવેશ્યા અને આજે સફળ વેપારીઓ તરીકે સ્થાપિત છે. પણ એમણે પોતાનું મૂળ 'ઢોરી' ગામ એમના નામ સાથે જોડી રાખ્યું છે. અને એટલે જ 'ઢોરીવાળા' કહેવાય છે. એમાંનો એક પરિવાર એટલે સોની હિંમતલાલ કાનજી બગ્ગા - ઢોરીવાળા પરિવાર.

પોતાની મહેનત અને સંયુક્ત પરિવારના પ્રયાસથી આગળ વધ્યા અને સોની બજારમાં જ્વેલર્સ તરીકે ઉભર્યા. પણ પોતાની મૂળ કારીગરી એટલે કડલા અને આહીર જ્ઞાતિનાં દાગીનાઓ બનાવવાની કામગીરી જાળવી રાખી છે. આ પૂર્વભૂમિકા એટલે લખી છે કે આ જ પરિવારમાંથી આવતા ભાવેશ હિંમતલાલ બગ્ગા યુવક મંડળનાં પ્રમુખ બન્યા છે. જે સખત મહેનતુ અને મૃદુભાષી છે. જ્ઞાતિ પ્રત્યેના એમના વિશેષ પ્રેમે એમને આ પદ સુધી પહોંચાડ્યા છે.

તા. ૧૪-૧૦-૧૯૭૨ના રોજ જન્મેલા ભાવેશે અભ્યાસ કરતા કરતા જ વારસાગત ધંધામાં ઝંપલાવ્યું. એસ.એસ.સી. પાસ કરીને પપ્પા અને કાકા સાથે કારીગરી કામમાં લાગી ગયા. ભુજના શિવજી પ્રાગજી પરિવારના શ્રી રસિકલાલ ઝવેરીલાલની દીકરી સાથે લગ્ન થયા. ધંધો અને પરિવાર બંને વધ્યા. પણ જ્ઞાતિ પ્રત્યેની લાગણી યથાવત્ રહી. સમૂહલગ્ન હોય કે માતાજી પાટોત્સવ... કાર્યકર તરીકે જોડાઈ જવાનું. વર્ષ ૨૦૦૩-૦૪થી તો યુવક મંડળના કારોબારી સભ્ય તરીકે સક્રિય રીતે કાર્યરત થયા. યુવક મંડળની દરેક પ્રવૃત્તિઓ, ક્રિકેટ ટુર્નામેન્ટ, કેરમ ટુર્નામેન્ટ કે અન્ય રમત-ગમતના ખેલાડી તરીકે કે આયોજક તરીકે ભાવેશ બગ્ગાએ હોંશે હોંશે ભાગ લીધો છે અને ખાસ કરીને ક્રિકેટના ઓલરાઉન્ડર તરીકે નામ કાઢ્યું છે.

સર્વસંમતિથી જ્યારે એમની યુવક મંડળના પ્રમુખ તરીકે નિયુક્તિ થઈ છે ત્યારે ભાવેશ બગ્ગા એમની ટીમને મજબૂત કરવા માંગે છે. વધુને વધુ યુવાનો મંડળમાં જોડાય અને વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે એવી એમની ખાસ અપીલ છે. તન-મન-ધનથી યુવાનો જ્ઞાતિનાં દરેક કાર્યક્રમોમાં ભાગ લે, માતાજીના પાટોત્સવ દરમ્યાન નીકળતી રવાડીમાં યુવક મંડળ વિશેષ ટેબ્લો બનાવે અને જનતા જોતી રહી જાય એવા કાર્યક્રમ આપે. મા કાલિકા અને મા આશાપુરા સૌને સુખમય અને સમૃધ્ધ બનાવે એવી શુભેચ્છા ભાવેશ બગ્ગાએ વ્યક્ત કરી છે.

'જ્ઞાતિસેતુ'ના માધ્યમથી ભાવેશ બગ્ગા અને યુવક મંડળનાં તમામ હોદ્દેદારોને શુભેચ્છા.

## સુધા બુધ્ધભટ્ટી : પ્રમુખ, ભુજ જ્ઞાતિ મહિલા મંડળ



વાત છે ૧૯૯૪ની જ્યારે જ્ઞાતિના યુવક મંડળમાં મહિલા પાંખની રચના થઈ અને એના પ્રતિનિધિ તરીકે સુશિક્ષિત, ઍડવોકેટ ડિગ્રી ધરાવતા સુધાબેન અમૃતલાલ બુધ્ધભટ્ટીને નીમવામાં આવ્યા.... અને શરૂ થઈ જ્ઞાતિની બહેનોની સક્રિયતા. જો કે એ પહેલાં 'દીપ મહિલા મંડળ' નામે જ્ઞાતિની બહેનો કેટલીક પ્રવૃત્તિઓ કરતી. જેમાં સુધાબેનનાં માતા નર્મદાબેન પણ જોડાયેલા હતા. પિતા અમૃતલાલભાઈ પણ જ્ઞાતિનાં સક્રિય કાર્યકર. એટલે દીકરી સુધાને હંમેશાં જ્ઞાતિમાં સારા કામમાં ભાગીદાર થવા પ્રોત્સાહિત કરતા. સુધાબેને મહિલાઓનું ગ્રુપ બનાવ્યું અને અનેક પ્રવૃત્તિઓની શરૂઆત કરી. લતાબેન સોલંકી, રોહિણીબેન બુધ્ધભટ્ટી જેવા અનેક બહેનો સાથે મળી અલગથી મહિલા મંડળની સ્થાપના કરી જેના ઉપપ્રમુખ પદે વર્ષ ૨૦૦૬થી ૨૦૧૮ સુધી સુધાબેને જવાબદારી નિભાવી. માતાજીનાં પાટોત્સવ હોય કે જ્ઞાતિ સમૂહ લગ્ન — સુધાબેન બુધ્ધભટ્ટી કામગીરીમાં હંમેશાં આગળ...

જ્ઞાતિના કુળદેવી મા કાલિકાના મંદિર પાસે આવેલા ચનાણી પાર્ટી પ્લોટમાં નવરાત્રિ દરમ્યાન સૂરીલા કંઠે માતાજીની સ્તુતિ અને ગરબા ગાઈ મહોત્સવમાં અનેરો આનંદ છવાઈ જાય તો જ્ઞાતિના સરસ્વતી સન્માન કાર્યક્રમોમાં આરંભે સરસ્વતી વંદનાથી લઈને મ્યુઝીકલ પ્રોગ્રામમાં પણ સુધાબેનનો સૂર સાંભળવા મળે. ઉપરાંત નાની બાળાઓને રાસ-ગરબા અને નૃત્યો માટે પ્રોત્સાહિત કરે. પોતાનો સમય આપી પ્રેક્ટીસ પણ કરાવે.

ખેડબ્રહ્મા મધ્યે જ્યારે સમગ્ર ભારતનાં જ્ઞાતિજનોના મહામંડળની રચના થઈ એ પછી સાંસ્કૃતિક સમિતિના ચેરમેન પદે સુધાબેનને જવાબદારી સોંપવામાં આવી, જે સફળતાપૂર્વક નિભાવી અને યાદગાર સાંસ્કૃતિક કાર્યક્રમો આપ્યા. જ્ઞાતિના અનેક ઉભરતા કલાકારોને એમણે પ્રોત્સાહિત કર્યા.

સુધાબેન મોતીકામ સરસ કરે છે. જ્ઞાતિના જાણીતા વેપારીઓ સુવર્ણ પેન્ડલ કે સેટમાં મોતીકામની જરૂર જણાય તો સુધાબેનનો સંપર્ક કરે છે. તો જ્ઞાતિની બહેનો માટે તેમણે કળાના વર્કશોપ પણ કર્યા છે. ઉપરાંત પરફ્યુમ મેકિંગના વર્ગ પણ એમણે ચલાવ્યા છે અને ખાસ તો કૂકિંગ - બહેનોને અવનવી વાનગીઓ બનાવવાનું શીખવાડવા પણ સુધાબેન હરહંમેશ તૈયાર હોય છે.


હાલમાં જ ભુજ જ્ઞાતિના મહિલા મંડળના પ્રમુખ તરીકે તેમની નિમણુંક થઈ છે, જે એકદમ યોગ્ય છે કેમકે સમાજ માટે સક્રિય એવા સુધાબેને વર્ષો સુધી વિવિધ હોદ્દાઓને શોભાવ્યા છે.

મહિલા મંડળના પ્રમુખ તરીકે જ્ઞાતિની જરૂરિયાતમંદ બહેનોને મદદ કરવી, માર્ગદર્શન આપવું, મેડિકલ સહાય કરવી, જે માટે મેડિકલ કેમ્પમાં ચેક-અપ કરાવવું, બ્લડ ડોનેશન કેમ્પ રાખવા — ખાસ તો દરેક બહેનો સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થાય એવી અપેક્ષા સુધાબેનની છે. 'જ્ઞાતિસેતુ'ના સંયોજક તરીકે કાર્યરત નવનિયુક્ત મહિલા પ્રમુખને 'જ્ઞાતિસેતુ' ટીમ તરફથી હાર્દિક શુભેચ્છા.

# આપણાં પરિવારો – (૨૨)


પ્રેષક : તુલસીદાસ કંસારા - અમદાવાદ

## સ્વ. દલપતભાઈ નરશીભાઈ બુધ્ધભટ્ટી – એક પરિચય




તા. ૧૫ જુલાઇ, ૨૦૦૭ના રોજ ટાગોર હોલમાં કચ્છી નવા વરસ નિમિત્તે અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ કચ્છી સમાજના કાર્યક્રમમાં દલપતભાઈને મળવાનું થયેલ. ત્યારે તેમની સાથે થોડીવાર ટાગોર હોલના વરંડામાં બેસીને થોડી વાતચીત કરેલ.

આ વાતોની શરૂઆત થઈ ત્યારે તેમના અવાજમાં દર્દ, ગળામાં ખડ્જ, વાતો કરતા કરતા અવનવા સંગીતની રંગત, ક્યારેક મુડમાં આવે એટલે શાસ્ત્રીય તાલમાં રાધા-કૃષ્ણના ભજનો કે અન્ય રાગ-રાગીણી સાંભળવાનો લહાવો મળેલ. અને ત્યારે બંધ આંખો સાથે ડોલતી ગરદન અને ગળામાંથી નીકળતા સૂરોને સથવારો આપતી, તેમની નર્તન કરતી આંગળીઓ જુઓ ત્યારે તેમના મુખારવિંદ ઉપર સરગમ વાંચી શકાય – આજ દલપત અને સરગમ - બંને કાનોમાતર વગરના શબ્દો પણ, ઉચ્ચારવામાં એવા જ આરોહ - અવરોહવાળા આલ્હાદક લાગે.



તેમની સાથે થયેલ વાતોમાંથી તેમજ તેમના જયેષ્ઠ પુત્ર હરીશભાઈ અને સ્વ. મોહનભાઈ રવજી દેવશી બુધ્ધભટ્ટી - ભુજ તરફથી મને મળેલ વિગતો પરથી લીધેલ તેમની પેઢીનો પરિચય અને અન્ય વિગતો અહીં આપેલ છે.

૨૯ જુન, ૧૯૨૯ના રોજ સતીમાતાશ્રી મેઘબાઈ પ્રાગજીની પાંચમી પેઢીએ પિતાશ્રી નરશીભાઈ અને માતુશ્રી ગંગાબેનની કુખે શ્રી દલપતભાઈનો જન્મ કરાંચીમાં થયેલ. તેમનું ત્યાં હતા ત્યાર સુધીનું ભણતર પણ કરાંચીની શારદા મંદિર - જોબનપુત્રાની સ્કૂલ તરીકે ઓળખાતી સંસ્થામાં થયેલ. તેમણે તેમના મોટાભાઈ લક્ષ્મીદાસભાઈ અને લલીતકુમાર સાથે ૧૯૪૭માં દેશનું વિભાજન થયું ત્યારે કપરી પરીસ્થિતિમાં સ્થળાંતર કર્યું. તેમના મોટાભાઈ મુંબઈ ગયા અને નાનાભાઈની ટી.બી.ને કારણે નાદુરસ્ત તબિયત રહેતી હતી અને સેનેટોરીયમમાં દાખલ કરેલ. તેમનું પછીથી અવસાન થયેલ. તેમની વંશાવળી નીચે મુજબ છે.

કેશવજી - શામજી - કુંવરજી - દામજી - પ્રાગજી. કેશવજીભાઈના સાત પુત્રોમાં (૧) ગોકળદાસ, (૨) પરસોત્તમ, (૩) નરશીભાઈ, (૪) નાનાલાલ, (૫) નવલરામ, (૬) દોલતરામ અને (૭) ચંદુલાલ. આમાંથી ત્રીજા નંબરના નરશીભાઈના પુત્ર દલપતભાઈ. આમ તેઓ છઠ્ઠી પેઢીએ સતીમાતાના પ્રપૌત્ર થાય. તેમના અન્ય ત્રણ ભાઈઓમાં કાનજીભાઈ, લક્ષ્મીદાસભાઈ (બર્માશેલવાળા - મુંબઈ) અને લલીતકુમાર ઉર્ફે નાનાલાલ હતા.

શ્રી દલપતભાઈને કરાંચીમાં નાની ઉંમરથી જ સંગીત અને જ્યોતિષ વિદ્યાનો શોખ હતો. તેમના લગ્ન અંજારના નર્મદાબેન સાથે થયેલ. નર્મદાબેન એટલે અંજારમાં ૪૦ ગામવાળા તરીકે ઓળખાતા વાલજી પ્રાગજી પોમલના સુપુત્રી. શ્રી દલપતભાઈના વિસ્તારમાં ત્રણ પુત્રો ડૉ. હરીશભાઈ, વિજયભાઈ અને અનિલભાઈ તેમજ પુત્રી બીનાબેન જે ભુજમાં પરણાવેલ છે.. શ્રી હરીશભાઈએ એમ.એસસી.નો સ્ટેટીસ્ટીક્સ સાથે અભ્યાસ કરેલ અને ઑપરેશનલ રીસર્ચમાં થીસીસ લખી ડૉક્ટરેટની પદવી મેળવેલ છે. તેઓએ ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના આંકડાકીય વિભાગ - સ્ટેટીસ્ટીકલ ડિપાર્ટમેન્ટમાં – તેના વડા તરીકે લાંબા સમય સુધી અમદાવાદની સેન્ટ્રલ ઓફિસમાં તેમના પિતાશ્રીની જેમ નિષ્ઠાભાવે ફરજ બજાવેલ અને ઉજ્જવળ કારકિર્દી સાથે થોડા સમય પહેલા જ નિવૃત્ત થયેલ છે. તેમના બીજા પુત્ર વિજયભાઈ ફર્નીચરનું કામકાજ કરે છે. તેમજ ગુજરાત યુનિવર્સિટી જેવી મોટી સંસ્થાઓના કોન્ટ્રાક્ટર તરીકે પણ કાર્ય કરે છે. તેમના ત્રીજા પુત્ર અનિલભાઈ આણંદમાં શેર માર્કેટમાં કાર્યરત છે.

શ્રી દલપતભાઈ ભૂતકાળમાં સરી જાય તે પહેલાં મેં તેમને પૂછેલ કે આ ગાયકી અને સંગીત, "મહેફીલ એ શામ" જેવું વાતાવરણ ખડું કરતું, કોઈ પાકીઝા કે મુઝરાઓના ગવૈયાની યાદ અપાવતા ગીત-સંગીતનો શોખ તમને ક્યાંથી લાગ્યો? આ પ્રશ્નનો ઉત્તર સાંભળીને હું તો તાજ્જુબ થઈ ગયો.

***"ત્યારે મારી ઉંમર લગભગ ૧૨ કે ૧૪ વરસની. કંઈક શીખવાની તમન્ના. સંગીત શિક્ષક પૈસા વગર શીખવાડે નહીં. ભાગલ પહેલાનું કરાંચી, કરાંચીની ખાસ ગલીઓમાં મુઝરાઓ અને ગાનારીઓનો વસવાટ. તેમાં એકાદ વખત ગાનારની એકાએક જરૂરિયાત ઊભી થઈ. શિક્ષકે મને સૂચન કર્યું અને હું પહોંચી ગયો એ બજારમાં. તાલ સાથે સૂર મેળવ્યા, થાથા, થૈથૈ કરતા ઘુંઘરૂના અવાજને સાથ આપ્યો. સંગીતમય વાતાવરણ બન્યું અને મારો આત્મવિશ્વાસ વધી ગયો અને હું શીખી ગયો સંગીત!!"***

આ દલપતભાઇ, સાહિત્ય - વાંચનના પણ એવા જ શોખીન. વાતવાતમાં યુગસર્જક લેખક વજુ કોટકની વાર્તાઓ, રમકડા, વહુ, હા કે ના વગેરેના પાત્રોને યાદ કરતા જાય અને વાંચવાનું સૂચન પણ કરતા જાય. વચ્ચે વચ્ચે "આવકાર નહીં, આદર નહીં, નહીં નેણ માં નેહ; કબીર વહાં ન જાઈએ, જહાં કંચન ન બરસે મેહ" જેવા કબીરના દોહા ટાંકતા જાય. તેઓ મારી બદલી રાજકોટથી અમદાવાદ પરત થઈ (જુન ૧૯૮૫) ત્યારે હું બે વરસ માટે જીવરાજ પાર્કમાં રહેવા ગયેલ અને તેમને સમાચાર મળેલ એટલે એક સાંજે તેઓ મારે ઘેર પધારેલ. ત્યારે મારી નોકરી જી.આઈ.ડી.સી. ઓઢવમાં બ્રાંચ મેનેજર તરીકે હતી. ત્યાંથી ૧૪ કિ.મી.નું અંતર કાપીને સ્કુટર પર આવતા સ્વાભાવિક રીતે જ થોડું મોડું થઈ જતું. એક સાંજે હું ઘેર પહોંચ્યો ત્યારે દલપતભાઈ જાણે ઉઠવાની તૈયારી કરતા હતા કારણકે ત્યારે ઘેર "કલરમેન" નામનું ટી.વી. ખરીદેલ અને બાળકો તે જોવામાં મશગુલ હતા અને તેમની મમ્મી રસોડામાં. તેથી કદાચ તેમની સાથે વાતો કરવાવાળું કોઈ ન હતું, તેથી બેસીને કંટાળેલ હશે. એટલે હું ઘેર પહોંચ્યો અને તેઓ કહે, ચાલો હવે હું જઉં. થોડા ગુસ્સા જેવા ભાવ પણ મને તેમના મુખ પર જણાયેલ. મેં ખુલાસો કર્યો અને થોડીવાર આગ્રહ કરીને બેસાડ્યા. ચા-પાણી નાસ્તો કર્યા પછી થોડી વાતો કરીને તેઓને મુડમાં લાવ્યો અને પછી હસતે મોઢે વિદાય આપી. આમ તેમનો વ્યવહારૂ છતાં એક ધૂની કલાકાર જેવા સ્વભાવનો પણ મને અનુભવ થયેલ.

શ્રી દલપતભાઈનો અન્ય ખાસ શોખ અમદાવાદમાં દરેક જ્ઞાતિજનના ઘરે જવાનો અને તેમની સાથે ઘરોબો રાખવાનો. સમાજમાં જ્યારે કોઈનું અવસાન થાય ત્યારે સ્મશાનમાં તેમની હાજરી તો અવશ્ય હોય જ. તેટલું જ નહીં, પરંતુ ત્યાં તેઓ દરેક બાબતની વ્યવસ્થા કરે અને જે પરિવારમાં મરણ થયું હોય તેને જરૂરી સલાહ સૂચનો પણ આપે. મારી બદલીને કારણે અમદાવાદમાં ૧૯૭૭ના આખરી મહિનામાં સપરિવાર આગમન પછી વીસ દિવસમાં મારા દાદીમાં અવસાન થયેલ ત્યારે હું તો અહીં નવો હતો. પરંતુ દલપતભાઈએ જ બધી વ્યવસ્થા સંભાળેલ અને મને સ્મશાનને લગતા દરેક સર-સામાનથી લઇને કઈ જગ્યાએ અગ્નિદાહ કરવાનો તેમજ બ્રાહ્મણ વગેરેના વિધિ-વિધાનની તમામ સગવડ તેમણે જ કરી આપેલ.

શ્રી દલપતભાઈના અમદાવાદમાં મારા જેવા નવા આવનાર જ્ઞાતિભાઈને સહકુટુંબ પોતાને ઘેર બોલાવવાનો અને જમાડવાના પણ પ્રેમી. અરવિંદ મિલમાં હિસાબો લખવાની નોકરીના ટુંકા પગાર છતાં અને છ વ્યક્તિનું મોટું કુટુંબ. છતાં તેમનું દિલ ખૂબ જ વિશાળ. ત્યારના ૧૨ દરવાજા અને પોળો તેમજ પોળોમાં વસેલ આ આશરે છસ્સો વરસ જૂના હેરિટેજ શહેર અમદાવાદના લગભગ દરેક જ્ઞાતિજનના ઘેર તેઓ પગપાળા જ પહોંચી જાય, તેમના ચાલવાના શોખને કારણે. અને તે શોખને કારણે જ લાંબી આવરદા સુધી તેઓ શરીરે સ્વસ્થ રહેલ.


અને આ લેખ પૂરો કરતા પહેલા તેમના સ્વભાવની એક ખાસ વાત નોંધવાની છે, કે તેમને પ્રસિદ્ધિનો મોહ તો જરા પણ ન હતો. મેં જ્યારે જ્યારે તેમના વિશે 'સેતુ' કે 'કચ્છશ્રુતિ' જેવા સમાજના મુખપત્રમાં લખવાની વાત કરેલ ત્યારે ત્યારે તેમણે ઘસીને ના પાડેલ. તેમના વ્યક્તિત્વનું આ પાસું. આ સમયમાં જવલ્લે જ જોવા મળતા એક, અંગ્રેજીમાં કહું તો અન-એઝ્યુમિંગ કે નિરાભિમાની, નિરાડંબરી વ્યક્તિ તરીકે ખાસ ધ્યાન ખેંચે તેવું પાસું હતું.

આવા દલપતભાઈ, જેઓ અમદાવાદની જ્ઞાતિમાં વરસો સુધી એક લીજેન્ડ હતા, આખી નાતની જાણે ડિક્ષનરી હતા, વરસોથી દરેક કુટુંબને ઓળખનાર એક વડીલ હતા, તેમને આજથી ત્રણ વરસ પહેલા અમે ગુમાવ્યા. તેમનું અવસાન તા. ૨૧-૫-૨૦૧૬ના રોજ બુધ્ધ જયંતીના દિને ૮૯ વરસની ઉંમરે થયેલ. ત્યારે અમદાવાદના ચારે ખૂણે રહેતા જ્ઞાતિજનો અને માંડવીની પોળમાં રહેતા કાઠિયાવાડની જ્ઞાતિના લોકો પણ દૂધેશ્વર સ્મશાને બહોળી સંખ્યામાં હાજર હતા. જે તેમના મળતાવડા સ્વભાવ, તેમની રખત-રખણી અને સંબંધો જાળવવાની વ્યવહાર કુશળતાના સાક્ષી હતા. આજે તેમના અવસાનને ત્રણ વરસનો સમય વીતી ગયેલ છે, ત્યારે તેમના દેહાંતના મહિનામાં શ્રદ્ધાંજલિ તરીકે આ લેખ તેમને અર્પણ કરૂં છું.

## તેજસ્વી તારલા



**ભૂમિ તરૂણ સોની**
**ભુજ**
**ધોરણ-૪ : ૮૫.૧૦%**



**રાજવીર ચંદ્રકાંત બુધ્ધભટ્ટી**
**માંડવી**
**Std.-8 : 71.56%**

# એક વૈકલ્પિક શિક્ષણ પ્રણાલી - ઇન્ટરનેશનલ બેક્લોરીએટ (આઈ.બી.)

પ્રો. રસીકભાઈ મહિચ્છા

બાળકનો જન્મ થાય ત્યારથી આપણને વિચાર થાય કે તેને કઈ સ્કૂલમાં દાખલ કરીશું? જેમ એન્જિનિયરીંગ, મેડિકલ કે એમ.બી.એ. પ્રવેશ મેળવવા દોડધામ કરવી પડે છે તેવી જ ચિંતા કે.જી. કે પ્લે ગ્રુપમાં પ્રવેશ મેળવવા વર્તમાન સંજોગોમાં કરવી પડે છે. એ દિવસો ગયા કે આપણા બાળકને નજીક હોય એવી કોઈ પણ સ્કૂલમાં નામ લખાવી આવીએ અને તેને દાખલ કરાવી દઈએ.

આનું કારણ એ છે કે પ્રાથમિક શિક્ષણમાં ઘણા બધા વિકલ્પ ઉપલબ્ધ છે. આપણે કયો વિકલ્પ સ્વીકારવો એ મિલિયન ડોલરનો સવાલ છે. કારણકે એક વખત એક ઓપ્શન સ્વીકારી લીધું, પછી તેને રીવર્સ નહીં થઈ શકે અથવા ખૂબ મુશ્કેલ બનશે.

મોટા શહેરમાં પ્રાઈમરી એજ્યુકેશન માટે નીચે મુજબના વિકલ્પ મળી શકે છે :

૧. State Examination Board — Education Department - Government of Gujarat

૨. સેન્ટ્રલ બોર્ડ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)

૩. ધ કાઉન્સિલ ઓફ ઇન્ડિયન સ્કુલ સર્ટીફિકેટ એક્ઝામિનેશન (ICSE)

૪. ઈન્ટરનેશનલ જનરલ સર્ટીફિકેટ ઓફ સેકન્ડરી એજ્યુકેશન

૫. કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ એક્ઝામિનેશન

૬. ઈન્ટરનેશનલ બેક્લૉરીએટ

આપણને મોટાભાગના વિકલ્પની ખબર હશે પરંતુ છેલ્લે આઈ.બી. વિશે કદાચ બધાને બહુ ખબર નહીં હોય. તો આ વખતે તેની વાત કરીએ.

IB નું પૂરું સ્વરૂપ છે ઇન્ટરનેશનલ બેક્લોરીએટ (International Baccalaureate) છે કે જે તેનો ટ્રેડ માર્ક પણ છે. આ એક સળંગ આંતરરાષ્ટ્રીય શિક્ષણ પધ્ધતિ છે અને ૧૫૬ દેશોની ૫૦૦૦થી વધુ સ્કૂલો માન્ય ગણાય છે. એવો દાવો કરવામાં આવે છે કે આ પ્રકારની શિક્ષણ પધ્ધતિ દ્વારા વિદ્યાર્થી પોતાનો વ્યક્તિગત અને શૈક્ષણિક વિકાસ સાધી શકે છે અને તેના વિદ્યાર્થીઓ જીવનમાં ચેલેન્જીંગ પરિસ્થિતિનો સામનો કરી શકે છે. આ અભ્યાસક્રમ શિક્ષણ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી આંતરદેશીય સંસ્કૃતિ, ધર્મ, કળા અને ભાષા વૈવિધ્ય ધરાવતાના માનવ સમાજ પ્રત્યે પ્રેમ અને આદરભાવ દર્શાવે છે અને શાંતિપૂર્ણ વિશ્વ નિર્માણમાં યોગદાન આપે છે. વિશ્વભરના વિદ્યાર્થીઓને મહેનત, શિસ્ત, પરસ્પર પ્રેમ અને કરૂણા ધરાવવા પ્રોત્સાહિત કરે છે. વિવિધ વિષયોના જ્ઞાન આપવાની સાથે એક લર્નર્સ પ્રોફાઈલ બનાવેલી હોય છે અને તે પ્રમાણે વિદ્યાર્થી વિદ્યાભ્યાસ સાથે તેવા ગુણો સંપાદન કરે તેવો આગ્રહ રાખવામાં આવે છે.

- Inquires – ઉત્સુકતા.
- Knowledgeable – જ્ઞાની.
- Thinkers – વિચારશીલ
- Communicators – અભિવ્યક્તિ
- Principled – સિધ્ધાંતવાદી
- Open-minded – પૂર્વગ્રહ રહિત
- Caring – કાળજી રાખનાર
- Risk-takers – જોખન લેનાર
- Balanced – તટસ્થ
- Reflective – સંવેદનશીલ

શિક્ષણની ભૂમિકા માત્ર ગણિત, વિજ્ઞાન, ભૂગોળ કે ઇતિહાસની માહિતી સંગ્રહ કરવી એ નથી પરંતુ વિદ્યાર્થીમાં વિષયોના જ્ઞાન સાથે માનવતાના ગુણો વિકસાવી સમાજ ગુના રહિત શાંતિમય બને એ જોવાનું છે.

૧૯૭૬માં ભારતમાં સૌપ્રથમ IB નો અભ્યાસક્રમ શરૂ થયો હતો. આપણા દેશમાં આ અભ્યાસક્રમ ઑફર કરનારી ૧૬૦ IB WORLD SCHOOLS આવેલી છે. જીનીવામાં તેનું વડું મથક આવેલું છે અને એશિયા પેસીફિક રીજીયન કે જેમાં ભારતની સ્કૂલોનો સમાવેશ થાય છે, તેનું વડું મથક સીંગાપોરમાં આવેલું છે.

સ્વીટ્ઝરલેન્ડમાં આવેલું જીનીવા એક વૈશ્વિક શહેરનું બિરૂદ ધરાવે છે કારણકે ત્યાં વિશ્વની મહાન આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે યુનાઈટેડ નેશન અને રેડ ક્રોસના હેડ ક્વાર્ટર્સ છે. વિશ્વ યુદ્ધ માટે વિશ્વવિખ્યાત જીનીવા કન્વેન્સન્શ પણ અહિયા ઘડાયા હતા. કલા સંસ્કૃતિ અને સંગીતનું ધામ ગણાતા જીનીવામાં આ

શિક્ષણ પધ્ધતિ વિકસી છે.

આ જીનીવા, સ્વિટ્ઝરલેન્ડમાં રહેતી મેડમ મેરી થીરીઝ માઉરેટ નામની ફ્રેંચ શિક્ષણશાસ્ત્રીએ બીજા વિશ્વ યુધ્ધના ખતરનાક પરિણામોની પાર્શ્વ ભૂમિકામાં ૧૯૪૮માં "શાંતિ માટેની શિક્ષણ પધ્ધતિ શું? તે અસ્તિત્વ ધરાવે છે?" નામનું એક પુસ્તક લખ્યું અને તેના આધારે જીનીવાની આંતરરાષ્ટ્રીય સ્કૂલના કેટલાક શિક્ષકોએ સાથે મળીને ૧૯૬૦માં ઇન્ટરનેશનલ સ્કૂલ એક્ઝામિનેશન સિન્ડિકેટ બનાવીને એક ડિપ્લોમા અભ્યાસક્રમ ડિઝાઇન કર્યો કે જે પાછળથી IB ડિપ્લોમા (IBDP) તરીકે ઓળખાયો. ત્યારબાદ IB ના અન્ય અભ્યાસક્રમો પણ બનાવવામાં આવ્યા. તે પ્રાથમિક વર્ષોના અભ્યાસક્રમોમાં ભાષા, વિજ્ઞાન, ગણિત, ઇતિહાસ અને ભૂગોળ - અર્થશાસ્ત્ર જેવા વિષયો ભણાવવામાં આવે છે અને સાથે વ્યક્તિગત વિકાસને લગતા વિષયો પણ હોય છે. એવા ફેમિલીઝ કે જેમનું એક દેશથી બીજા દેશમાં રહેવા જવાનું થતું હોય તેમના બાળકો માટે એકસમાન અને દરેક દેશમાં માન્ય હોય તેવા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપતા અભ્યાસક્રમોની જરૂર રહે છે. તેમાં ઇન્ટરનેશનલ બેકેલોરીએટ (IB) અભ્યાસક્રમનો સમાવેશ થાય છે. ડિપ્લોમા પ્રોગ્રામ પાસ કરેલા વિદ્યાર્થીઓ વિશ્વની માન્ય કોલેજમાં તેની સંબંધિત વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવા પાત્ર ગણાય છે. ઉદાહરણ તરીકે ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને મેથ્સ સાથે IBDP ધરાવનાર ભારતની માન્ય યુનિવર્સિટીની એન્જિનિયરીંગ કોલેજમાં પ્રવેશ મેળવી શકે છે.

ઇન્ટરનેશનલ બૅકેલોરીએટના અભ્યાસક્રમો આ પ્રમાણે હોય છે :

- પ્રાઇમરી યીઅર્સ પ્રોગ્રામ PYP ૩ વર્ષથી ૧૨ વર્ષ
- માધ્યમિક યીઅર્સ પ્રોગ્રામ MYP ૧૧ વર્ષથી ૧૬ વર્ષ
- ડિપ્લોમા પ્રોગ્રામ DP ૧૬ વર્ષથી ૧૯ વર્ષ

IB સ્કૂલ શરૂ કરવા માટે IB ના સીંગાપોર ખાતેના રીજીઓનલ સેન્ટરમાંથી ઓથોરાઇઝેશન મેળવવાનું હોય છે. ઓથોરાઇઝેશન બાદ તે આંતરરાષ્ટ્રીય વૈશ્વિક સ્કૂલ તરીકે ઓળખાવી શકે છે અને વિદેશના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે છે. IBDP પાસ કરેલ વિદ્યાર્થી ૧૦ + ૨ સમકક્ષ ગણાય છે.

IB અભ્યાસક્રમ આપણા માટે કેટલો સારો છે? જ્યારે સારા - ખરાબનો વિચાર કરીએ ત્યારે ઘણી બધી બાબતોનો વિચાર કરવો જોઈએ અને તે બાબતો દરેક પ્રકારના વિદ્યાર્થી માટે એકસમાન ન હોઈ શકે. કારણકે દરેક વિદ્યાર્થીની સોશિયો - ઇકોનોમિક કન્ડિશન્સ એકસરખી નથી હોતી. IB સ્કૂલોમાં સારૂં શિક્ષણ મળે છે અને વિદ્યાર્થીનો માનસિક વિકાસ આધુનિક શિક્ષણ પ્રણાલી દ્વારા સારો થાય છે. વિદ્યાર્થીઓને ખૂબ મહેનત પણ કરવી પડે છે કારણકે તેનું સ્ટાન્ડર્ડ ઊંચું છે.

પરંતુ વિદ્યાર્થીઓનું માનસ તેના માટે એકસરખું પોઝીટીવ પ્રતિભાવ નથી આપતું. ઘણી વખત વિદ્યાર્થી એવું પણ વિચારે કે એ જ અભ્યાસક્રમ માટે અન્ય સ્કૂલોમાં ઓછી મહેનત કરવી પડે છે, તો મારે શા માટે વધારે મહેનત કરવી જોઈએ. અન્ય સ્કૂલો કરતા IB સ્કૂલોની ફી ઊંચી હોય છે અને અન્ય ખર્ચાઓ પણ ઘણા આવે છે. બધા વિદ્યાર્થીઓ વૈશ્વિક રીતે મોબાઇલ નથી હોતા. વળી તેના માટે આંતરરાષ્ટ્રીય માન્યતાની જરૂર નથી. જો ભારતીય કૉલેજોમાં જ ઉચ્ચ શિક્ષણ મેળવવાનું હોય તો આઈ.બી. સ્કૂલનું વિશેષ યોગદાન રહેતું, સિવાય કે અન્ય ગુણો અને વ્યક્તિગત વિકાસ અને કેટલીક કોલેજોમાં માન્યતાનો પ્રશ્ન આવી શકે છે.

આવા સંજોગોમાં વિદ્યાર્થીના મા-બાપે કે વાલીએ સમજદારીપૂર્વક નિર્ણય લેવાનો રહે છે.

***અનુકૂળ સંજોગોમાં અદૃશ્ય અને પ્રતિકૂળ સંજોગોમાં પ્રગટ થતા લોકો જ ખરા હિતેચ્છુ હોય છે.***


## MATRIMONIAL



**Name** : **TEJAS** Mansukhbhai Parmar
**Birth Date** : 13-01-1988
**Birth Place** : Keshod
**Birth Time** : 3 a.m.
**Height** : 5'8"
**Weight** : 68 Kg.
**Education** : T.Y.B.Com.

***FAMILY DETAILS***

**Father** : Mansukhbhai Fulchand Parmar
**Occupation** : Transport Business
**Mother** : Rasilaben Mansukhbhai Parmar
**Sisters** : Priya Kalpeshkumar Budh (Jamnagar)
Feny Bhargavkumar Goradia (Sihor)
Pooja Parmar (Single)
**Address** : "Ratilal Smruti", Sharad Chowk, Keshod.
**Offiice Add.** : Maruti Transport, Char Chowk, Keshoa.
**Contact** : Mansukhbhai Parmar # 99244 08178
**Mosal** : Ramniklal Vanmalidas Chhatrala (Dhoraji)

# ધોરણ-૧૨ કોમર્સ પછી પ્રોફેશનલ કોર્સીસ

**C.A. કરીમ લાખાણી**

ધોરણ ૧૨ (કોમર્સ) પછી અગાઉ ઉત્તમ કારકિર્દીના મર્યાદિત વિકલ્પો હતા. પરંતુ છેલ્લા ઘણા સમયથી ભારતમાં કોલેજના અભ્યાસની સાથે સાથે પ્રોફેશનલ ડિગ્રી કોર્સ પણ કરી શકાય છે. તદુપરાંત ગ્રેજ્યુએશન ઉપરાંત નામાંકિત સંસ્થા અને સરકાર માન્ય ઇન્સ્ટિટ્યૂટમાંથી CA, CS, ICWA જેવી ખૂબ જ પ્રતિષ્ઠિત ડિગ્રી મેળવી શકાય છે. જે વિદ્યાર્થી મિત્રોએ ધોરણ ૧૨ (કોમર્સ)ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થી મિત્રોએ કોલેજમાં B.Com., BBA, BCA જેવી ગ્રેજ્યુએશનની ડિગ્રીમાં પ્રવેશ લેવાની સાથે સાથે તેઓની રૂચિ અને ક્ષમતા અનુસાર પ્રોફેશનલ ડિગ્રીમાં પ્રવેશ લઇ સખત મહેનત કરી પોતાની ઉત્તમ કારકિર્દી બનાવી શકે છે.

- **શા માટે પ્રોફેશનલ કોર્સીસ?**

પ્રોફેશનલ કોર્સીસ આપણને કારકિર્દીમાં ખૂબ જ મદદરૂપ બને છે. કોઈ એક ક્ષેત્રમાં નિપુણતા મેળવવા જેમ કે ફાઈનાન્સ, એકાઉન્ટીંગ, કોસ્ટીંગ, મેનેજમેન્ટ, વીમો, બેન્કિંગ, I.T. વગેરે પ્રોફેશનલ કોર્સીસ દ્વારા આપ જે તે વિષયની 'થીયરી'માં તો નિષ્ણાત બનો જ છો પણ સાથે સાથે ઇન્સ્ટિટ્યૂટ દ્વારા આપને જે તે વિષયની પ્રેક્ટીકલ ટ્રેઇનિંગ પણ આપવામાં આવે છે. જેથી આપ જ્યારે કોઈ પણ કંપનીમાં નોકરી કરવા જાઓ કે પોતાનો વ્યવસાય કરવા માંગો તો સરળતાથી સફળ કારકિર્દી બનાવી શકો છો. આપણો દેશ વિશ્વની સૌથી ઝડપથી વિકસિત આર્થિક સત્તા બની રહ્યો છે. ત્યારે ભારતમાં આર્થિક ક્ષેત્રે સરકાર દ્વારા ઘણા બધા પગલાઓ લેવામાં આવ્યા છે, ત્યારે દેશને વધુને વધુ પ્રોફેશનલ્સની જરૂર છે. જેમકે નોટબંધી, જી.એસ.ટી., કરવેરા ક્ષેત્રે સુધારા વગેરે જેવા પગલા દ્વારા.....

- **પ્રોફેશનલ ડિગ્રી કોર્સનું મહત્ત્વ :**

★ CA, CS, ICWA જેવા મહત્ત્વના ડિગ્રી કોર્સ કોલેજના અભ્યાસની સાથે સાથે કરી શકાય છે.

★ સરકાર દ્વારા પ્રમાણિત હોય છે એટલે તેમાં છેતરાવવાનો પ્રશ્ન આવતો નથી.

★ આ કોર્સીસમાં ભારતભરમાં એકસરખી અને એકસમાન પરીક્ષાઓ લેવાય છે.

★ મોટાભાગના કોર્સ સેલ્ફ સ્ટડી છે. જે કોઈપણ જાતના ટ્યુશન ખર્ચ વગર પણ કરી શકાય છે.

★ મોટાભાગના કોર્સમાં સમયગાળો ૩થી ૫ વર્ષનો છે. લગભગ ૨૨ વર્ષની ઉંમરે ડિગ્રી હાંસલ કરી શકાય છે.

★ મોટાભાગના કોર્સમાં પરીક્ષા પાસ કર્યા પછી કોર્પોરેટ ફિલ્ડમાં નોકરી કરી શકાય છે અથવા પોતાની ઓફિસ કરી સ્વતંત્ર પ્રેક્ટીસ કરી શકાય છે.

★ પ્રોફેશનલ ડિગ્રી પાસ કરવાથી સમાજમાં માન - મોભો પણ મેળવી શકાય છે.

★ પ્રોફેશનલ કોર્સીસમાં મંદી આવતી નથી. હંમેશાં આવા ડિગ્રી ધારકોની માંગ સતત રહે છે.

★ આ પ્રકારના કોર્સમાં સામાન્ય રીતે નિવૃત્તિ હોતી નથી.

- **શું જોઈએ?**

(૧) ધીરજ, (૨) રસ, (૩) ખંતપૂર્વક મહેનત, (૪) ફોકસ, (૫) Never Give up Approach.

## ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (C.A.)

ભારતમાં C.A. ની ડિગ્રી "ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયા" દ્વારા આપવામાં આવે છે. સરકાર દ્વારા ધી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એક્ટ, ૧૯૪૯ દ્વારા આ ડિગ્રીનું અસ્તિત્વ આવેલ છે. C.A. ની ડિગ્રી મેળવનાર ઓડિટીંગ એકાઉન્ટન્સી, ટેક્ષેશન, GST, ફાઈનાન્સ વગેરે બાબતોમાં નિષ્ણાત ગણાય છે. એચ.એસ.સી. (ધોરણ ૧૨)ની પરીક્ષા પાસ થયા બાદ C.A. નો કોર્સ કરી શકાય છે અને આ કોર્સની સાથે સાથે B.Com. નો અભ્યાસ પણ કરી શકાય છે. આ કોર્સ માટેના ત્રણ તબક્કાઓ હોય છે : (૧) C.A. ફાઉન્ડેશન, (૨) C.A. Inter, (૩) C.A. ફાઈનલ. જો કે ૫૫% સાથે B.Com., M.Com. અને અન્ય કોઈ સ્ટ્રીમમાં ૬૦% સાથે ગ્રેજ્યુએટ અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીને ફાઉન્ડેશનની પરીક્ષા આપવાની જરૂર નહીં પડે. તેઓ સીધા જ C.A. ના બીજા તબક્કામાં Inter માં પ્રવેશ મેળવી શકે છે.

- **C.A. કોર્સની વધુ વિગતો માટે ક્યાં મળવું?**

ICAI ભવન, ૧૨૩, સરદાર પટેલ કોલોની,
સરદાર પટેલ સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪.
વેબસાઈટ : www.icai.org
ફોન : (૦૭૯) ૨૭૬૮૦૯૪૬

***"C.A. are partners in Nation Building."***

*–Dr. A.P.J. Abdul Kalam*

## કંપની સેક્રેટરી (C.S.)

ઇન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરી ઑફ ઇન્ડિયા એ કંપની સેક્રેટરી કાયદો, ૧૯૮૦ મુજબ ભારતમાં કંપની સેક્રેટરીના વ્યવસાયને વિકસાવવા અને નિયંત્રિત કરવા માટે સ્થાપિત

કરવામાં આવેલ સંસ્થા છે. આ સંસ્થા ભારત સરકારની મિનિસ્ટ્રી ઑફ કોર્પોરેટ અફેર્સના માર્ગદર્શન હેઠળ કાર્ય કરે છે. હાલમાં આ સંસ્થાના લગભગ ૫૩,૦૦૦ સભ્યો સક્રિય રીતે કાર્યરત છે અને લગભગ ૪,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓ કંપની સેક્રેટરીનો અભ્યાસ કરી રહ્યા છે.

- **C.S. કોણ કરી શકે છે?**

ધોરણ ૧૨ લઘુત્તમ ૫૦ ટકા સાથે પાસ થયા બાદ C.S. નો કોર્સ કરી શકાય છે.

- **C.S.નો કોર્સ કરવા માટે કેટલા અને કયા તબક્કાઓ છે?**

C.S. નો કોર્સ માટેના ત્રણ તબક્કાઓ છે : (૧) ફાઉન્ડેશન, (૨) Inter અથવા Executive, (૩) Professional.

આ કોર્સમાં B.Com.ની ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીને ફાઉન્ડેશનની પરીક્ષા આપવાની જરૂર રહેતી નથી. તેઓ સીધા જ તેના બીજા તબક્કા Inter or Executive માં પ્રવેશ મેળવી શકે છે. C.S. ની ડિગ્રી "ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરી ઑફ ઇન્ડિયા" દ્વારા આપવામાં આવે છે. જે ધી કંપની સેક્રેટરી ૧૯૮૦ એક્ટ દ્વારા કાયદો પસાર કરવામાં આવેલ છે.

***C.S.ના કોર્સની વધુ માહિતી માટે સંપર્ક :***

ICSI S-2, B ટાવર, ચીનુભાઈ ટાવર, આશ્રમ રોડ, વિશાલપુર મુસ્લિમ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : (૦૭૯) ૩૦૦૨૫૩૩૫, ૨૬૫૭૫૩૩૪ / ૩૫.

## C.M.A. (કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ)

ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોસ્ટ એકાઉન્ટ્સ ઓફ ઇન્ડિયા કોલકાતા દ્વારા આ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. સામાન્ય રીતે પ્રાઇવેટ કંપનીમાં કોસ્ટ એકાઉન્ટન્ટનો હોદ્દા ઉપર આ લાયકાત ધરાવનારને લેવામાં આવે છે. તદુપરાંત જાહેર ક્ષેત્રની કંપનીમાં એકાઉન્ટ ઑફિસર તરીકે નિમણૂંક મળી શકે છે. અગાઉ I.C.W.A. તરીકે ઓળખાતો આ પ્રોફેશનલ અભ્યાસક્રમ હવે C.M.A. તરીકે ઓળખાય છે.

- **C.M.A. કોર્સ શું છે?**

પાર્લામેન્ટના એક્ટ દ્વારા સ્થાપિત "ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોસ્ટ એકાઉન્ટન્સ" દ્વારા આ કોર્સનું સંચાલન કરવામાં આવે છે. તે આ દેશમાં ઉદ્યોગમાં કોસ્ટ મેનેજમેન્ટ માટે પ્રોફેશનલ તૈયાર કરે છે. CMA કોર્સમાં ફાઇનલ પરીક્ષા પાસ કરીને કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ બની શકાય.

- **આ કોર્સ કોણે કરવો જોઈએ?**

આ કોર્સમાં પ્રવેશ માટે ધોરણ ૧૨ની લાયકાત જોઈએ છે (ફાઉન્ડેશન માટે).

જો ગ્રેજ્યુએશન હોય તો ઇન્ટરમીડિયેટમાં સીધો પ્રવેશ મળી જાય છે. જેમને ભવિષ્યમાં ફાઇનાન્સ પ્રોફેશનલ બનવું હોય તેના માટે આ કોર્સ ઉપયોગી છે. આ કોર્સ સી.એ. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)ની સમકક્ષ છે. હરીફાઈના જમાનામાં દરેક ઉદ્યોગે પોતાની પડતર જણાવવાની અને તેને અંકુશમાં લેવા ઉપરાંત આર્થિક લાભોના બગાડ અટકે તે જોવું જરૂરી છે. ઉપરાંત જેને પોતાની સ્વતંત્ર પ્રેક્ટિસ કરવામાં રસ હોય તેના માટે પણ આ કોર્સ ઉપયોગી છે. કોઈપણ ગ્રેજ્યુએટ B.A., B.Com., B.Sc., B.B.A., B.E., B.C.A. પણ કરી શકે છે. કોઇ લેખિત પરીક્ષા નથી. ગમે તેટલા ટકા આવેલ હોય તો પણ કરી શકે.

***વધુ માહિતી માટે સંપર્ક :***

C.M.A. PD Modh (Chairman Oral Coaching)
મોબાઇલ : ૯૭૨૭૭ ૬૭૫૭૪
ICAI - અમદાવાદ ચેપ્ટર, ૪૦૨-૪૦૩, શોપર્સ પ્લાઝા, યુનિટ-૩, ૪થા માળે, મ્યુનિસિપલ માર્કેટની પાછળ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : (૦૭૯) ૨૬૪૦૩૬૧૬

## પાંચ વર્ષનો ઇન્ટીગ્રેટેડ LL.B. (Hons.) પ્રોગ્રામ

જે વિદ્યાર્થી મિત્રો દલીલમાં પાવરધા હોય અને પોતાની વાતની સારી રીતે રજૂઆત કરી શકતા હોય તેમના માટે ભારતમાં કાયદાના ક્ષેત્રે વિપુલ તકો રહેલી છે. કાયદાના ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે LL.B. ની ડિગ્રી (Bachelor of Laws) હોવી જરૂરી છે. ભારતમાં LL.B. બે રીતે કરી શકાય છે : (૧) પાંચ વર્ષનો ઇન્ટીગ્રેટેડ LL.B. કોર્સ. (૨) ગ્રેજ્યુએશન બાદ ત્રણ વર્ષનો LL.B. નો કોર્સ જેમાં શરૂઆતના બે વર્ષને LL.B. જનરલ અને પછીના એક વર્ષને LL.B. સ્પેશિયલ કહે છે. કાયદાના ક્ષેત્રમાં ક્રિમિનલ, દિવાની (સિવિલ), કોર્પોરેટ, સાયબર, IPR (બૌદ્ધિક સંપદા), મેડિકો-લીગલ એજ્યુકેશન જેવી બ્રાંચ ઉપરાંત સ્પેસ લૉ (અવકાશી કાયદા) તેમજ મરીન લૉ (સંપર્ક : ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી) જેવી અદ્યતન બ્રાંચ પણ જોવા મળે છે.

- **LL.B.ની પરીક્ષા માટે ક્યારે પ્રવેશ મેળવી શકાય છે?**

LL.B. અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ બંને સમયે

કરી શકાય છે.

*અંડર ગ્રેજ્યુએટ માટે :*

- ★ ૧૨મા ધોરણ પછી LL.B. કરી શકાય છે. તેના માટે ઉમેદવારે CLAT (Common Law Admission Test) ની પરીક્ષા આપવી પડે છે.
- ★ ૧૨મા ધોરણની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થી પણ CLAT ની પરીક્ષા આપી શકે છે. ૧૨મા ધોરણમાં ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ હોવા જોઈએ.
- ★ સામાન્ય વર્ગના ઉમેદવાર માટે મહત્તમ વયમર્યાદા ૨૦ વર્ષ છે.
- ★ એસ.સી. / એસ.ટી. અને વિકલાંગ ઉમેદવારો માટે મહત્તમ વય મર્યાદા ૨૨ વર્ષ છે.

*પોસ્ટ ગ્રેજ્યુએટ માટે*

- ★ LL.B.માં ઉમેદવારે ૫૫% કરતા ઓછા માર્ક મેળવેલા ન હોવા જોઈએ.
- ★ એસ.સી. / એસ.ટી. / ઓ.બી.સી. અને વિકલાંગ વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછા ૫૦% મેળવેલા હોવા જોઈએ.

- **CLATની પરીક્ષાના ફોર્મ ક્યાં મળે છે?**

ક્લેટ (CLAT)ની પરીક્ષા માટે OMR અરજીપત્ર, બ્રોશર સાથે રૂા. ૧૫૦/- આપીને દેશની બધી જ પોસ્ટ ઑફિસમાંથી અને દેશની ૧૨ નેશનલ લૉ યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરી શકાય છે.

*કોર્સની વધુ વિગતો માટે ક્યાં મળવું?*

Registrar, Gujarat National Law University, Old NIFT Campus, E4, GIDC, Gleesonic Zone, Gandhinagar-382 028.

વેબસાઈટ : www.gnlu.ac.in

★

ધોરણ ૧૨ પછી કોમર્સમાં ઉચ્ચ કારકિર્દી માટે ઘણા બધા વિકલ્પો છે. જે જગ્યાની મર્યાદાના અભાવે આપવામાં આવ્યા નથી જેમ કે CIMA, CFA, CPA, CFP, MBA વગેરે.


*વધુ માહિતી માટે સંપર્ક :*

**CA Karim Lakhani**

**મો. ૯૮૨૫૨ ૭૫૭૫૯**

*તસવીરમાં નહીં પણ તકલીફમાં સાથે દેખાય એ જ આપણા.*

## અભિનંદન



**કંસારા પાર્થ પ્રફુલભાઈ ગુજરાતી (નખત્રાણા)** B.Com. (Hons.)ની પરીક્ષામાં ૬૧% ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયા છે.



**ધારા રવજીભાઈ બારમેડા (રવાપર, તા. નખત્રાણા)** M.Com. Sem.-4ની પરીક્ષામાં ૮૪.૪૦% ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયા છે. મેનેજમેન્ટ એકાઉન્ટીંગ-૧માં ૭૦ માંથી ૬૭ માર્ક્સ મેળવેલ છે.



**વિધા (માતા : છાયાબેન) રાજેશભાઈ સોની (રવાપર, તા. નખત્રાણા)** S.S.C.ની પરીક્ષામાં ૬૪% ગુણાંક મેળવી B ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે.



**જીનલ (માતા : છાયાબેન) રાજેશભાઈ સોની (રવાપર, તા. નખત્રાણા)** T.Y.B.Com.ની પરીક્ષામાં ૭૮.૪૩% ગુણાંક મેળવી A+ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે.



**મોહિની (માતા : છાયાબેન) રાજેશભાઈ સોની (રવાપર, તા. નખત્રાણા)** M.Com.ની પરીક્ષામાં ૮૧.૮૦% ગુણાંક મેળવી O ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે. સમગ્ર યુનિવર્સિટીમાં ટોપ પાંચ માં સ્થાન મેળવ્યું છે.

*જિંદગીમાં એકબીજાને સમજવાનો પ્રયત્ન કરજો,*
*પારખવાનો નહીં.*
*કારણકે પારખવામાં તો ઝવેરી પણ થાપ ખાઈ જાય છે!*

# મધર્સ ડે – માતૃવંદના દિવસ

ગીરીશભાઈ સોની

## અમદાવાદ જ્ઞાતિના સૌથી વૃધ્ધ માતાની વંદના



હાલના સમયમાં 'મધર્સ ડે' ઉજવવાનું ચલણ વધી રહેલ છે. ભારતીય સંસ્કૃતિમાં માતૃવંદના એ રોજબરોજના જીવનમાં વણાયેલી છે. માતાની સેવા, એ દરેક પુત્ર-પુત્રીની ફરજ છે. આજે પણ સમાજ મહદ્ અંશે પરિવારમાં માતાનું સ્થાન માનભર્યું રહેલ છે. થોડા સમય પહેલાં ઉજવાયેલ 'મધર્સ ડે'ના દિવસે અમદાવાદની એક ન્યુઝ ચેનલમાં વ્હીલ ચેરમાં બેઠેલા માતા અને તેના પુત્રનો ફોટો દર્શાવવામાં આવેલ. વ્હીલ ચેર પર બેસાડી માતાને બહાર લઈ જતા પુત્ર, આપણા સમાજના શ્રી પ્રવીણભાઈ મોહનલાલ પોમલ છે. આ વિશે વાતચીત કરતા તેઓ જણાવે છે કે તેમની માતા નર્મદાબેન (પુંજીબેન) મોહનલાલ સોનીની ઉંમર ૯૨ વર્ષની છે. તેમનો જન્મ કરાંચીમાં થયેલ. તેમના પિતાનું નામ પુરૂષોત્તમભાઈ બુધ્ધભટ્ટી અને માતાનું નામ રતનબેન હતું.

પુંજીબેનનું જીવન ખૂબ જ સંઘર્ષમાં વિત્યું છે. પૂ. મોહનલાલના દેહાંતને આજે ૫૦ વર્ષ પૂરા થયા છે. આજે પણ નાના બાળકની જેમ રાખવા પડે છે. તેમને પૂછવામાં આવે કે 'તમારે ભગવાનને ઘેર જવું છે?' તો આજે પણ શાંતિથી ના પાડે છે અને કહે છે કે મને અહીં હજુ પણ રામ નામ લેવું ગમે છે. ધાર્મિક પુસ્તક આજે પણ ચશ્મા વગર વાંચી શકે છે અને ૨૪ કલાક હાથમાં માળા ફેરવવી ગમે છે. સંતાનમાં ૩ દીકરી અને ૩ દીકરા છે. પુત્ર પ્રવીણભાઈ મોહનલાલ પોમલ અને પુત્રવધૂ માયાબેન પ્રવીણભાઈ પોમલ જોડે ખૂબ જ શાંતિથી જીવન પસાર કરે છે.

ઉપરોક્ત ફોટા મુજબ વ્હીલચેરમાં રોજ સવાર-સાંજે બહાર ફરવાનું અને નરોડાના દરેક વ્યક્તિને મળવું ગમે છે. જીવન એકદમ શાંતિ - સાદગીભર્યું વિતાવ્યું છે.

***મા પોતાના દરેક સંતાન ઉપર અમીમય દૃષ્ટિ રાખે છે.***
***માના આશિર્વાદથી જ સંતાન સુખી થાય છે.***

## સાચો ધર્મ

એક વિદ્વાન બ્રાહ્મણ પોતાના ગામનાં ખેતરોમાં ફરી રહ્યા હતા. ત્યારે અચાનક એક વેદનાભરી ચીસ સંભળાઈ. તે સમજી ગયા કે આ ચીસ કોઈ સ્ત્રીની હતી. તેમણે માન્યું કે મહિલા કોઈ સંકટમાં હોવી જોઈએ. તેમણે ઘટનાસ્થળે દોડી જઈ જોયું કે આ સ્ત્રીના પગે સર્પદંશ થયો હતો. આ સ્ત્રી ખેતરમાં કામ કરતી દલિત મજૂર હતી.

ડંખવાળા ભાગને કસીને બાંધવા માટે દોરી આમતેમ ખોળવા લાગ્યા પણ દોરી ક્યાંયથી મળી નહીં. તરત જ તેમણે પોતાની જનોઈ ઉતારીને તે સ્ત્રીના પગે બાંધી દીધી અને ડંસેલા ભાગ પર તેમણે ચીરો મૂકી, દબાવી વિષયુક્ત લોહી બહાર કાઢી નાખ્યું. ત્યાં સુધીમાં તો અન્ય લોકો પણ ત્યાં ભેગા થઈ ગયા. પેલી સ્ત્રી બચી ગઈ.


આ ઘટનાના સમાચાર જ્યારે ગામમાં પહોંચ્યા ત્યારે કેટલાક સંકુચિત વિચારોવાળા લોકો આ વિદ્વાનની ટીકા કરતાં કહેવા લાગ્યા, "બ્રાહ્મણ થઈ પોતાની પવિત્ર જનોઈ એક અછૂત જાતિની સ્ત્રીના પગે બાંધી તમે અપકૃત્ય કર્યું છે."

પરંતુ આ મહાશયે આ ટીકાની કોઈ પરવા ન કરતાં કહ્યું, 'આપણો સાચો ધર્મ તે વિપત્તિમાં પડેલા વ્યક્તિના પ્રાણ બચાવવાનો છે. એક જ ઈશ્વરે બનાવેલા જીવોમાં ભેદભાવ કેવો?'

આ મહાપુરુષ હતા હિંદી સાહિત્યના પ્રખર સાહિત્યકાર આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી. ■

# આત્મહત્યા, એ કોઈ ઉકેલ નથી

**વિશાખા નીતિનભાઈ સોની - વિથોણ**




ભારત સરકાર આઈ.પી.સી.ની કલમ-૩૦૯ માં સુધારો કરવાનું વિચારી રહી છે કે આત્મહત્યાની કોશિશ કરવી હવેથી ગુનો નહીં ગણાય અને એને જેલ પણ નહીં થાય. પરંતુ આત્મહત્યા કરવી જ શા માટે જોઈએ? એ કહું....

એવું જરૂરી નથી કે જિંદગીમાં અથવા જિંદગીની દરેક પળમાં સુખ જ હોય. પરિવર્તન એ સંસારનો નિયમ છે. બે ઘડી દુઃખ તો બે ઘડી સુખ હોય છે. દુઃખ એટલે જીવનમાં ચાલી રહેલો ખરાબ સમય. આ ખરાબ સમય કેટલીકવાર બહુ પીડાદાયી હોય છે. આ સમયમાં કોઈ પણ વ્યક્તિને એક જ વિકલ્પ સૂઝે છે – "આત્મહત્યા."

મિત્રો, કોઇ પણ સમસ્યાનો ઉકેલ આત્મહત્યા તો નથી જ. તે કોઈ પણ વ્યક્તિ જે આત્મહત્યા કરવાનો વિચાર કરે તે માનસિક રોગી છે. જીવનના બધા જ પાસા ઊંધા પડતા હોય ત્યારે અમુક માનસિક પાંગળા લોકોને આ જ અંતિમ ઉપાય દેખાય છે. આવા લોકો પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી બેઠા હોય છે. પરંતુ એ આત્મવિશ્વાસ પાછો પણ આવી શકશે પરંતુ જિંદગી ક્યારેય પાછી નહીં મળે.

આપણી આસપાસ બનતા બનાવોથી એવું તારણ કાઢી શકાય કે ભણવામાં નાપાસ થયા હોય, નોકરી ન મળતી હોય અથવા કોઈના કહેવાથી કંઈક ખોટું લાગી જાય, ક્યાંક આર્થિક પ્રશ્નો હોય. પણ વધુ પડતી આત્મહત્યાઓનો ભોગ તો ૧૫થી ૩૦ વર્ષની વયના વિદ્યાર્થીઓ અથવા નવયુવાનો બને છે.

કોઈપણ મુસીબત કે દુઃખનો હલ આત્મહત્યા નથી કારણકે દુઃખ પછી સુખ અને રાત્રિ પછી સૂર્યનો ઉદય થાય જ છે. નિષ્ફળતા મળે તો હારી ન જવું. દુનિયાની ભલે ને નિરાશાજનક વાતો, મેણા કે ઠપકા મળે. આપણે કંઈ થોડા લોલીપોપ જેવા છીએ! સમય ક્યારેય એકસરખો હોતો નથી. અંધારી રાતમાં પણ પોતાને ઝગમગતો દીવો બનાવી ઝળહળતા રહેવું જોઈએ. હકારાત્મક વિચારસરણી દુઃખને "Let Go" કરવાની હિંમત આપે છે.

આપણી આસપાસ ઘણા ઉદાહરણ છે જેમ કે અરુણીમા, અનુપમ ખેર, માંજી, મિલ્ખા સિંહ વગેરે લોકોએ તેમના જીવનમાં અનેક દુઃખ વેઠ્યા છે પણ તેમણે ક્યારેય હાર માની નહીં. તેઓએ તેમનો આત્મવિશ્વાસ જાળવી રાખ્યો અને તેઓ બધા માટે "ICON" બની ગયા છે, બધાની પ્રેરણા બની ગયા છે.

યુવાનોનું આત્મહત્યા કરવાનું કારણ એ છે કે તેમને ખોટું જલ્દી લાગી જાય. માતા-પિતા કંઈ પણ કહે કે તેમને તરત જ ખોટું લાગી જાય. તેમની ઉંમર જ એવી હોય છે કે પોતાના મિત્રો પર તેમને વધુ વિશ્વાસ હોય. માતા-પિતાની શિખામણો એમને ટોર્ચર જેવી લાગે છે. તેમને કોઈપણ પ્રકારની રોકટોક પસંદ ન આવે.

માટે યુવાનો સમજે કે આવા બધા વિચારો એમની ઉંમરને લીધે આવે છે. તો તેમની ખુશખુશાલ જિંદગી તેમની રાહ જોઈને બેઠી છે. માટે આવું કરતા પહેલા એ વિચારજો કે શું આ યોગ્ય છે?

## MATRIMONIAL



| | |
|---|---|
| **Name** | : **POOJA** Mansukhbhai Parmar |
| **Birth Date** | : 27-02-1986 |
| **Birth Place** | : Keshod |
| **Birth Time** | : 11.30 p.m. |
| **Height** | : 5'4" |
| **Weight** | : 58 Kg. |
| **Education** | : B.B.A. and P.G.D.B.A. |
| **Hobbies** | : Jewellery designs, Music, Art |

***FAMILY DETAILS***

| | |
|---|---|
| **Father** | : Mansukhbhai Fulchand Parmar |
| **Occupation** | : Transport Business |
| **Mother** | : Rasilaben Mansukhbhai Parmar |
| **Sisters** | : Priya Kalpeshkumar Budh (Jamnagar)<br>Feny Bhargavkumar Goradia (Sihor) |
| **Brother** | : Tejas Parmar (Single) |
| **Occupation** | : Transport Business |
| **Address** | : "Ratilal Smruti", Sharad Chowk, Keshod. |
| **Contact** | : Mansukhbhai Parmar # 99244 08178 |
| **Mosal** | : Ramniklal Vanmalidas Chhatrala (Dhoraji) |

# જ્ઞાતિસેતુ

*"જ્ઞાતિસેતુ" – એ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા દર બે માસે અમદાવાદથી પ્રસિદ્ધ થતું સમાજનું પારિવારિક સામાયિક છે.*

**'જ્ઞાતિસેતુ'નું લવાજમ : ● રૂા. ૩૦૦/- (ત્રણ વર્ષ માટે) ● રૂા. ૧૫૦૦/- (પંદર વર્ષ માટે)**

'જ્ઞાતિસેતુ'ના લવાજમ ધારકોને વિનંતી કે આપનું બાકી લવાજમ સમયસર 'જ્ઞાતિસેતુ'ના સ્થાનિક સહયોગીઓ અથવા અમદાવાદ કાર્યાલય પર જમા કરાવી સહકાર આપશો.

## ● 'જ્ઞાતિસેતુ'માં પ્રકાશિત થતી જાહેરાતના દર ●

| ક્રમ | વિગત | પ્રકાર | સાઇઝ | અંક | દર (રૂા.) |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઇજ-૨ | મલ્ટી કલર | ફુલ પેઇજ | ૧ | ૪,૫૦૦/- |
| ૨. | કવર પેઇજ-૩ | મલ્ટી કલર | ફુલ પેઇજ | ૧ | ૪,૫૦૦/- |
| ૩. | કવર પેઇજ-૪ | મલ્ટી કલર | ફુલ પેઇજ | ૧ | ૫,૦૦૦/- |
| ૪. | અંદરનું પાનુ | મલ્ટી કલર | ફુલ પેઇજ | ૧ | ૪,૦૦૦/- |
| ૫. | અંદરનું પાનું | મલ્ટી કલર | હાફ પેઇજ | ૧ | ૨,૫૦૦/- |
| ૬. | અંદરના પાનામાં ક્લાસીફાઈડ | મલ્ટી કલર | વિઝીટીંગ કાર્ડ | ૬ | ૫,૦૦૦/- |
| ૭. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ફુલ પેઇજ | ૧ | ૨,૫૦૦/- |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | હાફ પેઇજ | ૧ | ૧,૫૦૦/- |
| ૯. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ક્વાર્ટર (પા) પાનું | ૧ | ૮૦૦/- |
| ૧૦. | લગ્નવિષયક – છોકરાઓ માટે | બ્લેક એન્ડ વ્હાઈટ | ક્વાર્ટર (પા) પાનું | ૧ | ૮૦૦/- |
| ૧૧. | લગ્નવિષયક – છોકરીઓ માટે | બ્લેક એન્ડ વ્હાઈટ | ક્વાર્ટર (પા) પાનું | ૧ | ફ્રી |
| ૧૨. | શ્રધ્ધાંજલિ | બ્લેક એન્ડ વ્હાઈટ | ફુલ પેઇજ | ૧ | ૧,૫૦૦/- |
| ૧૩. | શ્રધ્ધાંજલિ | બ્લેક એન્ડ વ્હાઈટ | હાફ પેઇજ | ૧ | ૧,૦૦૦/- |

**નોંધ :**

- જાહેરાતની થતી રકમ ચેક / ડ્રાફ્ટ / રોકડા અથવા અમારા બેંક એકાઉન્ટમાં ડાયરેક્ટ જમા કરાવી શકાય છે.
- ચેક / ડ્રાફ્ટ "શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ" (Shri Kutchi Maru Kansara Soni Gnyatimandal)ના નામનો લખવો.
- બેંકની વિગત : પંજાબ નેશનલ બેંક.
  ***સેવિંગ્સ એકાઉન્ટ નં. :*** 5194000100003759 ★ ***IFS Code :*** PUNB0519400
- જાહેરાતની ડિઝાઈન JPEG or CDR ફોર્મેટમાં આપવી.
- કાર્યાલય : જે. જે. જ્વેલર્સ, ૮, સુપરમોલ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
  ઈ-મેઈલ : gnyatisetu@gmail.com
- સંપર્ક : ★ મનુભાઈ કોટડિયા મો. 96012 75078 ★ અતુલ સોની : મો. 97250 38140

tech talk

# બીગ ડાટા, ઑટોમેશન, રોબોટ્સ

જયેશ ઘડિયાળી


અંક નં. ૭૭ માં આવનારા દાયકાનાં ૩૦ ટેકનોલોજીકલ વ્યવસાયોની સમજ આપી હતી. જેમાં અનુક્રમ-૫-૬-૭ નો વ્યવસાય Big Data, Automation and Robots છે. આ તમામ ટેકનોલોજી હવેના સમયમાં અત્યંત મહત્વની બની રહેશે.

## બીગ ડાટા

ડાટા આમતો ખૂબ જ સામાન્ય શબ્દ છે. પરંતુ આની અસાધારણ બાબત એ છે આજના સમયમાં લગભગ બધા જ વ્યવસાયોનાં વિકાસનાં તબક્કામાં મોટા ડાટા (Big data)નો ફાળો અગત્યનો છે. આઈડીસીના અંદાજ પ્રમાણે આવનાર ૨૦૨૦ સુધીમાં બીગ ડાટાની વૈશ્વિક આવક ૨૦૩ બીલીયન ડોલરે પહોંચી જશે અને સાડા ચાર લાખ નવી ડાટા સંબંધી નોકરીઓ ઉભી થશે.

બીગ ડાટા એ વ્યક્તિની શારિરીક, ધંધાકિય, આર્થિક, સામજીક એવી સંપૂર્ણ માહિતી ભેગી કરે છે અને તેમના ડાટાને એનાલાઈઝ કરી વર્ગીકરણ કરે છે. આ ડાટા અનુરૂપ માર્કેટીંગ કરી જે તે કંપની પોતાની પ્રોડક્ટ્સ કે સર્વિસ બજારમાં મુકે છે. આ ઉભરતી ટેકનોલોજીઓમાં સૌથી ઝડપી વૃદ્ધિ બેંકીંગ, હેલ્થકેર, વીમા, સીક્યોરીટીઝ અને રોકાણ તથા ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રોમાં છે.

આમ જોતા આવનાર સમયનાં ધંધામાં બીગ ડાટાનો કેટલો મહત્વનો ફાળો હશે એ સમજી શકાય છે. આજનાં યુવાનોએ આવા પ્રકારનાં વ્યવસાય કેળવવાની જરૂર છે જેથી સામાન્ય પ્રકારનાં વ્યવસાયની સ્પર્ધાથી બચી શકશે.




## ઑટોમેશન

ઑટોમેશન પણ ખૂબ જ જૂનો વિષય છે પરંતુ એ ટેકનોલોજી આજે સાચા અર્થમાં એટલી વિક્સી છે કે આપણે દરેક કામ જાણે ઑટોમેટીક થઈ જશે એ હદે ટેવાઈ ગયા છીએ. સવારે વહેલા ઉઠવા એલાર્મથી લઈને રાત્રે સુઈ જઈએ ત્યાં સુધી કેટલા કામ ઑટોમેટીક થાય છે એનો અંદાજ પણ નથી આવતો.




ઑટોમેશનનાં મુખ્ય ત્રણ પ્રકાર છે. ૧) સ્થાયી ઑટોમેશન. ૨) પ્રોગ્રામેબલ ઑટોમેશન. ૩) ફલેક્સીબલ ઑટોમેશન. એવું કોઈપણ કામ કે જે વારંવાર કરવામાં આવતું હોય જેમાં માનવ દ્વારા કરવામાં કોઈવાર ભુલ થઈ જાય અથવા કોઈ અકસ્માત થવાની શક્યતાઓ રહેતી હોય અને માનવીય જીવનની રક્ષા કરી શકાય તેવા કામો માટે ઑટોમેશન આશિર્વાદ રૂપ સાબિત થાય છે. માનવીની શારીરીક ક્ષમતાઓને અનુરૂપ કામ કરવું પડે છે જ્યારે ઑટોમેશન દ્વારા આવા કામો કોઈપણ પ્રકારનાં વિક્ષેપ વગર કરી શકાય છે.

આમ જોવા જઈએ તો ઑટોમેશન એટલો વિશાળ વિષય છે કે જેના દ્વારા માનવીય કલાકોની બચત થાય છે એટલે નોકરીઓની જગ્યા ઘટી જાય છે સાથે સાથે નવી ટેકનોલૉજીનાં જાણકારો માટે નોકરીઓની અનેક નવી તકો પણ ઉભી થાય છે. આમ ઑટોમેશનનાં ફાયદા અને ગેરફાયદાઓ પણ છે. અગાઉનાં અંકમાં જણાવ્યું હતું કે એ.આઈ. અને ઑટોમેશન દ્વારા ૧ મીનીટમાં ૧ કાર તૈયાર થાય છે. ઉત્પાદન ઈન્ડસ્ટ્રીઝમાં સોફટવેર અને હાર્ડવેર ઈન્ડસ્ટ્રીઝ અને તે બન્ને એકબીજા સાથે એવા સંકળાઈ ગયા છે કે બન્ને ને એકબીજા વગર ચાલે તેમ નથી. આમ કામ્પ્યુટર યુગની શરૂઆતથી જ ઑટોમેશનમાં વિવિધતા આવી.

## રોબોટ્સ

રોબોટ એ માનવીએ બનાવેલ માનવીનું સ્વરૂપ છે. મનુષ્યને ઈશ્વરે અનહદ બુદ્ધિ - શક્તિઓ આપેલી છે. આ બુદ્ધિ - શક્તિઓને માનવ પોતાની ક્ષમતા અનુસાર પોતાનાં કાર્યો કરવા માટે બીજા માનવો તૈયાર કરે છે જેને માનવીએ રોબોટ નામ આપ્યું. રોબોટ એટલે સોફટવેર, ઈલેક્ટ્રો-મિકેનિકલ એન્જીનિયરીંગ, કોમ્પ્યુટર વિજ્ઞાન, માહિતી ભંડાર, દ્રશ્ય-શ્રાવ્ય સંવેદના, માઈક્રો-નેનો પ્રોસેસરો જેને કૃત્રિમ બુદ્ધિ કહી શકાય એનું સ્વરૂપ. રોબોટ શબ્દનો અર્થ થાય છે નોકર અને આ શબ્દ સૌ પ્રથમવાર ૧૯૨૦માં ઝેક લેખક કાર્લ સેપાકે એક નાટકમાં ઉલ્લેખ કર્યો હતો.


ઉત્પાદન ઈન્ડસ્ટ્રીઝથી લઈને ઘરકામ કરવા માટેનાં વિવિધ સ્વરૂપોનાં રોબોટ્સ માનવીએ બનાવ્યા છે. અત્યંત જોખમી જગ્યાએ કામ કરવા માટે, જેમ કે ધાતુ ગાળવાની ભઠ્ઠીઓમાં કામ કરવા માટે રોબોટ આશિર્વાદરૂપ સાબિત થાય છે.

આ રોબોટ્સનો ઉપયોગ હવે રેસ્ટોરાં અને હૉટેલ્સમાં થવા લાગ્યો છે. જાપાન રોબોટ્સની ટેકનોલોજીમાં તથા સંખ્યામાં દુનિયાથી અલગ છે. જાપાનમાં વૃદ્ધોની સંખ્યા ખૂબ જ છે ત્યાંના વરિષ્ઠ નાગરિકોની સારસંભાળ માટે રાબોટ્સ રાખવામાં આવે છે જે રોજીંદી જીવન ચર્યામાં મદદરૂપ થાય છે. જાપાનમાં માનવીની આબેહુબ નકલ ધરાવતા રોબોટ્સ બનવા લાગ્યા છે. આવનાર સમયમાં દુનિયામાં કદાચ રોબોટ્સની વસ્તી માનવ વસ્તીની સમકક્ષ પહોંચી જાય તો નવાઈ નહીં



# સ્ત્રી શિક્ષણ : સશક્તિકરણ કે ઢીંગલીકરણ?

ફોરમ સોની



**SONI FORAM MEENABEN**

***EDUCATION :*** M.com, B.Ed.
***PASSION :*** Teaching
***HOBBIES :*** Reading, Singing and Traveling
***ACHIEVEMENTS :*** ● First runner up of "Speaker of Kutch" competition ● Second in Debat ● First in elocution ● Published her monoact script in ''કઠપૂતળી'' and ''પૌરાણિક એકોક્તિ'' ● Love to write articles

શિક્ષણ રાષ્ટ્રનિર્માણ અને રાષ્ટ્ર વિકાસ માટેની અદ્‌ભુત વિચારધારા છે. આઝાદી બાદ શિક્ષણને અને ખાસ કરીને સ્ત્રી શિક્ષણની વિચારધારાને વેગ મળ્યો છે. સૌ કેળવણીકારોએ શિક્ષણમાં સ્ત્રી શિક્ષણને મહત્ત્વ આપ્યું છે. પ્રવર્તમાન પરિસ્થિતિને જોતાં એમ પણ કહી શકાય કે આજની સ્ત્રી પ્રમાણમાં વધુ શિક્ષિત અને વિકસિત બની છે. એની વિચારધારા બદલાઈ છે. સ્ત્રીઓને શિક્ષિત તો કરાય જ છે, દરેક ઘર, કુટુંબ અને માતા-પિતા એવું જ ઇચ્છે છે કે તેમની દીકરી શિક્ષિત બને, પગભર બને કે જેથી ભવિષ્યના કોઈપણ સંજોગોમાં તે હાર ના માને...! પરંતુ સાથે જ આ 'એજ્યુકેટેડ દીકરી' જ્યારે અન્ય ઘરમાં લક્ષ્મી બનીને જાય, ત્યાં બેટા! તારે નોકરી કે વ્યવસાય કરવાની 'પરવાનગી' આપે તો કરજે, નહિંતર તારે ઘરે બેસી ખાઇ-પીને જલસા જ કરવાના છે ને! અને અહીં આ 'પરવાનગી' નામનો શબ્દ તેની સમગ્ર શિક્ષણયાત્રા પર પૂર્ણવિરામ મૂકે છે અને આપણે સૌ આપણી આસપાસ એવી કેટકેટલી સ્ત્રીઓને જોતા જ હોઈએ છીએ, જેમની પ્રતિભા, જેમની આવડત, જેમની સૂઝ, જેમનો જુસ્સો, જેમની ઝંખના આ બધું જ આ શબ્દ 'પરવાનગી' નીચે દબાઇ અને કચડાઇ જતું હોય છે.

અહીં એવું પણ નથી કે જે સ્ત્રી શિક્ષણ મેળવે છે, તેને નોકરી કે વ્યવસાય કરવો એટલે અચૂક કરવો જ જોઈએ... ના! પરંતુ પોતાના શોખ, પોતાની આવડતને મઠારતા રહેવું, પોતાના જીવનની સુંદરતા 'જાતે' વધારવી, એ જીવનને સપ્તરંગી બનાવવાનું પ્રથમ સોપાન છે.

એક ધનાઢ્ય બિઝનેસમેન, તેમના પત્ની કે જેમને 'સીલાઇ'નો ખૂબ શોખ. જેવું કહો તેવું સીવી આપે. બેનમૂન નમુના. લગ્ન પછી તેમનો આ શોખ, શોખ બનીને રહી ગયો...! કારણ? કારણ કે એટલા મોટા ઘરની વહુ કંઈ સીલાઈ કામ કરે ખરી? અને આવી તો ઘણીય સ્ત્રીઓ પોતાના પેશનને પોતાની અંદર જ ગૂંગળાવીને મારી નાખે છે.

આજે પણ કોઇ સ્ત્રી બુલેટ ચલાવતી કે ફોર વ્હીલર ચલાવતી દેખાય, તો સૌ એક ત્રાંસી નજર કરીને અચૂક જોઈ લેતા હોય છે... ખરું ને? બસ, જ્યારે આ ભેદ દૂર થશે ત્યારે જ આપણે સ્ત્રી શિક્ષણની મિસાલ કાયમ કરી શકીશું.

જે સમાજમાં સ્ત્રીઓના આનંદને, સ્ત્રીઓના હુન્નરને, સ્ત્રીઓની આવડતના માન અને મોભાને સ્થાન નથી; જ્યાં સ્ત્રીઓનું ઢીંગલીકરણ કે ઓબ્જેક્ટીફિકેશન થાય તેવી માનસિકતા રખાતી હોય ત્યાં સુખ ક્યાંથી આવે?

આજની સ્ત્રીઓને બની શકે તેટલું કાયદાથી પરીચિત થવું એ તેમના માટે 'બ્રહ્માસ્ત્ર' સમાન છે. કેટલીક સ્ત્રીઓ લાગણીમાં આવીને બધું જતું કરતી હોય છે. તેમાં કશુંય ખોટું પણ નથી. પરંતુ તે લાગણી તેની નબળાઈ નહીં, તેની ઉદારતા છે તે સમજનારા સમાજની આવશ્યક્તા છે. કારણકે સ્ત્રી જો અન્નપૂર્ણા છે, તો તે રણચંડી પણ છે. દરેક પુરુષે અને દરેક સમાજે સતત નિરીક્ષણ કરતા રહેવું કે તેના સમાજમાં ક્યાંય સ્ત્રીઓનું ઢીંગલીકરણ તો નથી થઈ રહ્યું ને?

***"નિષ્ફળતાથી હારવું, જીવન હારવું, કાયર બનવું, દોષ દેવો – આવી લાગણીઓથી જીવવા માટે જીવન નથી. પડકારો ઝીલવા, હકારાત્મક રહેવું, કશુંક કરી બતાવવું, પોતાનું અસ્તિત્વ બનાવવું – એ જ જીવનની સાચી પરીભાષા છે."***

## અભિનંદન



હૈદ્રાબાદ નિવાસી જય શશીકાંતભાઈ બુધ્ધભટ્ટીની દીકરી **કુ. ચાહના બુધ્ધભટ્ટી**ની ભારત તરફથી લોન ટેનિસ અંડર-૧૪ની કેટેગરીમાં બે અઠવાડિયા માટે તાસ્કંદ (ઉઝબેકિસ્તાન)ની મેચમાં પસંદગી થઈ છે. ભારતમાં અંડર-૧૪ની કેટેગરીમાં તેનો ક્રમાંક પાંચમો છે.

*'જ્ઞાતિસેતુ' તરફથી કુ. ચાહનાને ખૂબ અભિનંદન.*

# જ્ઞાતિસેતુ ક્લાસિફાઈડ

Prakashbhai Soni 98793 22373
Nikul Soni 99254 66200

## Narmada JEWELLERS

*Manufacturer of Gold & Silver Ornaments*

916

Shivaji road,
Nr. Custom chawk
circle, Anjar.

## Ketan Enterprise

TYRE | BATTERY
ALLOY WHEEL

કેતન સી. પરમાર | ૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલ: ketanparmar69@gmail.com

લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોન: ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘર: ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

જગદીશભાઈ કંસારા ૯૮૨૫૪ ૬૧૯૨૦
મધુકાંતભાઈ કંસારા ૯૮૨૫૯ ૭૯૬૫૦

## આશા મોલ્ડીંગ વર્કસ્

શુદ્ધ કાંસાના બી.એમ.કે. માર્કાનાં મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ બનાવનાર

મચ્છી પીઠ, અંજાર - કચ્છ | ફોનઃ ૨૪૩૪૫૯

Prdeep Kansara
939 9999 330
Sanjay Kansara
94265 21974

Bharat Petroleum — Pure for Sure

## PRADEEP AGENCIES

BHARAT PETROLEUM DEALER

Email: pradeep_kansara25@gmai.com
Petrol Site: 126, M. G. Road, Secundarabad
Diesel & LPG: 1-54/2, Madinaguda Village, Myapur
Bitumen Depot: 8-2-98 Isanpur, Opp. Raasi Ceramics, Medak

સોની નરેશ દામજીભાઈ

## પાર્થ જ્વેલર્સ

સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર

સુભાષ પોળ, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા, (સા.કાં.)
ફોન : (ઓ)૨૨૦ ૫૯૯ (રહે) ૨૨૦૧૨૯ • મો. ૯૪૨૭૬ ૯૬૧૭૬

## INDOTEX PAINTS

Durable | Decorative | Protective

Regd. Office: "Indotex House" Nr. GNFC Tower,
S.G. Hoghway, Bodakdev, Ahmedabad 380054
Ph.: 079 2685 3279 • M. 99094 44598
Telefax: 079 2685 7412
Email: indotexpaints@yahoo.co.in
Website: www.indotexpaints.com

Ahmedabad - Kunal N. Shah
M.: 98250 33598
Mumbai- Punit N. Shah
M.: 98205 14143

Gujarat | Rajasthan | Maharashtra | Karnataka | Goa | Andhra Pradesh

## VJ વૈશાલી જ્વેલર્સ

સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર

દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555

જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

## સોની કિરણકુમાર મોહનલાલ

સોના-ચાંદીના ફેન્સી દાગીનાના વેપારી

મોહનલાલ આર. સોની મો.૨૦૬૨૪૨
કિરણ એમ. સોની મો.૯૪૨૭૨ ૪૯૬૮૮
વિવેક કે. સોની મો.૯૪૨૭૪ ૫૮૫૮૫

કસ્ટમ ચોક, અંજાર - કચ્છ-૩૭૦૧૧૦
ફોન : ૦૨૮૩૬-૨૪૧૩૨૭ (ઘર) ૨૪૧૯૦૦

916

School Management Software

iolite

IOLITE Softwares Pvt. Ltd.
406, Tilakraj Complex,
B/h. Center Point, Panchvati,
Ellisbridge, Ahmedabad-380006

Ph.: 079 2646 4846, 2644 1050 | M.+91 92270 00105 | E. rahul@iolitesoftware.com
www.iolitesoftware.com

વિષ્ણુભાઈ : ૯૮૨૪૦ ૨૨૫૮૦ તપન : ૯૯૦૯૯ ૨૨૫૮૦

ચાંદીનાં દાગીનાનાં
હોલસેલ વહેપારી

VMC
ચોક્સી વિષ્ણુલાલ મથુરદાસ
ઘાંચીની પોળ, જૈન ઉપાશ્રયની બાજુમાં, એમ.જી. હવેલી રોડ
માણેકચોક, અમદાવાદ-૩૮૦૦૦૧ । ફોન: ૨૨૧૪ ૩૨૩૨, ૨૨૧૧ ૩૦૪૩

Kalpesh Modi
98253 88733

Shirish Modi
98793 42282

Vikas Gold

Shree Vikas Gold

Wholesaler of Gold Ornaments

Opp. Dedkani Pole, M.G. Haveli Road,
Manek Chowk, Ahmedabad 380001
Ph.: 79 22110556, 22110577
Mobile: 98255 42282,
Email: vikasgold01@gmail.com

G.F. 22-23, Super Mall, Nr. Lal Bunglow
C.G. Road, Ahmedabad-380009.
Ph.: 079 2640 5524, 2640 5525
Mobile: 72278 55524, 72278 55525
Email: vikasgold01@gmail.com

NI

સોની ઈશ્વરલાલ નેણશી એન્ડ સન્સ
સોના-ચાંદીનાં દાગીનાનાં બનાવનાર વેચનાર
મેઈન બજાર, દહીસરા તા. ભુજ - કચ્છ । ફોન: ૦૨૮૩૨-૨૪૩૪૫૯, ૯૪૨૭૭૬૮૮૮૪

દિપેશભાઈ : ૯૭૨૫૧ ૮૦૮૦૭ । હિરેનભાઈ : ૯૮૨૫૭ ૫૮૧૮૮

Anil Patel: 98987 58484
Parth Patel : 98250 76954

WESTERN AIR
INTERNATIONAL COURIER

Service for all International Courier Companies
USA, UK, Australia, Canada, NZ, UAE & all other countries

Shop No. 5 Shital Plaza, Near ICICI Bank, Rambaug,
Maninagar, Ahmedabad-380 008.
Ph.: 079 2543 4006, 2543 2006
Email: anil_western2006@yahoo.com | www.westernair.in

Silver Elegance
Wholesale & Retailer
Puja Goods, Payal, Juda,
Antique Silver Jewellery

AcpL
92.5 Silver Jewellery Dealer
96874 02022

Ramsingh 94273 22188 | Pravin 94273 25642
38, Super Mall, Nr. Lal Bunglow
C.G. Road, Ahmedabad-380009.
Ph.: 079 2640 2022, 4009 9260

Sureshbhai Soni
94269 15921

Amit Soni
90337 57701

M/s Soni Parshottam Lakhamshi & Co.
(BABUBHAI MANFARAWALA)
Suresh & Co.
Manufacturers & Dealers of Gold and Silver Ornaments

Ganga Bazar, Anjar, (Kachchh) 370 110
Tel : +91 2836 243342

દરેક જાતનાં કાંસાના મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ કળશ, ધ્વજદંડ,
નાગ, જળાધરી બનાવનાર તથા વેચનાર

જગદીશ હરિલાલ : ૯૯૭૯૯ ૨૧૨૫૧
સંદીપ હરિલાલ : ૯૪૨૬૪ ૩૦૩૬૮

એમ.પી. કંસારા
મચ્છી પીઠ, અંજાર - કચ્છ ૩૭૦ ૧૧૦
ફોન: ૨૪૩૪૫૯

# ૫ થી ૭ નો સમય – માત્ર અને માત્ર મારા માટે જ....

મીતા એન. સોલંકી

હેલો ફ્રેન્ડ્સ, હજી તો ''મહિલા વિશેષાંક''ની ખુશીને માણી રહ્યા છીએ... વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયાના કવર પેજ પર પ્રસિધ્ધિની ખુશી, દેવી ભાગવત કથાની ડબલ સિધ્ધિ માણી રહ્યા છીએ ત્યાં તો નવો વિચાર રજૂ કરવાનો સમય આવી ગયો.

મહિલા, નારી, સ્ત્રીઓ વિષેનું લખાણ મારો ફેવરીટ વિષય રહ્યો છે.

જીવનશૈલીના પરિવર્તન પ્રમાણે વિચારોમાં પણ પરિવર્તન આવવા લાગ્યું છે.

આજકાલ એક શબ્દ બહુ વપરાતો થયો છે. એ છે : Me time... time for Me...

સ્ત્રીની જીવનશૈલીમાં પરિવાર - બાળકો, સંબંધી, કામકાજ, સામાજીક વહેવારો જ મુખ્ય હોય છે.

શહેરી સ્ત્રીઓ જેમના બાળકો થોડા મોટા થઈ ગયા હોય, હાઈ મિડલ ક્લાસ ફેમિલી હોય, ઘરમાં ખાસ કોઈ બીમારી કે વૃધ્ધ વડીલો પથારીવશ ન હોય, એવી શહેરી સ્ત્રીઓ ''મારો ટાઈમ'' શબ્દને બહુ જીવે છે. આ દુન્યવી જગતમાં માત્ર અને માત્ર મારૂં (પોતીકુ) કાંઈક હોવું બહુ સુખદ અનુભૂતિ છે.




એજ અનુભૂતિ આ સ્ત્રીઓ જીવવા માંગે છે. એમાં ખુદનું અસ્તિત્વ હોવાનો સુખદ અહેસાસ છે. એ સમય માત્ર પોતાનો જ હોય, એ અધિકાર પર કોઈની તરાપ ના હોય, એ સમયનો ખર્ચ ક્યાં કરવો એનો હિસાબ કે પરવાનગીની જરૂર ન હોય, એને મજા આવે એમ એ ખર્ચી શકે – એમ કરવું એ સ્ત્રીઓને ખૂબ જ ગમે છે.

સમાજમાં વર્ષોથી નારીની ઉપેક્ષા થતી આવી છે. સારા કાર્યોની પ્રશંસા ન કરે જ્યારે કોઈ નાની ભૂલને વગોવે એવા સમાજના વહેવારથી કંટાળેલી સ્ત્રીને હવે કોઈ પોતાને ટેકન ફોર ગ્રાન્ટેડ લે એ પસંદ નથી. પોતાનું પણ કાંઇ મહત્ત્વ હોવું જ જોઈએ એ સાબિત કરતી થઈ ગઈ છે.

''સારૂં એ મારૂં'' મુજબ પોતાના માટે બેસ્ટ ચોઇસ કરતી થઈ ગઈ છે. ''મારૂં'' શબ્દનું અસ્તિત્વ ધારદાર થઇ ગયું છે.

''સદ્‌ગતિ'' એ ''વહુગતિ'' કહેવતનું અસ્તિત્વ ડામાડોળ થઈ ગયું છે. પોતાની પસંદગીનો જ આગ્રહ રાખતી સ્ત્રીને હવે નવાઈની વાત નથી લાગતી.

પોતાના અંગત જીવનમાં કોઈનો હસ્તક્ષેપ નથી ઇચ્છતી. નો ટ્રેસપાસિંગ!

આવી ગૌરવપૂર્ણ અર્બન સ્ત્રીનો સમાજે સ્વીકાર કરવો જ રહ્યો. નવા વિચારો સમાજે કેળવવા જ પડશે. સ્ત્રીઓના વિચારને સ્વીકાર આપવો જ પડશે. નહિંતર સંઘર્ષ કરીને પણ મેળવી લેવાના 'મુડ'માં જ રહેશે.

મારા વિચાર મુજબ એમાં કશું ખોટું નથી કે પછી નથી કોઇને અન્યાય.

સ્ત્રી આ સમય ૫ થી ૭ કે જેમાં ઘરની જવાબદારીમાંથી થોડો સમય પોતાના માટે રીઝર્વ રાખે છે, એ ખૂબ મજાની વાત છે.

નાના બાળકો, વૃધ્ધો, બીમાર અશક્ત હોય એવા વડીલો જેમના ઘરમાં હોય એમની આ વાત નથી. અમુક મર્યાદિત વર્ગની સ્ત્રીઓ માટેની આ વાત છે.

સહુ વચ્ચે વહેંચાયેલી સ્ત્રીને પોતાના માટે વિચારવાનો સમય નથી બચતો, તો આ સમય દરમ્યાન એને પણ જીવનમાં 'સ્પેસ' મળે, 'અવકાશ' મળે એ ઇચ્છનીય છે.

સ્ત્રી જીવન જીવે છે સહુ માટે, ક્યાંક લાચારીથી, ક્યાંક મજબૂરીથી, ક્યાંક અજ્ઞાનતાથી! થોડો સમય સેલ્ફીસ બની જશે તો કાંઈ ગુનો નથી.

આ સમજણ એટલી હદે વ્યાપક છે કે આવું વિચારતી સ્ત્રીને 'મોડર્ન' ગણવામાં આવે છે.

આ વિચાર ઘણાને નવો લાગતો હશે પણ સ્ત્રીઓ હવે આ મુજબ જીવતી થઈ ગઈ છે. કોઈ સંઘર્ષ કે વિરોધ હવે ડગમગાવી શકે એમ નથી. આમાં કોઈની પરવાનગીની જરૂર હવે મહેસુસ નથી થતી.

''માય લાઇફ, માય રૂલ્સ'' જેટલી સ્વતંત્રતાની વાત આમાં નથી પરંતુ ''Only Me Time''તો નક્કી જ છે.

મહિલા મંડળો, ગેટ ટુ ગેધર, કિટ્ટી પાર્ટી, ફંક્શન્સ, પિકનીક, પાર્ટીઓ, શોપીંગ વગેરે આનું જીવંત ઉદાહરણ છે.

Me, Mine & Myself – શબ્દ વધુ જીવવા લાગ્યા છે.

આવી નારીઓ કોઇને સ્વકેન્દ્રી કે સ્વાર્થી લાગે તો એને કશો ફર્ક પડતો નથી કે દુનિયા શું કહેશે?

આ સ્વતંત્રતા - સ્વચ્છંદતાના ભેદને પારખી, ફેમિલીને પ્રાથમિકતા આપી પોતાની જવાબદારીઓને સારી રીતે નીભાવીને પણ સારી રીતે જીવન વ્યતીત કરવાનો હક્ક દરેક મનુષ્યને છે જ...

દરેકનો આખરી હેતુ તો સુખ પામવાનો જ હોય છે.

# આતંકનો ઓથાર

લતાબેન સોલંકી - ભુજ

સાયરન વગાડતી ગાડી સભાસ્થળે આવીને ઊભી રહી. એની આજુબાજુ ત્રણ ચાર ગાડીઓ ગોઠવાઈ ગઈ. કમાન્ડો રાઈફલ લઈને દોડતા આવીને ઊભા રહ્યા. કાળા કાચવાળી ગાડીમાંથી મેડમ સુષ્મા સડસડાટ ઉતરીને મંચ સુધી પહોંચ્યા. પણ પગથિયા ચઢતા કાળા ચશ્માની પારથી કંઈક પરીચિત જોયું. સાઈડમાંથી દેખાતો એ ચહેરો કંઈક પરીચિત લાગતો હતો. પણ એ ચિત્રને કંઇક ગોઠવે તે પહેલાં ભીડમાં એ ચહેરો ખોવાઈ ગયો. કોણ હતું એ? મંચ પર સ્થાન લેતા તેણે ભીડમાં એ ચહેરો શોધવા પ્રયાસ કર્યો. પણ ક્યાંય એ ચહેરો ન દેખાયો. તેણે બોટલમાંથી થોડું પાણી પીધું. પોતાની ઉતાવળ કે અસ્વસ્થતા કોઈની નજરે ન ચઢે માટે ચહેરા પર કડકાઈ લાવી, સભાના આયોજક સાથે મસલત કરી.

પાંસઠમા ગણતંત્ર દિવસની ઉજવણીના ભાગરૂપે સભાનું આયોજન હતું. મુખ્યમંત્રીશ્રીની ગાડી અન્ય ગાડીઓના કાફલા સાથે આવી પહોંચી હતી. ધ્વજવંદન માટે મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિતોનું અભિવાદન ઝીલતા ઝીલતા આવી રહ્યા હતા. એમનું નામ આતંકવાદીઓના હીટ લીસ્ટમાં સૌથી મોખરે હતું. પરંતુ અત્યારે પણ મુખ્યમંત્રીના ચહેરા પર રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્ર માટે - દેશ માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરવાનો સંકલ્પ છવાયેલો હતો. મુખ્યમંત્રીશ્રીએ ધ્વજવંદન માટેની દોરી ખેંચતા જ પુષ્પો અને પુષ્પોની પાંખડીઓએ ધરતીના ચરણ સ્પર્શ કર્યા, ને તિરંગો આકાશમાં લહેરાયો. રાષ્ટ્રગીત જન ગણ મન ગવાયું. ધ્વજને સલામી અપાઈ. મુખ્યમંત્રીશ્રીના ભાષણ પછી પરેડ ગ્રાઉન્ડમાં એક પછી એક સ્લોટનું આગમન થતું રહ્યું. દેશભક્તિને ઉજાગર કરતાં સ્લોટે વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. આ સ્લોટોમાં એક સ્લોટ ક્રાંતિવીરોનો સ્લોટ પણ હતો. સુષ્મા મેડમ હવે રાહ ન જોઈ શક્યા. તેણે મોબાઈલમાં આજના કાર્યક્રમના સી.સી. કેમેરાના ફુટેજ સભા સ્થળે ઊભી કરેલ પોલીસ ચોકીમાં મંગાવ્યા. સભા પૂરી થઈ. બધા વિખેરાઈ ગયા. કોઈ પણ જાતના વિઘ્ન વગર... મેડમ સુષ્માને હાશ થઈ. પણ તેનું મગજ પેલા અલપ ઝલપ દેખાયેલા ચહેરા વિશે વિચારતું હતું.

સુષ્મા મેડમ આતંકવાદ વિરોધી બ્યુરોના ઊંચા હોદ્દા પર સેવારત હતા. એમના નામ માત્રથી આતંકવાદીઓમાં ફફડાટ ફેલાતો. કામચલાઉ ઊભી કરેલી ચોકીમાં સુષ્મા મેડમ પહોંચી ગયા. લેપટોપ પર ફુટેજ જોતાં તેને પેલો પરીચિત ચહેરો અલપઝલપ દેખાયો. કાર્યક્રમના ફુટેજ જોતાં જોતાં હવે એ ચહેરો થોડો સ્પષ્ટ થયો. આંખ પર એને વિશ્વાસ ન બેઠો. આ... આ... તો શંકર... શંકર... મારો જ ભાઈ શંકર... પણ શંકર ક્યાંથી હોય? એ તો આતંકવાદીઓએ ઉડાવી દીધેલ કાલિકા મેલ... હા, મુંબઈથી ઉપડતી કાલિકા મેલ દુર્ઘટનામાં મૃત્યુ પામ્યો હતો. એના ક્ષત વિક્ષત શરીરને સુષ્માએ જાતે જ એની કાંડા ઘડિયાળ પરથી ઓળખ્યો હતો. એણે ફરી એ ફુટેજ સ્ટોપ કરી જોયા. ધ્યાનથી જોતા જોતા એમાં શંકરના પહેરવેશથી આશ્ચર્ય થયું. પઠાણી કાળો ડ્રેસ, વાળ અને દાઢી વધેલા હતા. પણ પેલી પાણીદાર મોટી આંખો અને ડાબી આંખની પાસેનો મોટો કાળો તલ તેના પહેરવેશથી બહાર નીકળી શંકર જ હોવાની ચાડી ખાતો હતો.

બે મિનિટ માટે સુષ્મા મેડમ ભૂતકાળમાં સરી પડ્યા. શંકર અને સુષ્મા ગાંધીજીના જન્મ સ્થળ પોરબંદરના મૂળ વતની એવા સ્વાતંત્ર્ય સેનાનીના પૌત્ર પૌત્રી હતા. શંકરના જન્મ સમયે જ તેના પિતા પોલીસખાતામાં સારી પોસ્ટ પર નોકરી કરતા. દાદાજી શંકર અને સુષ્માને નાનપણમાં હંમેશાં દેશપ્રેમ અને રાષ્ટ્રધર્મની વાતો કરતા. દેશકાજે શહીદી વહોરનાર નરબંકાઓની વાર્તા કહેતા. અંગ્રેજોની ગુલામીથી મુક્તિ મેળવવા પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરનાર દેશપ્રેમીઓની વાતોનો ખજાનો કદી ખૂટતો નહીં અને શંકર... શંકર તો જ્યારે દાદા વાતો કરે ત્યારે અનેક પ્રશ્નો પૂછે. દાદા પણ શંકરના બધી વાતો વિસ્તારપૂર્વક કહેતા... પ્રશ્નોનું સમાધાન કરતા.

સુષ્મા અને શંકરની ઉંમરમાં બહુ તફાવત ન હતો. શંકર ફક્ત એક વર્ષ મોટો હતો. પિતાની બદલી થતા આખું કુટુંબ અમદાવાદ સ્થાયી થયું.

ગાંધીનગર સ્થિત અક્ષરધામ પરના આતંકવાદી હુમલામાં તેના પિતા શહીદ થયા ત્યારે બંને ભાઈ-બહેન પોલીસખાતામાં ટ્રેનિંગ લઈ રહ્યા હતા. સુષ્મા અને શંકર ઘરે આવ્યા ત્યારે પિતાના મુખમાં તુલસીપત્ર ગંગાજળ મૂકી બંનેએ પ્રણ લીધા આતંકવાદના મૂળિયા ઉખાડી ફેંકવાના.

દાદાજી અને માતા મીનળબેને એમના સંકલ્પમાં પૂરેપૂરો સાથ આપવાનો કૉલ આપ્યો. માતાએ અનેક કષ્ટો વેઠ્યા. એકલા એકલા જ વૃધ્ધ સસરાજીની સેવા ચાકરી કરી. શંકર સુષ્મા એમના ધ્યેયમાં સફળ થયા. શંકર ઉચ્ચ પોલીસ ઑફિસર બન્યો અને સુષ્મા આતંકવાદ વિરોધી બ્યુરોના ચીફ.

સુષ્માએ સી.સી. ટીવી કેમેરાના ફુટેજની પ્રિન્ટઆઉટ કઢાવી, પ્રસ્તુત ફોટાવાળા શખ્સની ધરપકડના આદેશ આપ્યા. એક કોપી લઈ ઘેર આવ્યા. મા અને દાદાને શંકરના ફોટા બતાવ્યા. બંનેની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ગઈ. ઓફિસે આવી, સુષ્માએ આતંકવાદીઓના લેટેસ્ટ ફોટા જોયા. એમાં શંકરનો ઉપરોક્ત ફોટો જોઈ તેની આંખો ફાટી ગઈ. શંકર, મારો ભાઈ શંકર આતંકવાદી....?!! એનું મગજ ફાટ ફાટ થઈ રહ્યું. તેણે સ્વસ્થ થતા ચા નો ઓર્ડર આપ્યો. ચા પીધી પણ મન વધુ અસ્વસ્થ થયું. સુષ્મા મેડમે પોતાના સાથીઓ સાથે ચર્ચા કરી શંકરના પકડવાના ચક્રો ગતિમાન કર્યા. આતંકવાદના મૂળિયા મનાતી એવી ઝુંપડપટ્ટીમાં જઈ આવ્યા પણ ત્યાં કોઈ પણ સાથ સહકાર ન મળતાં છેવટે પોતે અને બે સાથીઓ ઝુંપડપટ્ટીની મધ્યમાં આવેલી ગંદી ગોબરી ઝુંપડીમાં ગંદા ગોબરા પહેરવેશમાં રહેવા આવ્યા. આસપાસ બધાના નાના મોટા કામ કરી આપતા. કોઈને દવાખાને જવું હોય તો લઈ જતા, કોઈને પાઈ પૈસાની મદદ કરતા. આમ તેઓએ ત્યાં બધાનો વિશ્વાસ જીતવા માંડ્યો. ઝુંપડપટ્ટીમાં તેઓ હવે રાહબર બની ગયા. જે પણ ઘટના દુર્ઘટના થઈ હોય તેની જાણ તેમને ઝુંપડપટ્ટીના નિવાસીઓ કરતા. કાળા કામોની જનક, એવી ગરીબી, નિરક્ષરતા, બેકારી અને બેબસી જોઈ એનું હૈયુ કંપી જતું. પણ હજી શંકરની ભાળ મળી ન'તી. અચાનક રાતના ત્રણ વાગે ઝુંપડપટ્ટીમાં ગોળીબારનો અવાજ સંભળાયો. સુષ્મા મેડમે ગન છુપાવી, માથા પર ઘુમટો તાણી અવાજ તરફ દોટ મૂકી. સામસામા અંધાધૂંધ ગોળીબારથી

આખો વિસ્તાર ગાજી ઉઠ્યો. બધા પોતાની ઝુંપડીમાં ભરાઈ ગયા'તા. આઠ દસ લાશો ઢળેલી અને પંદર વીસ કણસતા હતા. સુષ્મા મેડમે જોયું કે એક કાળી ટ્રેક્સમાંથી હજી ગોળીબાર થતા હતા. સુષ્મા મેડમે નિશાન લઈ ગોળીબાર કર્યો. ગાડીમાં પાછલા પૈડામાં પંક્ચર પડતા બધા ઉતરીને ભાગવા માંડ્યા. સુષ્મા મેડમે ગોળીઓ છોડવા માંડી. થોડીવારમાં વાતાવરણમાં નીરવ શાંતિ પથરાઈ... સુષ્મા મેડમ તેના બંને સાથીઓ સાથે સાવચેતીથી આગળ વધ્યા. પોલીસને ફોન કર્યો. સુષ્મા મેડમનો પગ અંધારામાં ઘાયલ પડેલા શરીર સાથે અથડાયો. મોબાઈલના અજવાળામાં તેણે ઘાયલનો ચહેરો જોયો. એ શંકરનો ચહેરો હતો. એમ્બ્યુલન્સ આવી. પોલીસ આવી. ઘાયલોને દવાખાને ખસેડાયા.

કડક પોલીસ જાપ્તા વચ્ચે શંકર અને અન્ય બે આતંકવાદીઓની સારવાર ચાલુ હતી. શંકરની હાલત ખૂબ જ નાજુક હતી. ખૂબ જ લોહી વહી ગયું હતું. સુષ્મા મેડમે પોતાના લોહીની ઑફર કરી. ડૉક્ટરને ખૂબ નવાઈ લાગી. આશ્ચર્યથી તેણે સુષ્મા સામે જોયું. સુષ્મા મેડમે ચહેરાના ભાવ છુપાવતા કહ્યું, આને જીવાડવો જરૂરી છે; જેથી અન્ય આતંકવાદીઓની માહિતી મેળવી, દેશને આતંકવાદથી મુક્ત કરી શકાય.

શંકરને પંદર દિવસે ભાન આવ્યું. હજી એ કાંઈ પણ કહેવા જેવો નહોતો. સુષ્મા મેડમ દરરોજ આવતા. ડૉક્ટરોને સૂચન કરતા. શંકર સાથે વાત કરવાની કોશિશ કરતા. પણ શંકર એની સાથે કંઈ ન બોલતો. શંકરનો મોબાઈલ પણ સુષ્મા મેડમે મેળવ્યો હતો. તેની માહિતી પરથી બીજી ઘણી ધરપકડ પણ કરવામાં આવી હતી.

હવે શંકર સ્વસ્થ હતો. સુષ્મા મેડમની દરરોજની હાજરી અને સુષ્મા મેડમે એના માટે કરેલા રક્તદાનથી શંકરનું મન કૂણું પડ્યું હતું. સુષ્મા મેડમે પરિવાર વિશે પૂછ્યું. શંકરે મૌન સાધ્યું. સુષ્મા મેડમે એના મોબાઈલમાંથી મેળવેલ ફોટા બતાવ્યા. શંકર ચૂપ રહ્યો. શાયદ આતંકવાદની ટ્રેનિંગે એના મોં પર તાળુ વાસી દીધું હતું. સુષ્મા મેડમને શંકર વિશે મેળવેલી માહિતીમાં શંકર પાકિસ્તાનના કબજામાં રહેલ કાશ્મીરનો રહેવાસી હતો. એના માતા-પિતા બોર્ડર પરથી આવેલી ગોળીથી વિંધાઈ મરણ પામ્યા હતા. ત્યારથી જેહાદ સાથે જોડાયો હતો.

એક અંધારી કાળ કોટડીમાં શંકર દિવસો પસાર કરતો હતો. એક દિવસ બપોરે એનું ભોજન આવ્યું. ભોજન કરી એજ થાળી વડે પોતાના કાંડાની નસ કાપી, રાડારાડ કરી મૂકી. શંકરને ફરજીયાત દવાખાને લઈ જવો પડ્યો. ફરજ પરના ડૉક્ટર નિકુલ એને ઓળખી ગયા. સુષ્મા મેડમને બોલાવી કહ્યું, 'આ માણસ તો બે વરસ પહેલા કાલકા ટ્રેનમાં થયેલા આતંકવાદી હુમલામાં ઘાયલ થયો ત્યારે મારી સારવાર હેઠળ હતો. એણે પોતાની યાદદાસ્ત ગુમાવી હતી. અજાણ્યા બે શખ્સો આવી, પોતાના સગા છે કહી લઈ ગયા હતા. સુષ્મા મેડમે વધુ તપાસ કરાવી. ગુપ્તચર ખાતામાંથી માહિતી આવી તે વધુ ચોંકાવનારી હતી. આતંકવાદીઓ શંકરને પોતાની સાથે લઈ ગયા હતા. કુટુંબીજનો કઈ રીતે મરણ પામ્યા, આખું ઘર કેમ બરબાદ થયાની ખોટી વિગતો જણાવી, ભારતીયો અને ભારત પ્રત્યે રોમેરોમમાં ઝેર ભરી નાખ્યું હતું. શંકરને શરીફ બનાવી બંદુક પકડાવી હતી. તે દી ને આજ ઘડી — તેણે કેટલાય લોકોના જીવ ખચકાટ વગર હરી લીધા હતા. ખૂંખાર ત્રાસવાદી બની ગયો હતો.

આજે પણ તેણે ભાગવાનો પ્લાન ઘડ્યો હતો. ગુપ્ત મેસેજ તેણે મોકલાવી દીધા હતા. સુષ્મા મેડમે તેના ડી.એન.એ. ટેસ્ટનો હુકમ કર્યો. માતા અને પોતાના લોહીના નમૂના પણ આપ્યા. અહીંથી શંકરને ખાસ અદાલતમાં લઇ જવાયો હતો. જ્યાં સુષ્મા મેડમના માતા અને દાદાજી પણ હાજર હતા.

અદાલતમાં પહોંચતા સુધીમાં તેણે પ્લાનને કઈ રીતે અમલમાં મૂકવો તે વિચારી લીધું. અદાલતમાં તેણે હાથ જોડી માફી માંગી અને આતંકવાદીઓ વિશે જણાવવાની તૈયારી બતાવી. વાતાવરણ થોડું હળવું થયું. તેણે પીવા માટે પાણી માંગ્યું. કાચના ગ્લાસમાંથી અડધું પાણી પી, એ જ ગ્લાસ તેણે ટ્યુબ લાઈટ પર ઘા કર્યો. શોર્ટ સર્કિટથી આગ લાગતા બધાએ નાસભાગ કરી મૂકી.

સુષ્મા મેડમે કહ્યું, મારા જીવની પરવા ન કરો. એના પર ગોળી ચલાવો. એક સુષ્મા મેડમ શહીદ થશે તો અનેક સુષ્મા મેડમ જન્મ લેશે. દેશ માટે મરી ફીટશે. પણ જો એક આતંકવાદી જીવશે તો આપણા દેશના અનેક નિર્દોષ નાગરિકોના જાન જોખમમાં આવી જશે. પણ બધાએ હથિયાર હેઠા મૂકી દીધા. સુષ્મા મેડમની માતા મીનળ દેવીએ જમીન પર પડેલ ગન ઉપાડી શંકરની સામે ધરી દીધી. ટ્રીગર પર આંગળી રાખી નિશાન લીધું અને બોલ્યા, જો તારી માં જીવતી હોત તો આજે એ પણ તને માફ ન કરત. અનેક નિર્દોષના જીવ લેતા તું નથી ખચકાયો. આતંકવાદના ભંયકર વિષચક્રે જગતની શાંતિ હણી લીધી છે. તું મારો પુત્ર હોત તો પણ આજે આ ગન તારો જીવ તો લઈ જ લેત. હું તો ભારતમાતાની પુત્રી છું. મારી પુત્રીને બચાવવા ભારતમાતાની ઈજ્જતને આંચ નહીં આવવા દઉં. વધુ કંઈ બોલે તેનાથી પહેલા શંકરે ગનમાંથી ગોળી છોડી, ને મીનળદેવીની કૂખ વિંધાઈ ગઈ. લોહીના ખાબોચિયામાં તેમનો દેહ તરફડિયા મારતો નિશ્ચેત થઈ ગયો.

મીનળ દેવીના મૃતદેહની ઔપચારિકતા પૂરી કરી, સુષ્મા મેડમ ઘેર લઈ આવ્યા. અંતિમ સંસ્કારની ઘડી આવી પહોંચી. માતાનો દેહ ખડકેલી ચિતા પર ગોઠવાયો. મંત્રોચ્ચાર સાથે સુષ્માએ મુખાગ્નિ આપી અને અગ્નિશિખાઓથી દેહ પણ ઘેરાઈ ગયો. સુષ્મા મેડમે દાદાજીના ખભે માથું ઢાળ્યું. દાદાજીએ એના માથા પર હાથ ફેરવ્યો. કહ્યું, સુષ્મા, મીનળદેવી શહીદ થયા છે. તારી માં પાછળ આંસુ ન સારજે.

સુષ્મા મેડમે દાદાજી પાસેથી કવર માગ્યું. દાદાજીએ કવર સુષ્માના હાથમાં મૂક્યું. સુષ્મા મેડમે ફાડીને કવરના ટુકડે ટુકડા કરી નાખ્યા અને ચિતા પર નાખ્યા. હા, એ કવર હતું શંકરના ડી.એન.એ. ટેસ્ટનો રીપોર્ટ. જે શંકર મીનળદેવીના મા-દીકરો હોવાની સાબિતી હતી. દાદાજીએ સુષ્માના ખભે હાથ મૂક્યો અને મનોમન બોલ્યા, 'સુષ્મા, ફક્ત આ કવરને તે નથી સળગાવ્યો પણ આતંકવાદના ઓછાયાને સમાપ્ત કરવા હવનકુંડમાં તેં ઘી હોમ્યું છે....'

## કોઈપણ કચ્છી મુસાફર માટે અમદાવાદમાં રહેવા - ઉતરવાની ઉત્તમ વ્યવસ્થા

### માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી અમદાવાદના હાર્દ સમાન વિસ્તારમાં એટલે કે એસ.ટી. બસ સ્ટેશન, ગીતા મંદિર જેવા વિસ્તારમાં એક સેવા ભવનની વ્યવસ્થા કરવામાં આવેલ છે કે જ્યાં કોઈ પણ કચ્છી પરિવાર તેનો લાભ લઈ શકે છે. અહીં ઉતરવા - રહેવા ઉપરાંત સવારના ભાગે ચા-પાણી-નાસ્તાની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ગીતા મંદિર બસ સ્ટેશનથી બિલકુલ ચાલીને જઈ શકાય તેટલા અંતરે આ સેવા ભવન આવેલ છે કે જ્યાં ડોરમેટરી, નોન એ.સી. રૂમ તથા એ.સી. રૂમ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. ડોરમેટરીનો ચાર્જ પ્રતિ વ્યક્તિ રૂા. ૧૦૦/-, નોન એ.સી. રૂમનો ચાર્જ રૂા. ૫૦૦/- તથા એ.સી. રૂમનો ચાર્જ રૂા. ૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. અહીં મોટી સગવડતા એ છે કે ચેક-આઉટ ટાઈમ ૨૪ કલાકનો રાખવામાં આવેલ હોવાથી, તે અહીં ઉતરનારને ખૂબ જ અનુકૂળ પડે છે. ધંધાર્થે અમદાવાદની મુલાકાત લેતા લોકો માટે તે એક ખૂબ જ વ્યાજબી અને ભરોસાપાત્ર સ્થળ તરીકે ઉપસી આવેલ છે. એકથી વધુ દિવસ માટે પણ અહીં ઉતરીને તેનો લાભ લઈ શકાય છે. ગીતા મંદિર એસ.ટી. બસથી અહીં પગે આવ-જા થઈ શકે છે જ્યારે અમદાવાદ રેલવે સ્ટેશનથી તે માત્ર દોઢ-બે કિ.મી.ના અંતરે આવેલ છે. તેથી રીક્ષાના નજીવા દરે રેલવે સ્ટેશનથી અહીં પહોંચી શકાય છે.

*અહીંનું સરનામું તથા ફોન નંબર નીચે મુજબ છે :*

**માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન**
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, ગીતા મંદિર એસ.ટી. બસ સ્ટેશનની સામે, રૂઘનાથપુરા, ગીતા મંદિર,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : (૦૭૯) ૨૫૪૬૧૨૭૦, ૨૫૪૬૬૦૧૯

અમદાવાદ પધારતા કોઈ પણ શાકાહારી કચ્છીને તેમના પરિવાર સહિત આ સેવા ભવનનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે તેવું શ્રી કચ્છી જૈન સેવા સમાજ- અમદાવાદની આ યાદીમાં જણાવવામાં આવેલ છે.


Mansukhbhai F. Parmar — Mo. 99244 08178
Tejas M. Parmar — Mo. 98252 36632
Mo. 87350 89976

# Maruti Transport Co.

**TRANSPORT CONTRACTORS & COMMISSION AGENT**

**Kutch, Gujarat, Rajasthan, Maharashtra & India**
**Full Load Truck Booking**

CHAR CHOWK, JUNAGADH HIGHWAY, KESHOD-362 220.
Ph. : (O) (02871) 237551, 237552, 237553

## રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી તેમજ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે વરૂણ બારમેડાને ગોલ્ડ મેડલ

તાજેતરમાં કચ્છ યુનિવર્સિટી ૮મા પદવીદાન સમારોહમાં કચ્છ યુનિવર્સિટી LL.B. માં પ્રથમ નંબર માટે ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી તેમજ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે વરૂણ બારમેડાને ભુજ મધ્યે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો.




મૂળ સોનાચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલ પરિવારમાં વરૂણ બારમેડાનો જન્મ ગામ ઘડાણી, તા. નખત્રાણા મધ્યે થયેલ. વરૂણ બારમેડા નાનપણથી જ જીજ્ઞાસુ, સતત નવું જાણતા રહેવું. તેમજ કલાત્મક સ્વભાવના છે. ધોરણ ૧ થી ૧૨નો અભ્યાસ નડિયાદ મધ્યે કરેલ. ત્યારબાદ કોલેજકાળ નખત્રાણા મધ્યે તેમજ LL.B. નો અભ્યાસ ભુજ મધ્યે કરેલ.

બાળપણથી જ અભ્યાસમાં ભારે શોખ તેમજ કલાત્મક ક્ષેત્રે, સુલેખન ક્ષેત્રે પણ એટલો જ ભારે શોખ. ચિત્રો દોરવા, સુલેખન સ્પર્ધાઓમાં ભાગ લેવો અને વિજેતા થવું. કોલેજકાળનો અભ્યાસ પૂર્ણ કરી કચ્છ યુનિ.માંથી ભુજ મધ્યે LL.B. નો અભ્યાસ ચાલુ કર્યો. સતત ત્રણ વર્ષ વકીલાતના અભ્યાસમાં સાથે જ રાજકીય ડિબેટમાં કચ્છ જીલ્લાનાં ૪૫૦ વકીલ વિદ્યાર્થીઓમાંથી ટોપ ઉપર રહી તેમને ૮મા પદવીદાન સમારોહમાં ગુજરાત રાજ્યનાં રાજ્યપાલ તેમજ શિક્ષણમંત્રીનાં હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો.

નાની ઉંમરથી જ પિતા કાંતિલાલ વિશનજી બારમેડા તેમજ માતા કલ્પનાબેન બારમેડા તરફથી વિનમ્ર, નિખાલસ, નીડર સંસ્કારોનાં સિંચનથી વરૂણ બારમેડાનું ઘડતર થયું અને પિતા દ્વારા મળેલ વારસાગત સ્વભાવ તેમજ 'સમાજ માટે કાંઈક કરી છૂટવાની ભાવના.' આ લક્ષ્યને વળગી તરૂણ બારમેડાએ વકીલાત ક્ષેત્રે ઝંપલાવવાનું નક્કી કર્યું અને ઉત્તમ - ઉમદા સિધ્ધિ હાંસલ કરી.

પિતા તરફથી મળેલ એક જ ગુરુમંત્ર "સિંહનું બચ્ચું નાનું હોય ત્યારથી જ સિંહ હોય છે. સિંહબાળ એમ નથી કહેતું કે હું મોટો થઈને શિકાર કરીશ." કહેવાનો મતલબ, તમારી ઉંમર જેટલી છે, તમે જેટલા છો ત્યારથી જ તમારી પ્રતિભા બતાવી દો. એના માટે મોટા થઈને કાંઈક કરીશું તેમાં નાહકતા ભરેલી છે. વરૂણ બારમેડાને સોની સમાજમાં નિબંધ સ્પર્ધામાં ભાગ લઈને વિજેતા થઈ મહિલા મંડળ દ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

વરૂણ બારમેડાને સામાજીક ક્ષેત્રે આગળ લાવવામાં નખત્રાણા મહિલા મંડળનો મોટો ફાળો રહ્યો છે. છેલ્લા ઘણા વર્ષોથી વરૂણ બારમેડા નખત્રાણા સોની સમાજમાં એન્કરની ભૂમિકા ભજવી રહ્યા છે. વર્તમાનમાં મહામંડળના મહિલા મંડળ આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભુજ મધ્યે પણ તેઓએ એન્કરીંગ કરેલું. હાલમાં વરૂણ બારમેડા વકીલાત ક્ષેત્રે ક્રિમિનલ પ્રેક્ટિસની સાથે સોનાચાંદીનો વ્યવસાય પણ સંભાળે છે. વરૂણનું ધ્યેય છે કે, સમાજની કોઈ પણ વ્યક્તિ કાયદાકીય ગુંચમાં ફસાયેલ હોય તો તેઓને નિર્ભય રીતે તે ગુંચમાંથી બહાર કાઢવા. સાથે સાથે વરૂણ બારમેડા નખત્રાણા સોની જ્ઞાતિ યુવક મંડળમાં સહમંત્રી છે. પશ્ચિમ કચ્છ યુવક મંડળના સંગઠન મંત્રી છે. અખંડ રાષ્ટ્ર નિર્માણ કચ્છ જીલ્લા યુવા મોરચાના પ્રમુખ છે, કચ્છ જીલ્લા નરેન્દ્ર મોદી વિચારમંચના તેઓ પ્રવક્તા છે, ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા નખત્રાણા તાલુકાના આઈ.ટી. સેલના તેઓ સભ્ય છે. સામાજીક જીવનની સાથે સાથે તેઓ રાજકારણમાં પણ એટલા જ સક્રિય છે.


**હેતલ પોમલ**

## કરો સાફ

*ભ્રષ્ટાચારી ટેબલ પરથી બધું જ કરો સાફ*
*ગુંદરીયા મેવા ખારના સરને કરો સાફ*
*ખાટસુરીયા વેપારીને પ્રથમ કરો સાફ*
*ટેબલ પરથી લાગવગીયાની ફાઈલો કરો સાફ*
*લાલચથી ભરેલ પ્યાલાને કરો સાફ*
*ખુશામતીયા, મીઠાં બોલ ચમચાંને કરો સાફ*
*તારી મારી કરનારા પંચાતિયાને કરો સાફ*
*ભલામણીયા ચિઠ્ઠીઓ કદી ન કરવી માફ*
*શાંતિથી ઓડકાર ખાનાર ટેબલ ક્લોથને કરો સાફ*
*ઝાડું મારી, ઝાપટ લગાવી ટેબલ કરો સાફ*
*આખે આખું ટેબલ કરી શકશો સાફ?*

***પુષ્પાબેન વૈદ્ય 'અમી'***
***સૌજન્ય : "કાવ્યસંગ્રહ ત્રિદલ"***


## અભિનંદન



**કુ. વિશાખા નીતિનભાઈ સોની**

વિથોણ નિવાસી નીતિનભાઈ સોનીની દીકરી. ૧૭ વર્ષથી નીચેની વયજુથમાં બહેનોના ખેલ મહાકુંભ અંતર્ગત રોલર સ્કેટીંગ રમતમાં ભુજ જીલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ. ૫૦૦ મીટર તથા ૧૦૦૦ મીટર ક્વાર્ડ ઈવેન્ટમાં તૃતીય સ્થાન મેળવેલ છે. તે બદલ અભિનંદન. ઉપરાંત ૧૭ વર્ષની વયજુથમાં ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલ એથ્લેટીક્સ રમતમાં નખત્રાણા તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ અને બરછી ફેંક ઈવેન્ટમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે તે બદલ અભિનંદન.

★ આદિપુરની **હની કોટડિયા**ને ચાર્લી સર્કલ ફાઉન્ડેશન તરફથી ચાર્લી ચેપ્લીન બર્થ ડે સેલિબ્રેશનમાં યોજવામાં આવેલ શીઘ્ર સ્પર્ધામાં પાર્ટીસીપન્ટ થવા બદલ અભિનંદન.



ભુજના **પૂર્વલ પંચમભાઈ બુધ્ધભટ્ટી**ને ચાર્લી સર્કલ ફાઉન્ડેશન તરફથી ચાર્લી ચેપ્લીન બર્થ ડે સેલીબ્રેશનમાં યોજવામાં આવેલ ચિત્ર સ્પર્ધામાં પાર્ટીસીપન્ટ થઈ વિજેતા થવા બદલ અભિનંદન.



ભુજના પંચમભાઈ બુધ્ધભટ્ટીની પુત્રી **ચિ. કૃતિકા** ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે એસોસિએશન કચ્છ બ્રાંચમાં વર્ષ ૨૦૧૮-૧૯માં પાર્ટીસીપન્ટ થઈને તૃતીય ક્રમાંકમાં વિજયી થવા બદલ અભિનંદન.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : વિદ્યાર્થી દત્તક યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા કચ્છી પરિવારો માટે પ્રવર્તમાન વિવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં ગત વર્ષની માફક ચાલુ વર્ષ દરમિયાન પણ વિદ્યાર્થી દત્તક યોજના જારી રાખવામાં આવેલ છે કે જેનો લાભ લેવા જરૂરિયાતવાળા પરિવારોને અપીલ કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત ધોરણ-૧૦, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ – એમ ત્રણ વર્ષ સુધી યોજનાની સમિતિ દ્વારા પસંદગી પામેલ વિદ્યાર્થીને દર વર્ષે રૂા. ૨૧,૦૦૦/-ની છાત્રવૃત્તિ આપવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષે ધોરણ ૯ પૂર્ણ કરી, ધોરણ ૧૦માં પ્રવેશ લેતા હોય તેવા વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ જ આ માટે અરજી કરી શકશે. જેમ જેમ દાતાઓનો પ્રતિસાદ વધતો જશે તેમ તેમ આ યોજનાને વ્યાપક સ્વરૂપ આપવામાં આવશે.

આ યોજનામાં મર્યાદિત વિદ્યાર્થીઓની પસંદગી કરવાની હોવાથી, કુટુંબની એક જ કમાનાર વ્યક્તિ અકાળે મૃત્યુ પામેલ હોય કે કોઈ આકસ્મિક બીમારીનો ભોગ બની હોય તેવા પરિવારોના વિદ્યાર્થીને અગ્રતા આપવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા આપે નીચેમાંથી કોઈ એક વ્યક્તિનો તેમના મોબાઈલ નંબર પર સંપર્ક સાધવાનો રહેશે.

*અશોક મહેતા : ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦*

*હિમાંશુ ઠક્કર : ૯૮૭૯૩ ૦૧૦૦૪*

ફોન પર જરૂરી વિગતો મેળવ્યા બાદ અથવા આવેલ અરજીની વિગત જાણ્યા બાદ જો તે યોગ્ય જણાશે તો જે તે વ્યક્તિને આ યોજનાનું ફોર્મ મોકલી આપવામાં આવશે. આપે આ ફોર્મ સારા અક્ષરે ભરી, ફોર્મમાં જણાવ્યા પ્રમાણેના કાગળો તેની સાથે જોડી, તા. ૧૫ જૂન, ૨૦૧૯ સુધીમાં આ ફોર્મ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલય પર મોકલી આપવાના રહેશે.

પસંદગી પામેલ લાભાન્વિત વિદ્યાર્થીને ત્યારબાદ આ રકમ ચેક દ્વારા મોકલી આપવામાં આવશે.

***ગત વર્ષ દરમિયાન આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થી ચાલુ વર્ષ દરમિયાન ધોરણ-૧૧માં પ્રવેશ પામે ત્યારે તેણે પણ પોતાની બધી વિગતો તા. ૧૫ જૂન, ૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલય પર મોકલી આપવાની રહેશે. ત્યારબાદ તેઓના ચેક લખવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે.***

*વિશેષ વિગત માટે સંપર્ક : અતુલ સોની (૯૭૨૫૦ ૩૮૧૪૦), મનુભાઈ કોટડિયા (૯૬૦૧૨ ૭૫૦૭૮)*

**GROUP**
**of**
**COMPANIES**

**HARILAL LAKHAMSHI JEWELLERS PVT. LTD.**

**CROISSANCE TRADING PVT. LTD.**

**SHREE ARBUDA INFRASTRUCTURE DEVELOPMENT PVT. LTD.**

**HARILAL LAKHAMSHI INDUSTRIES PVT. LTD.**

Regd. Office
Haribhai Soni Building, L. B. Shastri Road,
Anjar (kachchh) 370 110 Gujarat – India.
Telefax: - +91 2836 242481, 243481 | Cellular:+91 987 953 0854, 2, 3

Corp. Office
426-C, Supermall, Nr. Lal Bungalow, C. G. Road,
Ahmedabad – 380 009 Gujarat – India
Telefax: +91 79 30024481, 79 2642 6292

Email: cmd@hljewellers.com, infohljpl@gmail.com
Website: www.hlgroucompanies.com, www.hljewellers.com

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021. Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00